૨૦૪ વર્ષ

દૈનિક

સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 177 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 July 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

સોમવાર, ૨૮ જુલાઈ ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમદાવાદ જળબંબોળ: બનાસકાંઠામાં અનરાધાર

## નડિયાદ, મહેમદાવાદ તરબોળ: ગુજરાતના ૧૭૭ તાલુકામાં મેઘમહેર, દસક્રોઈમાં ૧૦.૧૨ ઈંચ વરસાદ

**રવિવારે સવારથી સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૭૭ તાલુકામાં વરસાદ ખાબક્યો હતો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રવિવાર સવારથી જ મેઘરાજા ધડબડાટી બોલાવી હતી. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા સહિત અમદાવાદમાં પણ ભારે વરસાદને કારણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. રવિવારે સવારથી સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૭૭ તાલુકામાં વરસાદ ખાબક્યો હતો. જેમાં અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં સૌથી વધુ ૧૦.૧૨ ઇંચ વરસાદ નોંધાયો હતો. અમદાવાદ જળબંબોળ થઇ ગયું હતું.બનાસકાંઠાના વડગામમાં આભ ફાટ્યું હતું. ૭ કલાકમાં ૯ ઇંચ વરસાદથી જનજીવન અસ્ત-વ્યસ્ત થયું હતું. ધોધમાર વરસાદથી પાલનપુર-છાપી હાઈવે પર ગાડીઓ ડૂબવા લાગી હતી. તેમજ મહેસાણાના સતલાસણામાં ટ્રેક્ટર તણાયું હતું.

આ ઉપરાંત જે તાલુકાઓમા વધુ વરસાદ ખાબક્યો હતો તેના આંકડા જોઈએ તો, નડિયાદમાં ૮.૭૪ ઇંચ, મહેમદાવાદમાં ૮.૫, માતરમાં ૭.૧૭, મહુધામાં ૫.૭૯, વસોમાં

(જુઓ પાનું ૨) ▸▸

### ભૂપેન્દ્ર પટેલે કલેક્ટરો સાથે વાતચીત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં પડી રહેલા વ્યાપક વરસાદની પરિસ્થિતિની માહિતી મેળવવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સ્ટેટ ઇમરજન્સી કંટ્રોલરૂમની મુલાકાતે પહોંચ્યા હતા. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગર, પાટણ, અરવલ્લી, અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને ખેડાના જિલ્લા કલેક્ટરો સાથે ટેલીફોનિક વાતચીત કરીને

(જુઓ પાનું ૨) ▸▸

### ખેડાના ૧૦ ગામ સંપર્કવિહોણા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના રાજપુર સિહોરા ગામ પાસે વાત્રક નદીમાં પાણીનું સ્તર વધી જતા ગરનાળામાં પાણી ફરી વળતા માર્ગ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પાણી ભરાઈ જતાં હાલ રસ્તો સંપૂર્ણ બંધ થઇ જતા ૧૦ ગામો સંપર્કવિહોણા બન્યા છે

વાત્રક નદીમાં પાણીનું સ્તર વધી જતા

(જુઓ પાનું ૨) ▸▸

### પંચમહાલમાં પાનમ ડેમ ઓવરફ્લો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ફરી એક વખત ધોધમાર વરસાદ ખાબકતા જનજીવન ખોરવાયું હતું. પંચમહાલ જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે શહેરા તાલુકાના પાનમ ડેમના બે દરવાજા ૪ ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા. જેથી ૧૦,૧૬૧ ક્યુસેક પાણી પાનમ નદીમાં છોડવામાં આવ્યું હતું. હાલ ડેમમાં

(જુઓ પાનું ૨) ▸▸



**પૂજા:** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તમિળનાડુના અરિયાલૂર જિલ્લાના ગંગાઈકોન્ડા ચોલાપુરમ ખાતે મંદિરમાં પૂજા કરી હતી.

## ''ૐ નમ: શિવાય સાંભળી અનોખી અનુભૂતિ થાય છે''

ચેન્નઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ૐ નમ: શિવાય સાંભળીને મને અનોખી અનુભૂતિ થાય છે.

ચોલ સામ્રાજ્યના મહાન શાસક રાજેન્દ્ર ચોલ પ્રથમની જન્મજયંતીના અવસર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તમિલનાડુના અરિયાલુર જિલ્લામાં આવેલા ગંગૈકોંડા ચોલપુરમ મંદિરની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ચોલ વંશના સમૃદ્ધ વારસાને શ્રદ્ધાંજલિ આપી હતી. ચોલ સામ્રાજ્ય દક્ષિણપૂર્વ એશિયા સુધી વિસ્તરેલું હતું. આ પ્રસંગે મહાન ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલ પ્રથમની જન્મજયંતી નિમિત્તે આયોજિત કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું હતું કે, જ્યારે હું ' ૐ નમ: શિવાય' સાંભળું છું, ત્યારે મારા રૂવાડા ઊભા થઈ જાય છે.' પીએમ મોદીએ ૧૧મી સદીમાં રાજેન્દ્ર ચોલ દ્વારા બનાવવામાં આવેલા શિવ મંદિરમાં પૂજા કરી (જુઓ પાનું ૨) ▸▸

## આતંકવાદીઓ માટે કોઈ જગ્યા સુરક્ષિત નહીં રાખીએ : મોદી

ગંગાઈકોંડા ચોલપુરમ (તમિલનાડુ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે ભારત આતંકવાદીઓ માટે કોઈ જગ્યા સુરક્ષિત નહીં રાખે. ઓપરેશન સિંદૂરએ દુનિયાને બતાવ્યું કે જો સાર્વભૌમત્વ પર હુમલો કરવામાં આવ્યો તો ભારત કેવી રીતે જવાબ આપશે અને સરહદ પર સૈન્યના હુમલાએ આખા દેશમાં એક નવો આત્મવિશ્વાસ જગાવ્યો છે. જ્યારે હું હેલિપેડ પરથી અહીં આવ્યો ત્યારે ૩-૪ કિમીનું અંતર અચાનક રોડ શોમાં ફેરવાઈ ગયું અને દરેક વ્યક્તિ ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી રહ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ''ઓપરેશન સિંદૂર એ સમગ્ર દેશમાં એક નવી જાગૃતિ, એક નવો આત્મવિશ્વાસ પેદા કર્યો છે. દુનિયાએ ભારતની તાકાતનો અહેસાસ કરાવવો પડશે.''

વધુમાં વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે સમ્રાટ રાજા ચોલ અને તેમના પુત્ર રાજેન્દ્ર ચોલ પ્રથમના નામે ભારતની ઓળખ અને ગૌરવના પર્યાય છે. તેમણે જાહેરાત કરી હતી કે તમિલનાડુમાં તેમની ભવ્ય પ્રતિમાઓ બનાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે આ પ્રતિમાઓ ''આપણા ઐતિહાસિક જાગૃતિના આધુનિક સ્તંભો'' હશે.

તે સિવાય વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે અનેક લોકો લોકશાહી પર ટિપ્પણી કરતી વખતે બ્રિટનના મેગ્ના કાર્ટા વિશે વાત કરે છે. જોકે, ચોલ યુગની 'કુડાવોલાઈ સિસ્ટમ' તેનાથી પહેલાની છે. ચોલ કાળ દરમિયાન અપનાવવામાં આવતી પ્રણાલી ૧,૦૦૦ વર્ષથી વધુ જૂની છે. અગાઉ વડા પ્રધાન (જુઓ પાનું ૨) ▸▸

## ચેસ વર્લ્ડ કપમાં હમ્પી-દિવ્યા ફરી બરાબરીમાં

### આજે ટાઈબ્રેકરમાં ફેંસલો

બૅટમી (જ્યોર્જિયા): મહિલાઓના ફિડે ચેસ વર્લ્ડ કપની ફાઇનલમાં રવિવારના બીજા દિવસે કૉનેરુ હમ્પી અને દિવ્યા દેશમુખ વચ્ચેની બીજી ગેમ પણ ડ્રૉમાં પરિણમતાં તેમનો મુકાબલો ટાઇ-બ્રેકરમાં ગયો છે. ટાઇ-બ્રેકર સોમવારે રમાશે અને એમાં ભારતની પ્રથમ ચેસ વર્લ્ડ ચૅમ્પિયન નક્કી થશે. દિવ્યા દેશમુખે રવિવારે પોતાનાથી રૅન્કિંગમાં ઘણી ચડિયાતી કૉનેરુ હમ્પી પર માનસિક દબાણ લાવવા કોઈ મોકો નહોતો છોડ્યો. ટાઇ-બ્રેકરમાં ૧૫-૧૫ મિનિટની બે ગેમ રમાશે જેમાં પ્રત્યેક ચાલ બાદ ૧૦ સેકન્ડનો વધારાનો સમય અપાશે. હમ્પી આ પ્રકારની રૅપિડ ચેસમાં વિશ્વવિજેતા છે. તેમની વચ્ચેનો સ્કોર ફરી સમાન રહેશે તો ૧૦ મિનિટની વધુ એક ગેમ રમાશે જેમાં ૧૦ સેકન્ડનો વધુ સમય દરેક ચાલ પછી મળશે અને એમ છતાં સ્કોર સમાન હશે તો પાંચ-પાંચ મિનિટની (ત્રણ-ત્રણ સેકન્ડના વધારાના સમય સાથેની) વધુ બે ગેમ રમાશે અને છેવટે ત્રણ મિનિટની ગેમ પણ રમાશે. ■

## ટેસ્ટ ડ્રૉ: ભારતે આબરૂ સાચવી

### ગિલ પછી જાડેજા-વૉશિંગ્ટનની પણ યાદગાર સેન્ચુરી

મૅન્ચેસ્ટર: અહીં ઑલ્ડ ટ્રેફર્ડના ઇતિહાસમાં ભારતીયો ઇંગ્લૅન્ડ સામે અગાઉ ક્યારેય ટેસ્ટ નહોતા જીત્યા અને ગઈ કાલે પણ ન જીતી શક્યા, પરંતુ શુભમન ગિલના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયાના બૅટ્સમેનોએ જે અસરદાર લડત બતાવી અને ચોથી ટેસ્ટ ડ્રૉ કરાવી એ ભારત માટે એક રીતે વિજય જ કહેવાય, કારણકે ૩૧૧ રનની સરસાઈ લીધા પછી પણ બ્રિટિશરો ભારતને બાકીના દોઢ દિવસમાં હરાવી ન શક્યા. ઊલટાનું, ભારતીય ટીમે સેકન્ડ ઇનિંગ્સમાં લીડ ઊતર્યા બાદ બીજા ૧૧૪ રન બનાવીને દેશની આબરૂ સાચવી હતી. જબરદસ્ત ફાઇટિંગ સ્પિરિટવાળા રવીન્દ્ર જાડેજા (૧૦૭ અણનમ, ૧૮૫ બૉલ, ૨૧૮ મિનિટ, એક સિક્સર, તેર ફોર) તેમ જ વૉશિંગ્ટન સુંદર (૧૦૧ નૉટઆઉટ, ૨૦૬ બૉલ, ૨૯૮ મિનિટ, એક સિક્સર, નવ ફોર)ની જોડીએ ૩૩૪ બૉલમાં ૨૦૩ રનની અતૂટ ભાગીદારી કરીને બ્રિટિશરોને વિજયથી વંચિત રાખ્યા હતા. ડ્રૉ વખતે ભારતનો બીજા દાવનો સ્કોર ૪/૪૨૫ હતો. એ પહેલાં, કૅપ્ટન શુભમન ગિલે (૧૦૩ રન, ૨૩૮ બૉલ, ૩૭૯ મિનિટ, બાર ફોર) ડ્રૉ માટેનો પાયો નાખ્યો હતો. તેની અને કે. એલ. રાહુલ (૯૦ રન, ૨૩૦ બૉલ, ૩૦૦ મિનિટ, આઠ ફોર) વચ્ચે ૧૮૮ની ભાગીદારી થઈ હતી.■

## બચત પરનો વ્યાજદર ઐતિહાસિક નીચલી સપાટીએ

મુંબઈ: જાહેરક્ષેત્રની અમુક બૅંકોનો બચત પરનો વ્યાજદર ઐતિહાસિક નીચલી સપાટીએ પહોંચ્યો હોવાનું આરબીઆઈ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૧માં આરબીઆઈએ બચત પરનો વ્યાજદર ડિરેગ્યુલેટ કર્યો હતો અને બૅંકોને વ્યાજદર જાતે જ નક્કી કરવાની પરવાનગી આપી હતી.

જોકે ત્યાર બાદ અમુક બૅંકોનો બચત પરનો વ્યાજદર ઐતિહાસિક નીચલી સપાટીએ પહોંચ્યો હોવાનું આરબીઆઈ કહ્યું હતું.

વર્તમાનમાં જાહેર અને ખાનગી ક્ષેત્રની અમુક બૅંકોમાં ડોમેસ્ટિક ટર્મ ડિપોઝિટ અને નવી ડિપોઝિટ પરના વ્યાજદરમાં મહત્ત્વનો ઘટાડો થયેલો જોવા મળી રહ્યો છે.

સપ્ટેમ્બરના ચાલુ ત્રિમાસિક દરમિયાન સરકારે નાની બચત યોજના પરનો વ્યાજદર યથાવત રાખ્યો હતો.

(એજન્સી)

## હરિદ્વારના મંદિરમાં ભાગદોડ: આઠનાં મોત

હરિદ્વાર: હરિદ્વારમાં મનસા દેવી મંદિરમાં ભાગદોડમાં અત્યાર સુધી આઠ લોકોનાં મોત થયા છે. તેમજ ૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે. આ ભાગદોડનો એક વીડિયો પ્રકાશમાં આવ્યો છે. જેમાં લોકો એક જગ્યાએ ફસાયેલા છે અને લોકો બૂમો પાડી રહ્યા છે તેમ જ ભીડમાં લોકોના શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. ઉત્તરાખંડના તીર્થસ્થાન હરિદ્વારના મનસા દેવી મંદિરમાં હરિયાળી ત્રીજ નિમિત્તે એકઠી થયેલી ભીડમાં નાસભાગ થઈ હતી. અહેવાલ મુજબ આ

(જુઓ પાનું ૨) ▸▸





**ભારે વરસાદ:** અમદાવાદમાં રવિવારે ભારે વરસાદને કારણે ઠેર ઠેર રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરાયેલા રસ્તા પરથી પસાર થઈ રહેલા લોકો અને ફસાયેલા વાહનોને ધક્કો મારીને લઈ જઈ રહેલા વાહનચાલકો. (એજન્સી)

## બિહારમાં ૩૬ લાખ મતદાતા 'લાપતા'

### અન્ય સાત લાખની અનેક સ્થળે નોંધણી

પટણા: બિહારમાં મતદારયાદીમાં સુધારાની ચાલી રહેલી પ્રક્રિયા દરમિયાન ૩૬ લાખ મતદાતા 'લાપતા' હોવાનું તેમ જ અન્ય સાત લાખ મતદારની એક કરતાં વધુ સ્થળે નોંધણી થઈ હોવાનું ચૂંટણી પંચે જણાવ્યું હતું.

આ ૩૬ લાખ મતદાર કાયમ માટે અન્ય જગ્યાએ સ્થળાંતર કરી ગયા છે કે પછી શોધી ન શકાયા હોવાનું ચૂંટણી

(જુઓ પાનું ૨) ▸▸

## અમરેલીના વડીયાના ઢૂંઢિયાપીપળીયા ગામમાં વૃદ્ધ દંપતીની હત્યાનો ભેદ ૧૦ દિવસમાં ઉકેલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના વડીયાના ઢૂંઢિયાપીપળીયા ગામમાં ૧૭ જુલાઈ, ૨૦૨૫ની રાતે ચકુભાઈ રાખોલીયા અને તેમની પત્ની કુંવરબેનની હત્યા અને રૂ. ૨ લાખની લૂંટના કિસ્સાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી હતી. જો કે પોલીસે ૧૦ દિવસમાં કેસનો ભેદ ઉકેલ્યો હતો. આ સાથે જ ચાર આરોપીને પકડી પાડ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડીયાના ઢૂંઢિયાપીપળીયા ગામમાં ૧૭ જુલાઈના રાત્રિના ચકુભાઈ રાખોલીયાના રહેણાક મકાનમાં કોઈ અજાણ્યા ચોર ઈસમો ગેરકાયદેસર મકાનમાં પ્રવેશ કરી ચકુભાઈ તથા તેના પત્ની કુંવરબેન બંને ખાટલા પર સૂતા હતા તે દરમિયાન અજાણ્યા ચોર ઈસમોએ તીક્ષ્ણ હથિયાર વડે માથાના ભાગે ગંભીર ઇજાઓ કરી બંનેની હત્યા કરી હતી. રહેણાક મકાનમાં રૂ.૨ લાખની લૂંટ કરી આ ઈસમો નાસી ગયા હતા, જેનો વડીયા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો હતો. આ ઘટના બાદ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા.

રાત્રિના સમયે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરિયા સહિત આગેવાનો દોડ્યા હતા, સવારે લાશ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. આ ઘટનામાં પોલીસે સમજાવટ અને આરોપીઓને પકડવા માટેની ખાતરી આપવામાં આવી હતી ત્યારબાદ જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા અલગ અલગ ૫૦ જેટલી ટીમો બનાવી, અલગ અલગ પોલીસ અધિકારીઓ દ્વારા હત્યાકાંડ ડિટેક્ટ કરવા માટે કવાયત હાથ ધરી હતી.આ ઘટનાને પગલે ગામમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા અને મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. ■

## વડોદરાના સાવલીમાં ડામરના ટેન્કરમાં આગ, ૩ લોકોના મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ભાદરવા-સાકરદા રોડ પર આવેલા મોક્સી ગામ પાસેની રીતુ એન્ટરપ્રાઇઝ નામની ડામર કંપનીમાં આગ લાગતા ત્રણ ઇસમોનાં મોત નીપજ્યાં હતાં. ટેન્કરમાં ડામર જામ થઈ જતા ટેન્કરને ગરમ કરીને બહાર કાઢતી વેળાએ ટેન્કરનું ઢાંકણું ખોલવાનું રહી જતાં ગેસના પ્રેશરથી ટેન્કર ફાટતા ચાલક, ક્લીનર અને મજૂર સહિત ત્રણના કરુણ મોત નીપજ્યા હતા.

રીતુ એન્ટરપ્રાઇઝ કંપનીમાં ડામર લાવીને બેરલમાં ભરવાનું કામ ચાલી રહ્યું હતું. આ દરમિયાન, એક ટેન્કરમાં ડામર જામ થઈ ગયો હતો. જામ થયેલા ડામરને બહાર કાઢવા માટે ટેન્કરને ગરમ કરવામાં આવી રહ્યું હતું. આ પ્રક્રિયા દરમિયાન, ટેન્કરનું ઢાંકણું ખોલવાનું રહી જતાં અંદર ગેસનું પ્રેશર વધી ગયું અને ટેન્કર ભયાનક રીતે ફાટ્યું હતું. આ વિસ્ફોટમાં ટેન્કરનો ચાલક, ક્લીનર અને ત્યાં હાજર એક મજૂર સહિત ત્રણ વ્યક્તિઓએ ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો. ત્રણેયના મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે વડોદરાની સયાજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ભાદરવા પોલીસના જણાવ્યા મુજબ, રવિવારે સાંજે મોક્સી ગામ પાસે આવેલી રીતુ એન્ટરપ્રાઇઝ નામની ડામરની કંપનીમાં ડામર ખાલી કરવા માટે આવેલી ટેન્કરમાં બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ થતાં જ આગ ફાટી નીકળી હતી. ટેન્કરમાં ડામર જામ થઈ જતા ટેન્કરને ગરમ કરીને બહાર કાઢતી સમયે ટેન્કરનું ઢાંકણું ખોલવાનું રહી જતા ગેસના પ્રેશરથી ટેન્કર ફાટતા ટેન્કર ચાલક, ક્લીનર અને મજૂર સહિત ત્રણના કરુણ મોત નીપજ્યા હતા. મૃતક પૈકી એક રાજસ્થાન અને બે ઉત્તર પ્રદેશના છે.■

## હિમાચલમાં વરસાદનો કેર: પૂર-ભૂસ્ખલનથી તબાહી

### ચાર જિલ્લામાં એલર્ટ જારી

શિમલા: હાલમાં હિમાચલ પ્રદેશમાં કુદરતનો પ્રકોપ ચાલુ છે. શનિવારે કુલ્લુ જિલ્લાના સૈંજ ખીણના દુરીધાર ગામમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું હતું. જેના કારણે ૧૧ ઘરો ખાલી કરાવવાની ફરજ પડી હતી. લગભગ ૨૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. કુલ્લુના ડેપ્યુટી કમિશ્નર તારુલ એસ. રવીશે જણાવ્યું કે તમામ અસરગ્રસ્તોને જાહેર બાંધકામ વિભાગના વિશ્રામ ગૃહમાં બનેલા ટ્રાન્ઝિટ કેમ્પમાં ખસેડવામાં આવ્યા છે. અમારી પ્રાથમિકતા લોકોના જીવ બચાવવાની હતી. ટૂંક સમયમાં વિસ્તારનું ટેક્નિકલ મૂલ્યાંકન કરવામાં આવશે. સૈંજ પંચાયતના પ્રધાન ભગતરામ આઝાદના જણાવ્યા અનુસાર ગામની પાછળની ટેકરીનો ભાગ સરકવા લાગ્યો હતો અને સતત પથ્થરો પડી રહ્યા હતા. જેથી લોકોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. વહીવટીતંત્રે સમયસર કાર્યવાહી કરી અને તમામને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. આ દરમિયાન હિમાચલ પ્રદેશમાં સતત વરસી રહેલા વરસાદને કારણે બે રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૨૧૩ રસ્તાઓ પર વાહનવ્યવહાર ઠપ્પ થઇ ગયો છે. એકલા મંડી જિલ્લામાં ૧૪૦ રસ્તા બંધ છે. જેમાં મનાલી-કોટાલી રોડ મુખ્ય છે. સૈંજને ઓટ સાથે જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ(૩૦૫) પણ ભૂસ્ખલનને કારણે કેખસુ અને ઝેડ ખાતે બંધ છે. સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર રાજ્યભરમાં વરસાદથી ૩૧ ઇલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર અને ૧૪૧ પાણી-પુરવઠા યોજનાઓ પ્રભાવિત થઇ છે. ■

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# માલદીવ્સના હૃદયપરિવર્તનનો યશ મોદીને જાય છે

**હિંદ** મહાસાગરમાં આવેલા ટચૂકડા ટાપુઓના બનેલો દેશ માલદીવ્સ ફરી ચર્ચામાં છે. એક સમયે હળાહળ ભારત વિરોધી વલણ અપનાવીને ચીનના ખોળામાં બેસી જનારા માલદીવ્સનું ફરી હૃદયપરિવર્તન થયું છે અને હવે ભારતનાં ગુણગાન ગાવા માંડ્યું છે. હમણાં આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી માલદીવ્સના પ્રવાસે ગયા ત્યારે માલદીવ્સના શાસકોએ મોદીના પગમાં જ આળોટવાનું બાકી રાખ્યું.

માલદીવ્સના પ્રમુખ મોહમ્મદ મૂઈજ્જુથી માંડીને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદ સુધીના નેતાઓએ મોદી અને ભારતની તારીફમાં કસિદા પઢવામાં કોઈ કસર ના છોડી. ભારત જ માલદીવ્સનું સાચું દોસ્ત છે ત્યાંથી માંડીને માલદીવ્સને ભારત સાથે મજબૂત સંબંધો રાખવામાં રસ છે ત્યાં સુધીનાં નિવેદનો દ્વારા માલદીવ્સના નેતાઓએ પોતે ચીનને છોડીને ભારત તરફ પાછા વળવા માગે છે તેનો સ્પષ્ટ સંકેત આપી દીધો.

માલદીવ્સનું બદલાયેલું વલણ ભારતની વિદેશી નીતિની મોટી જીત છે તેમાં શંકા નથી. તેનું કારણ એ કે, માલદીવ્સ ભલે સાવ ટચૂકડો દેશ હોય પણ ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વનો દેશ છે. માલદીવ્સમાં ભારતતરફી શાસકો આવે તો ભારતની સુરક્ષાને ઉની આંચ ના આવે એ હદે માલદીવ્સ ભારત માટે મહત્ત્વનું છે.

માલદીવ્સની વસતી માંડ સવા પાંચ લાખની આસપાસ છે. માલદીવ્સ સાવ જ ઓછી વસતી ધરાવતો દેશ હોવાથી ત્યાં કોઈ માર્કેટ જ નથી તેથી માલદીવ્સને માલ વેચીને કે સારા આર્થિક સંબંધો રાખીને ભારતે કશું કમાવાનું નથી, પણ હિંદ મહાસાગરમાં માલદીવ્સનું ભૌગોલિક સ્થાન ભારત માટે બહુ મહત્ત્વનું છે. ભારતની દક્ષિણમાં શ્રીલંકાની ડાબી તરફમા આવેલા માલદીવ્સના ટાપુ હિંદ મહાસાગરમાં કોનું વર્ચસ્વ રહેશે એ નક્કી કરે છે.

ભારતના વરસો સુધી માલદીવ્સ સાથે સારા સંબધો હતા તેથી હિંદ મહાસાગરમાં ભારત સુરક્ષિત હતું પણ છેલ્લાં કેટલાંક વરસોમાં સ્થિતિ બદલાઈ છે. ચીન ભૂતકાળમાં પણ માલદીવ્સમાં ઘૂસવા મથતું હતું, પણ ભારતે માલદીવ્સને છૂટા હાથે મદદ કરીને ભૂતકાળમાં માલદીવ્સમાં ચીનનો પગપસારો રોકવામાં સફ્તા મેળવી હતી. માલદીવ્સમાં ૧૯૭૮માં પ્રમુખપદે આવેલા અબ્દુલ ગયુમ ભારતતરફી હતા.

ગયુમ રાષ્ટ્રપતિપદે ત્રણ દાયકા રહ્યા અન ગયુમના શાસન વખતે માલદીવ્સને ભારતે છૂટા હાથે મદદ કરીને તેમને સત્તામાં ટકાવી રાખેલા પણ ગયુમે ૨૦૦૮માં લોકો સીધી ચૂંટણી કરે તેવી પધ્ધતિ અપનાવી તેમાં હારી ગયા પછી મોહમેદ નાસિર પ્રમુખ બન્યા. નાસિર પણ ભારતતરફી હતા તેથી ચીનને મોકો ના મળ્યો પણ એ પછીની ચૂંટણીમાં યામીન જીત્યા એટલે ચીનને ઘૂસણખોરી કરવાની તક મળી ગઈ.

યામીને ભારત પરની પોતાની નિર્ભરતા ઘટાડવાના નામે ચીનના પગમાં આળોટવાનું શરૂ કરતાં સ્થિતિ બદલાઈ, ૨૦૧૩થી સત્તા સંભાળનારા યામીને ચીન અને સાઉદી રોકાણકારોને નોંતરીને ચીનનો પગપેસારો કરાવ્યો. ભારતે માલદીવ્સમાં ઈન્ફ્રાસ્ટ્રક્ટર વિકસાવવામાં મદદની ઓફર કરી હતી પણ અબ્દુલ્રા યામને ભારતની ઓફરને ઠુકરાવીને ચીનના ખોળામાં બેસવાનું પસંદ કર્યું હતું. અબ્દુલ્રા યામીને ભારત વિરોધી વલણ અપનાવ્યું તેનું કારણ મુસ્લિમ કટ્ટરવાદીઓનો પ્રભાવ હતો.

માલદીવ્સ માત્ર ૨૯૮ ચોરસ કિલોમીટર વિસ્તાર ધરાવે છે. અમદાવાદથી પણ અડધો વિસ્તાર ધરાવતા માલદીવ્સની ગણતરી દુનિયાના સૌથી નાનકડા દેશોમાં થાય છે. માલદીવ્સમાં બહુમતી મુસ્લિમો છે કે જે ૨૬ નાના નાના ટાપુઓમાં રહે છે. આ મુસ્લિમોમાં છેલ્લા કેટલાક વરસોમાં કટ્ટરવાદનો પ્રભાવ વધ્યો છે. યામીન તેમના મતોથી ચૂંટાયેલા એટલે તેમને રાજી રાખવા ભારત વિરોધી વલણ અપનાવીને બેસી ગયા. યામીને ધર્માંધ પરિબળોને પોષ્યાં તેથી માલદીવ્સમાં ભારત વિરોધી માનસિકતા પ્રબળ બની.

યામીન ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં ગયા પણ તેમના ચેલા મોહમ્મદ મુઈજ્જુએ ચીનતરફી વલણ ચાલુ રાખતાં ચીને ભરપૂર લાભ ઉઠાવ્યો છે. માલદીવ્સના ૨૬માંથી ૧૬ ટાપુ પર ચીનનાં લશ્કરી થાણાં બની ગયાં છે. માલદીવ્સ સાથે ચીને સત્તાવાર રીતે લશ્કરી કરાર કરીને પોતાનું લશ્કર મોકલ્યું છે. ચીન અને માલદીવ્સ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ છે. માલદીવ્સ સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરીને ચીને કશું મેળવવાનું નથી પણ વ્યૂહાત્મક રીતે માલદીવ્સ મહત્ત્વનું છે તેથી ચીને તેની સાથે કરાર કર્યા છે. ૨૦૧૭માં થયેલા કરાર પછી માલદીવ્સ સાથે વેપારના બહાને ચીને કબજો કરવા માંડ્યો એટલે માલદીવ્સના શાસકો જાગ્યા. તેમને પોતાનું અસ્તિત્વ જ ખતરામાં લાગતાં હવે પાછા ભારત તરફ વળવા માંડ્યા છે.

માલદીવ્સના વલણમાં આવેલા ફેરફારનો યશ નરેન્દ્ર મોદીને આપવો જોઈએ કેમ કે માલદીવ્સના ભારત વિરોધી વલણ છતાં મોદી સરકારે માલદીવ્સ સામે કોઈ ખાર નહોતો રાખ્યો. ભારત માટે માલદીવ્સ વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વનું છે એ વાત ધ્યાનમાં રાખીને તેમણે ધીરજ ધરી અને સાથે સાથે ભારતની માલદીવ્સને મદદ કરવાની વરસો જૂની પરંપરા પણ ન છોડી.

માલદીવ્સના વલણના કારણે ભારતમાં માલદીવ્સ વિરોધી માહોલ પેદા થયો હતો. એ વખતે માલદીવ્સના બહિષ્કારની હાકલો પણ થઈ હતી અને સોશિયલ મીડિયા પર કેમ્પેઈન પણ ચાલ્યાં હતાં. માલદીવ્સનું અર્થતંત્ર પ્રવાસન પર નિર્ભર છે અને મોટા ભાગના પ્રવાસી ભારતથી આવે છે તેથી ભારતીયોએ માલદીવ્સ જવાનું બંધ જ કરી દીધેલું. તેની સામે રીએક્શન આપીને માલદીવ્સના નેતાઓએ મોદી વિરોધી લવારા કર્યા તો પણ મોદીએ મોટપ બતાવીને તેની સામે પ્રતિક્રિયા સુધ્ધાં ના આપી. માલદીવ્સને ચીન સાથેના સંબંધોના કારણે નુકસાન છે અને પોતાનું અસ્તિત્વ મટી જવાનો ખતરો છે તેનું ભાન થાય ત્યાં સુધી મોદીએ શાંતિથી રાહ જોઈ છે.

માલદીવ્સને ભારતને છોડીને ખોટું કર્યું હોવાનું ભાન થયું પછી મોદીને માલદીવ્સ આવવા નિમંત્રણ આપ્યું તેનો પણ મોદીએ કોઈ પણ ડંખ વિના સ્વીકાર કર્યો. મોદીએ માલદીવના ૬૦મા સ્વતંત્રતા દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી અને ભારત અને માલદીવ્સ વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપિત થયાના ૬૦ વર્ષ પૂર્ણ થયાના જલસામાં પણ ભાગ લઈને અહેસાસ કરાવ્યો કે, માલદીવ્સે ગમે તે કર્યું પણ ભારત એ બધું ભૂલીને માલદીવ્સ સાથે સારા સંબંધો રાખવામાં જ માને છે.

મોદીએ તો મોટપ બતાવી પણ હવે માલદીવ્સ પણ ભારતના અહેસાનનો બદલો ચૂકવે એ જરૂરી છે. માલદીવ્સના શાસકો મોદીના સૌજન્યપૂર્ણ વ્યવહાર અને ભારતે બતાવેલી ઉદારતાની માલદીવ્સ કદર કરે એ જરૂરી છે. ચીનના રવાડે ચડવામાં માલ નથી તેનો અહેસાસ માલદીવ્સને થયો છે પણ આ અહેસાસ કાયમી ટકે એ વધારે જરૂરી છે. બાકી માલદીવ્સ તો પતી જ જશે પણ ચીન માલદીવ્સમાં ઘૂસશે તેમાં આપણને પણ નુકસાન છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, સોમવાર, તા. ૨૮–૭–૨૦૨૫, શિવપૂજન,શિવમુષ્ટિ ચોખા, વિનાયક ચતુર્થી,

- ભારતીય દિનાંક ૬, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ–૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ–૪
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩જો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સાંજે ક. ૧૭–૩૫ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૩–૫૯ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ) , કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :ø
- ભરતીઃ બપોરે ક. ૧૪–૨૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૩૪ (તા. ૨૯)
- ઓટઃ સવારે ક. ૦૭–૫૩, રાત્રે ક. ૨૦–૪૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭. ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – ચતુર્થી. શિવપૂજન, શિવમુષ્ટિ ચોખા, વિનાયક ચતુર્થી, ભદ્રા ક. ૧૦–૫૭થી ૨૩–૨૪, મંગળ કન્યામાં રાત્રે ક. ૨૦–૦૧, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વિનાયક ચતુર્થી પૂજા, ચંદ્ર–શુક્ર દેવતાનું પૂજન, શિવલિંગ ઉપર એક મુઠ્ઠી ચોખાનો અભિષેક, શ્રાવણના નિયમ પાલન, શિવપૂજાનો મહિમા, ભગદેવતાનું પૂજન, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, ખેતીવાડીના કામકાજ, સ્થાવર લેવડદેવડના કામકાજ. ઘર, ખેતર જમીન, પશુ લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–રાહુ પ્રતિયુતિ મિત્રો સાથે સંભાળવું, ચંદ્ર–મંગળ યુતિ અવિચારી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–રાહુ પ્રતિયુતિ, ચંદ્ર–મંગળ યુતિ (તા. ૨૯) ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–સિંહ/કન્યા, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# સંસદમાં આજથી ઓપરેશન સિંદૂર મુદ્દે ચર્ચા થશે

નવી દિલ્હીઃ સંસદના ચોમાસુ સત્રના પ્રથમ અઠવાડિયામાં વિક્ષેપને કારણે આજથી લોકસભામાં પહલગામ હુમલો અને ઓપરેશન સિંદૂર પર ઉગ્ર ચર્ચા થવાની સંભાવના છે. જેનું કારણ શાસક ગઠબંધન અને વિપક્ષ રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિના બે મુદ્દે સામસામે આવવાની તૈયારી કરી રહ્યા છે.

ભાજપની આગેવાની હેઠળનું એનડીએ અને વિપક્ષી પક્ષો લોકસભા અને રાજ્યસભામાં ચર્ચા દરમિયાન તેમના ટોચના નેતાઓને મેદાનમાં ઉતારે તેવી અપેક્ષા છે. લોકસભામાં ૧૬ કલાક સુધી ચાલનારી મેરેથોન ચર્ચામાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ અને વિદેશ પ્રધાન એસ. જયશંકર ભાગ લે તેવી સંભાવના છે. લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ અને અન્ય ઘણા સભ્યો સાથે મળીને સરકાર સામે મોરચો સંભાળી શકે છે. સંસદના ચોમાસુ સત્રમાં આજે લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ૧૬ કલાક લાંબી ચર્ચા શરૂ થશે. આ ચર્ચાનું નેતૃત્વ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ બપોરે ૧૨ વાગ્યે કરશે. ત્યારબાદ મંગળવારથી રાજ્યસભામાં ઓપરેશન સિંદૂરના મુદ્દે ૧૬ કલાકની ચર્ચા થશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ આ ચર્ચામાં હસ્તક્ષેપ કરી શકે છે.

આ દરમિયાન આક્રમક વિપક્ષ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના એ દાવા પર સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધને રોકવા માટે મધ્યસ્થી કરી હતી અને તેમને યુદ્ધવિરામ પર સંમત કરાવ્યા હતા. બીજી તરફ ભારતે દાવો કર્યો છે કે પાડોશી દેશના અનેક વાયુસેનાં મથકોને ભારે નુકસાન થયું હતું અને પાકિસ્તાનની વિનંતી બાદ બંને પક્ષો લશ્કરી કાર્યવાહી રોકવા માટે સહમત થયા હતા.સરકાર અને વિપક્ષ વચ્ચેના વિવાદનો એક મુદ્દો એ છે કે વિપક્ષ બિહારમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીના ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) પર સંસદમાં ચર્ચાની માગ કરી રહ્યું છે. ચોમાસુ સત્રના પહેલા અઠવાડિયાની શરૂઆતમાં વિપક્ષે મુખ્યત્વે આ મુદ્દે જ સંસદની કાર્યવાહીને વિક્ષેપિત કરી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### અમદાવાદ જળબંબોળ

૫.૫૧, કઠલાલમાં ૫.૩૧, ખેડામાં ૪.૬૫, ઉમરેઠમાં ૪.૫૩, બાવળામાં ૩.૮૬, ધોળકામાં ૩.૫૮, ગળતેશ્વરમાં ૩.૪૬, ભિલોડામાં ૩.૩૯, પાટણમાં ૩.૩૫, અને ભાભરમાં ૩.૨૩, સાણંદમાં ૩.૧૧, દેસરમાં ૩.૦૩, સુબીરમાં ૨.૯૫, બોરસદમાં ૨.૯૧, કાંકરેજમાં ૨.૮૭, વઘઈમાં ૨.૮, કપડવંજમાં ૨.૭૬, આણંદમાં ૨.૬૪, ઠાસરા અને વાંસદમાં ૨.૫૨, સિદ્ધપુરમાં ૨.૪, સરસ્વતિ અને ગોધરામાં ૨.૩૨, અમદાવાદ શહેર અને વડગામમાં ૨.૨૮, સોજિત્રામાં ૨.૨૪, તારાપુરમાં ૨.૦૫, ડાંગ-આહવા અને વિસનગરમાં ૨.૨, નેત્રંગમાં ૨.૦૧, દીયોદરમાં ૧.૯૩, સુઈગામમાં ૧.૮૯, મહેસાણામાં ૧.૭૭, હિંમતનગરમાં ૧.૬૫, લખતરમાં ૧.૫૭, જાંબુઘોડા અને બાલાસિનોરમાં ૧.૫૪, ડેડિયાપાડા અને ઉમરપાડામાં ૧.૫, નાંદોદમાં ૧.૪૬, ખંભાતમાં ૧.૪૨, પાલનપુર, ખેરાલુ અને વડનગરમાં ૧.૩૮ તથા ઈડર અને લિંબડીમાં ૧.૩૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

ધોધમાર વરસાદથી પાલનપુર-છાપી હાઈવે પર ગાડીઓ ડૂબવા લાગી હતી. તેમજ મહેસાણાના સતલાસણામાં ટ્રેક્ટર તણાયું હતું.

સિદ્ધપુર નગરપાલિકા વિસ્તારના ઋષિ તળાવ અને પેપલ્લા તળાવમાં પાણી ભરાતાં લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. અહીંથી ૨૫ જેટલા લોકોને શેલ્ટર રૂમ ખાતે શિફ્ટ કરાયા હતાં. જ્યારે સિદ્ધપુરમાં અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાઈ જવાને કારણે કુલ ૭૫ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. મળતી વિગત મુજબ મધ્ય પ્રદેશમાં ભારે વરસાદને કારણે ઇન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમ એલર્ટ મોડ પર છે. ઇન્દિરા સાગર ડેમમાંથી ગમે ત્યારે ૨.૬૨ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવશે, જે ૩૨ કલાકમાં સરદાર સરોવર નર્મદા ડેમમાં પહોંચશે.

નર્મદા ડેમની સપાટી ૧૨૪.૩૧ મીટર છે અને મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. ૨.૬૨ લાખ ક્યુસેક પાણી આવવાથી ડેમની સપાટીમાં દોઢથી બે મીટરનો વધારો થશે, જેનાથી ડેમને કોઈ નુકસાન થશે નહીં. પાણીની આવક ૭૬,૨૦૦ ક્યુસેક છે. છેલ્લા ૨૪ કલાકમાં સપાટીમાં ૩૩ સેન્ટિમીટરનો વધારો નોંધાયો હતો.

નર્મદા ડેમ સંપૂર્ણ ભરાતા હજુ એક મહિના લાગશે. નર્મદા નિગમના અધિકારીઓ સતત નજર રાખી રહ્યા છે અને પાવર જનરેશન વધારીને ડેમને ૬૦ ટકા જેટલો ભરેલો રાખવામાં આવી રહ્યો છે, જેથી પૂર જેવી સ્થિતિમાં કાંઠાનાં ગામોને સુરક્ષિત રાખી શકાય.

લાંબા વિરામ બાદ અમદાવાદ જિલ્લા સહિત શહેરમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. અમદાવાદ શહેરના અનેક વિસ્તારો સહિત સમાગ જિલ્લામાં મુશળધાર વરસાદ ખાબક્યો હતો. ૨૭ જુલાઈના સવારે આઠ વાગ્યાથી બપોરે બે વાગ્યા સુધી ૬ કલાકના ગાળામાં જ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં સાડા નવ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેના પગલે જનજીવન ભારે પ્રભાવિત થયું હતું.

મળતી વિગતો અનુસાર શનિવારની રાતથી જ અમદાવાદ શહેરમાં વરસાદની શરૂઆત થઈ હતી. સમગ્ર શહેરમાં વહેલી સવારથી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. રાતથી શરૂ થયેલો વરસાદ સમગ્ર દિવસ દરમિયાન પણ યથાવત રહ્યો હતો અને સૌથી વધુ વરસાદ શહેરના પૂર્વ વિસ્તારમાં વટવા, નારોલ, લાંભા, શાહઆલમ અને દાણીલીમડા વિસ્તારમાં પાંચ ઇંચ જેટલો પડ્યો હતો. રામોલ, વસ્ત્રાલ, મણિનગર, જશોદાનગર, હાટકેશ્વર અને ખોખરા વિસ્તારમાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. શહેરના વાસણા, પાલડી, એલિસ બ્રિજ સહિતના વિસ્તારમાં પડેલા વરસાદના કારણે મીઠાખળી પાસેનો અન્ડરબ્રીજ પાણીમાં ભરાય જતા વાહન વ્યવહાર માટે બંધ કરવો પડ્યો પડ્યો હતો.તે ઉપરાંત શહેરના પૂર્વ વિસ્તાર જેવા કે રખિયાલ, ગોમતીપુર, બાપુનગર, સરસપુર, ઓઢવ, વિરાટનગર સહિતના વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો અને જ્યારે પશ્ચિમમાં જોધપુર, સેટેલાઈટ, શિવરંજની, આનંદનગર, પ્રહલાદનગર, શ્યામલ સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. શહેરમાં પડી રહેલા વરસાદને પગલે વાસણા બેરેજમાં પણ પાણીની આવક થઇ હતી અને બેરેજની સપાટી ૧૨૭.૫ ઇંચની સપાટીએ પહોંચી હતી.

સાબરમતી નદી ઉપર સ્થિત વાસણા બેરેજના હેઠવાસમાં હાલમાં ૩૯૫૦ ક્યુસેક્સ પાણીનો જથ્થો સાબરમતી નદીમાં છોડવામાં આવ્યો હતો અને તેના કારણે વાસણા બેરેજના કુલ-૨ ગેટને ૨.૫ ફટ સુધી ખોલવામાં આવ્યા હતા. છે. વાસણા બેરેજના હેઠવાસમાં ૩૯૫૦ ક્યુસેક્સ પાણીનો જથ્થો સાબરમતી નદીમાં છોડવામાં આવ્યો હતો અને નીચાણવાળા વિસ્તારોને નદીના પટમાં અવરજવર નહીં કરવામાં તેમજ જવાબદાર અધિકારીઓને સાવધ રહેવા સૂચના આપવામાં આવી હતી. ■

### ભૂપેન્દ્ર પટેલે

જિલ્લામાં વરસાદને કારણે સર્જાયેલી સ્થિતિની માહિતી મેળવી હતી. મુખ્ય પ્રધાને તમામ જિલ્લા કલેક્ટરોને એલર્ટ મોડ પર રહીને વરસાદી સ્થિતિ પર સતત નજર રાખવા તેમજ સમગ્ર વહીવટી તંત્રને સતર્ક રહી સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર સાથે સંપર્કમાં રહી જિલ્લાની સ્થિતિથી વાકેફ રાખવા સૂચના આપી હતી.

બનાસકાંઠા જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે ગોઢ અને દાંતીવાડા વચ્ચેનો કોઝવે તૂટી ગયો હતો અને જેના કારણે ગોઢા, છત્રાલા, મોરથલ, ગોળીયા,ચંદાજી ગોળીયા વગેરે ગામડાઓ સંપર્કવિહોણા થયાં હતાં. આ મામલે સ્થાનિકો દ્વારા ડિઝાસ્ટર વહીવટી તંત્રને કરી જાણ કરવામાં આવી હતી. વહીવટી તંત્રએ સત્વરે બાબતની નોંધ લઈ માર્ગ ચાલુ કર્યો હતો. ભારે વરસાદના પગલે મહેસાણા મહાનગરપાલિકા દ્વારા વિવિધ ટીમો બનાવીને શહેરમાં આવેલ અંડરપાસ, નીચાણવાળા વિસ્તારમાં આવેલ સોસાયટીઓમાં ભરાયેલ વરસાદી પાણીના નિકાલની કાર્યવાહી હાથ ધરી હતી. ■

### ખેડાના

ગરનાળામાં પાણી ફરી વળતા રસ્તો બંધ થતા શિહોરા, અમીયાપુર, આંબલીયાળા, તેનપુર, રોઝડ સહિત ૧૦ જેટલા ગામોનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. ગામજનોને કામકાજ, શાળા તેમજ હૉસ્પિટલ જેવા જરૂરી કામ માટે મુસાફરી કરવામાં મુશ્કેલી પડી રહી છે.

વાત્રક નદીમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું છે. જો વરસાદ આવનારા દિવસોમાં યથાવત રહેશે તો પરિસ્થિતિ વધુ ખરાબ બની શકે છે. હાલમાં ગ્રામજનોને નદી પાર કરવા માટે કોઈ વિકલ્પ નથી અને જોખમ લઈને પસાર થવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

સ્થાનિક તંત્રએ લોકોને સાવચેત રહેવાની સૂચના આપી, પાણી ઘટે ત્યાં સુધી રસ્તા પરથી અવરજવર ન કરવા ચેતવણી આપી હતી. તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યા છે.

ખેડા જિલ્લામાં ધોધમાર વરસાદથી સર્વત્ર જળબંબાકારના દશ્યો સર્જાયા હતા. ભારે વરસાદના પગલે વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન ખાતે એશ ડાઇકની પાળી તૂટી જતા પાણી ફરી વળ્યા હતા,જેમાં પાંચ લોકો ફસાયા હતા. બનાવની જાણ થતાં જ તંત્ર દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને પાંચ લોકોને બચાવવામાં આવ્યા હતા. મળતી વિગત મુજબ, શનિવાર મોડી રાતથી સતત વરસેલા ભારે વરસાદના કારણે પાવર સ્ટેશનની પાસે આવેલું ફ્લાય ઍશ ભરવાના તળાવની પાળી ફાટી હતી. જેથી પાણીનો ભારે પ્રવાહ વહી ગયો અને તળાવમાં એસ ભરવા ગયેલા ચારથી પાંચ હાઈવા ટ્રકો સાથે પાંચ જેટલા ટ્રકચાલકો પણ પાણીમાં ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા પાવર સ્ટેશનના અધિકારીઓ, સ્થાનિક લોકો અને રેસ્ક્યૂ ટીમ સ્થળ પર દોડી આવી હતી. અને ટ્રકચાલકોને બચાવવા માટે તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ■

### પંચમહાલમાં

૨૪,૫૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે.

રાજ્યમાં બનાસકાંઠા, અમદાવાદ, પંચમહાલ સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદ ખાબક્યો હતો. ત્યારે પંચમહાલમાં પાનમ ડેમના કેચમેન્ટ વિસ્તાર અને ઉપરવાસમાં થયેલા સાર્વત્રિક વરસાદને પગલે પાણીની સતત આવક થઈ રહી છે. તેવામાં ડેમનું રૂલ લેવલ જાળવવા માટે વહીવટી તંત્ર દ્વારા પાણી છોડવાનો નિર્ણય લેવાયો હતો. પાનમ ડેમમાંથી પાનમ નદીમાં પાણી છોડવામાં આવતા નદી કાંઠા વિસ્તારમાં આવેલા ૨૮ જેટલાં ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં શહેરા તાલુકાના કોઠા, મોર, ઉંડારા, રમજીની નાળ અને બલુજીના મુવાડા સહિત પંચમહાલ અને મહીસાગર જિલ્લાના ૨૮ જેટલા અસરગ્રસ્ત ગામોના રહીશોને સાવચેત રહેવા અને નદી કિનારે ન જવા માટે સૂચના આપવામાં આવી હતી. આ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી હતી. ■

### “ૐ નમઃ શિવાય”

હતી. આ શિવ મંદિર ચોલ વંશની સ્થાપત્ય કળા અને સૈન્ય શક્તિનું પ્રતિક છે. આ મંદિર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ ગ્રેટ લિવિંગ ચોલ મંદિરોનો એક ભાગ છે.

વડા પ્રધાન મોદીએ ગંગૈકોંડા ચોલપુરમ મંદિરમાં મહાન ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલ પ્રથમની જન્મજયંતી નિમિત્તે આયોજિત કાર્યક્રમને સંબોધતા કહ્યું હતું કે, ‘એક રીતે આ રાજાની પૂજનીય ભૂમિ છે અને આજે ઇલૈયારાજાએ જે રીતે આપણા બધાને શિવભક્તિમાં ડૂબાડ્યા. કેવું અદભૂત વાતાવરણ હતું. હું સાંસદ છું, જ્યારે હું ‘ ઉૐ નમઃ શિવાય’ સાંભળું છું ત્યારે મારા રૂવાડા ઊભા થઈ જાય છે. શિવ દર્શનની અદ્ભુત ઊર્જા, આ આધ્યાત્મિક અનુભવ મનને ભાવુક કરી દે છે.’

વડા પ્રધાને કહ્યું હતું કે મને ભગવાન બૃહદેશ્વરના ચરણોમાં પૂજા કરવાનો લહાવો મળ્યો છે. મેં આ ઐતિહાસિક મંદિરમાં ૧૪૦ કરોડ ભારતીયોના કલ્યાણ અને ભારતની સતત પ્રગતિ માટે પ્રાર્થના કરી છે. હું ઈચ્છું છું કે દરેકને ભગવાન શિવના આશીર્વાદ મળે. ચોલ રાજાઓએ શ્રીલંકા, માલદીવ અને દક્ષિણ-પૂર્વ એશિયા સુધી તેમના રાજદ્વારી અને વેપાર સંબંધોનો વિસ્તાર કર્યો હતો.

### આતંકવાદીઓ

નરેન્દ્ર મોદીએ રવિવારે ‘મનકી બાત’ કાર્યક્રમમાં યુવાનોને વિકસિત ભારતના સપનાના સાકાર કરવા આગળ આવવા પ્રેરિત કર્યા. તેમણે કહ્યું કે યુવાનોનો આત્મનિર્ભરતા અને વોકલ ફોર લોકલના માધ્યમથી આ સપનાને સાકાર કરી શકાશે. આ ઉપરાંત ચંદ્રયાન-૩ના લેન્ડિંગથી લઈને શુભાંશુ શુક્લાના અંતરિક્ષમાંથી પરત ફરવા સુધીની ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો.

પીએમ મોદીએ રવિવારે મનકી બાત કાર્યક્રમમાં શુભાંશુ શુક્લાની અંતરિક્ષથી પરત ફરવાની ક્ષણને ભારત માટે ગૌરવની ક્ષણ ગણાવી છે. તેમણે જણાવ્યું હતું કે આનાથી બાળકોને વિજ્ઞાન અને અંતરિક્ષને લઈને એક પ્રકારની જીજ્ઞાસા પેદા થઈ છે. નાના બાળકો પણ કહેવા લાગ્યા છે કે અમે અંતરીક્ષમાં જઈશું અને ચંદ્ર પર લેન્ડિંગ કરીશું અને અમે અંતરિક્ષ વૈજ્ઞાનિક બનીશું.

પીએમ મોદીએ તેમના સંબોધનમાં આગળ જણાવ્યું કે છેલ્લા કેટલાંક અઠવાડિયામાં તે પછી સ્પોર્ટ્સ હોય વિજ્ઞાન હોય કે સંસ્કૃતિ એવું ઘણું બધું બન્યું છે જેની પર ભારતીયોને ગર્વ છે. તેમાં પણ હાલમાં જ શુભાંશુ શુક્લાની અંતરિક્ષમાંથી પરત ફરવાની ઘટનાની ચર્ચા થઈ. જયારે શુભાંશુ શુક્લાના અંતરિક્ષમાંથી પરત ફર્યા ત્યારે લોકો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા. સમગ્ર દેશ ગૌરવ અનુભવતો હતો. મને યાદ છે આજ રીતે જ્યારે ઓગસ્ટ ૨૦૨૩માં ચંદ્રયાન-૩નું સફળ લેન્ડિંગ થયું ત્યારે પણ દેશમાં આવો જ માહોલ હતો. બાળકોમાં વિજ્ઞાન અને અંતરિક્ષને લઈને એક પ્રકારની જીજ્ઞાસા પેદા થઈ છે.

પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે ચંદ્રયાન-૩ના લેન્ડિંગ બાદ ઈન્સ્પાયર માનક યોજનામાં શાળાના બાળકોની સંખ્યામાં વધારો થયો છે. દેશના અંતરિક્ષ સ્ટાર્ટઅપની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. પાંચ વર્ષ પૂર્વે ૫૦થી પણ ઓછા સ્ટાર્ટઅપ હતા આજે અંતરિક્ષ સ્ટાર્ટઅપની સંખ્યા વધીને ૨૦૦થી ઉપર છે. ■

### હરિદ્વારના

ઘટના રવિવારે સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. મંદિર તરફ જતી સીડી પર ચાલી રહેલા લોકોમાં અચાનક નાસભાગ મચી ગઈ, જેના કારણે લોકો ચગદાયા હતાં. અહેવાલ મુજબ ઓવરહેડ પાવર લાઇન તૂટી જવાની અફવા ફેલાઈ હતી, જેના કારણે શ્રદ્ધાળુઓમાં ગભરાટ ફેલાયો હતો અને નાસભાગ મચી હતી.

આ અંગે હરિદ્વારમાં જિલ્લા અધિકારી મયુર દીક્ષિતે જણાવ્યું કે આ ભાગદોડ પાછળ અફવા જવાબદાર હોવાનું પ્રાથમિક તપાસમાં પ્રકાશમાં આવ્યું છે. જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે તારમાં કરંટ આવી રહ્યો છે.

આ અંગે વધુમાં જણાવવામાં આવ્યું કે અમે કેટલાક ફોટા જોયા છે. જેમાં તાર તૂટેલા નજરે પડે છે. એવું લાગે છે કે લોકો તાર ખેંચીને દીવાલ પર ચઢવાનો પ્રયાસ કર્યો છે જેના લીધે ભાગદોડ મચી હતી. તેમજ ડોકટરે પણ સ્પષ્ટ કર્યું છે કે લોકોનાં મૃત્યુ ભાગદોડના લીધે થયા છે કરંટ લાગવાથી નહીં. આ અંગે અમે આગળ તપાસ કરી રહ્યા છે.

આ દરમિયાન ઉત્તરાખંડના સીએમ પુષ્કર સિંહ ધામી ઘાયલોને મળ્યા છે. તેમજ હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે. આ અંગે ઉત્તરાખંડના સીએમ પુષ્કરસિંહ ધામીનું નિવેદન પ્રકાશમાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું કે, આજે સવારે ૯ વાગ્યેની આસપાસ દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં હરિદ્વારમાં મનસા દેવી મંદિરમાં સીડીઓ પાસે અફવાના લીધે ભાગદોડ થઈ હતી. જેમાં ૬ લોકોના જીવ ગયા છે.

#### મેજિસ્ટ્રેટ લેવલ તપાસના આદેશ

જયારે આ દુર્ઘટનામાં ઘાયલ લોકોને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. આ દુર્ઘટનાનાં મેજિસ્ટ્રેટ લેવલ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તેમજ એ શોધવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે અફવા કોણે અને કેવી રીતે ફેલાવી. આ કેસમાં જે પણ ગુનેગાર હશે તેની વિરુદ્ધ સખત કાર્યવાહી કરવામાં આવશે. તેમજ ઈજાગ્રસ્તોને જરૂરી સહાય કરવામાં આવી રહી છે. ■

### બિહારમાં

પંચ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ચૂંટણી પંચના જણાવ્યાનુસાર બિહાર મતદાર યાદીમાં સુધારાના એક મહિના ચાલેલા પ્રથમ તબક્કામાં અત્યાર સુધીમાં ૭.૨૪ કરોડ કે પછી ૯૧.૬૯ ટકા મતદારોના નોંધણી ફોર્મ મળ્યાં છે. મતદાર યાદીમાં સુધારાનો પ્રથમ તબક્કો પચીસ જુલાઈએ પૂરો થયો હતો.

ઘણા મતદારો અન્ય રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થળાંતર કરી ગયા છે. અનેક મતદાર અસ્તિત્વ જ નથી ધરાવતા તો અનેક મતદારોએ પચીસ જુલાઈ સુધીમાં ફોર્મ ભરીને આપ્યું જ નથી. અમુક મતદારો એક કે અન્ય કારણસર મતદાર તરીકે પોતાનું નામ નોંધાવવા જ નથી માગતા.

ફોર્મની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ પહેલી ઑગસ્ટ સુધીમાં મતદારોના ચોક્કસ દરજ્જા અને અપડેટ કરેલી નવી મતદાર યાદી અંગે જાણકારી મળશે, એમ ચૂંટણી પંચે કહ્યું હતું. (એજન્સી) ■

# સેન્સેક્સમાં ૧૨ ટકા, ઈએલએસએસમાં ૧૯ ટકા ચક્રવૃદ્ધિ દર

## શૅરબજારે લાંબાગાળે અનેક અવરોધો પાર કર્યા

મુંબઈ. જીઓપોલિટિકલ જોખમ અને ટેરિફ વોર જેવા પરિબળોને કારણે શેરબજારમું વાતાવરણ ફરી ડહોળાયું છે પરંતુ શેરબજારે અનેક પડકારો પાર કર્યા છે અને સરવાળે લાંબા ગાળાનું રોકાણ લાભદાયી નિવડ્યું છે. પાછલા પચીસ વર્ષના આંકડા જોઇએ તો ટકાવારીની દ્રષ્ટિએ ૧૯૯૯થી ૨૦૨૫ વચ્ચેના સમયગાળામાં, નિફ્ટી ૧૩૨૬.૧૫ સ્તરથી ૧૭૮૯.૮૪ ટકા વધીને ૨૫૦૬૨.૧ સ્તર પર પહોંચ્યો છે. બીજી તરફ, સેન્સેક્સ પણ ૪,૬૭૨.૧૨થી ૧૬૫૯.૦૩ ટકા વધીને ૮૨૧૮૪.૧૭ સ્તર પર પહોંચ્યો છે. જ્યારે ઇએલએસએસમાં ૭૭૨૬.૩૧ ટકા વૃદ્ધિ નોંધાઇ છે.

બજારમા પ્રવેશ કે એક્ઝિટનો સમય નક્કી કરવો ઘણો મુશ્કેલ બની રહ્યો છે, ત્યારે એવું જોવા મળ્યું છે કે તાજેતરમાં ઇન્વેસ્ટમેન્ટ ફિલ્ડના એક અગ્રણીએ જણાવ્યું કે બજારનો સમય માપવા કરતા લોંગ ટર્મ ઇન્વેસ્ટમેન્ટ સારો અભિગમ જણાય છે. ઉદાહરણમાં વર્ષ ૧૯૯૯માં તેમણે રૂ. ૧૦,૧૦૦ રૂપિયામાં ઇક્વિટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ (ઇએલએસએસ) યુનિટ્સ ખરીદ્યા હતા અને પાછલા ૨૫ વર્ષમાં તેમના રોકાણનું મૂલ્ય વધીને ૭.૯૦ લાખ રૂપિયા થયું છે, તેમણે આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ ઇએલએસએસ ટેક્સ સેવર ગ્રોથ સ્કીમના યુનિટ્સ ખરીદ્યા હતા. આ રોકાણ ૧૯.૦૫ ટકાના ચક્રવૃદ્ધિ દરે વધ્યું છે. તે જ સમયગાળામાં સેન્સેક્સનો સીએજીઆર ૧૨.૧૫ ટકા છે, અને નિફ્ટીનો સીએજીઆર ૧૨.૪૮ ટકા છે.

ઉભરતા બજારોમાં સામાન્ય રીતે ઝડપી વૃદ્ધિ જોવા મળે છે. પાછલા પચીસ વર્ષમાં મુખ્ય શેરઆંકોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જોકે, આ વૃદ્ધિનો મહત્તમ લાભ લેવા માટે, બજારમાં રોકાણ જાળવી રાખવું મહત્વપૂર્ણ છે. નોંધનીય છે કે, પાછલા ૨૫ વર્ષોમાં, બજારમાં ઘણા આંચકા જોવા મળ્યા છે, જેમાં ૨૦૦૦માં ડોટકોમ બબલ બર્સ્ટ, ૨૦૦૧માં કેતન પારેખ સ્ટોક કૌભાંડ, ૨૦૦૫માં વિશ્વ બજારમાં મંદી, ૨૦૦૮માં યુએસ માર્કેટ કટોકટી અથવા કોવિડ-૧૯ રોગચાળો અથવા ભારત-પાકિસ્તાન સંઘર્ષ જેવી તાજેતરની ઘટનાઓનો સમાવેશ છે. સામાન્ય રીતે, જ્યારે બજારમાં ઘટાડો થાય છે, ત્યારે રોકાણકારો ગભરાઈ જાય છે અને તેમના રોકાણને પુનઃપ્રાપ્ત કરવા અથવા તેમના નુકસાનને ઘટાડવા માટે તેમની સિક્યોરિટીઝ વેચી દે છે. જોકે, રોકાણને જાળવી રાખવાથી લાભ મળે છે.

લાંબા ગાળાના રોકાણના ઘણા ફાયદા છે, જેમ કે વળતરનું ચક્રવૃદ્ધિ, જેમાં તમારા વળતરનું ફરીથી રોકાણ કરવામાં આવે છે અને તમે તમારા પ્રારંભિક રોકાણ અને સંચિત કમાણી બંને પર વ્યાજ મેળવો છો. વધુમાં, લાંબા ગાળાના રોકાણથી રોકાણકારોને બજારમાં અચાનક આવતા ઘટાડાને સરળ બનાવવામાં પણ મદદ મળે છે કારણ કે તે નકારાત્મક સમાચારનું કારણ બને છે.

લાંબા ગાળાના રોકાણથી રોકાણકારોને ટૂંકા ગાળાની અસ્થિરતાનો સામનો કરવામાં પણ મદદ મળે છે. જોકે, લાંબા ગાળાના રોકાણ માટે નાણાકીય શિસ્ત અને ધીરજની જરૂર પડે છે. બજારમાં લાંબા સમય સુધી રોકાણ કરવાથી ઘણા ફાયદા થાય છે, પરંતુ રોકાણકારોએ તેમના પોર્ટફોલિયોનું મૂલ્યાંકન કરવું જોઈએ અને તેમના નાણાકીય લક્ષ્યો સાથે શ્રેષ્ઠ રીતે સુસંગત રોકાણ અભિગમ અપનાવવો જોઈએ. ■

# સેન્ટ્રલ બેંન્કો પર નજર સાથે સોનું અથડાયેલું રહેશે

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બેંકની બેઠકો અને વૈશ્વિક વ્યાપાર વાટાઘાટો વચ્ચે સોનું એકત્રીકરણના તબક્કામાં રહી શકે છે. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે રોકાણકારો યુએસ ફેડરલ ઓપન માર્કેટ કમિટી (એફઓએમસી)ની બેઠકના પરિણામ સહિત કેન્દ્રીય બેંકની બેઠકોથી લઈને વૈશ્વિક વેપાર વાટાઘાટો સુધીની અનેક ઘટનાઓ માટે તૈયાર હોવાથી આ સપ્તાહમાં સોનાના ભાવમાં વધુ કોન્સોલિડેશનની ધારણા છે.

ટ્રેડર્સ મેક્રોઇકોનોમિક ડેટા પર પણ નજર રાખશે, જેમાં પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર્સ, ફુગાવાના આંકડા, યુએસના રોજગાર ડેટા, વિવિધ પ્રદેશોમાંથી ઉત્પાદન પીએમઆઇ ડેટા અને પહેલી ઓગસ્ટના વેપાર સોદાની સમયમર્યાદા સંબંધિત વિકાસનો સમાવેશ થાય છે. પહેલી ઓગસ્ટના રોજ ભારત સહિત ડઝનબંધ દેશો પર ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફના સસ્પેન્શન સમયગાળાનો અંત આવે છે. ■

# શૅરબજારમાં આ સપ્તાહે ૧૪ આઇપીઓ આવશે, ૧૨ નવા શેરનું લિસ્ટિંગ થશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં આ સપ્તાહે ટેરિફના કાઉન્ટડાઉન સાથે એક તરફ અફડાતફડી રહેવાની ધારણાં છે તો બીજી તરફ પ્રાઇમરી માર્કેટમાં ધમધમાટ રહેશે. ૨૮ જુલાઈથી શરૂ થતો આગામી સપ્તાહ આઇપીઓ બજાર માટે સૌથી વ્યસ્ત રહેવાનો છે, કારણ કે કુલ ૧૪ જાહેર ઇશ્યૂ દલાલ સ્ટ્રીટ પર આવશે, જેમાં મેઇનબોર્ડ સેગમેન્ટના પાંચ અને એસએમઇ સેગમેન્ટના નવ આઇપીઓનો સમાવેશ થાય છે. એ જ સાથે તાજેતરમાં જ આઇપીઓ લાવનારી ૧૨ કંપનીઓના શેરનું બજારમાં લિસ્ટિંગ થશે. મૂડીબજારમાં પ્રવેશનારી ઉક્ત ૧૪ કંપનીઓ રૂ. ૭,૩૦૦ કરોડથી વધુ ભંડોળ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે, જેમાં મેઇનબોર્ડ આઇપીઓ દ્વારા એકત્ર થનારા રૂ. ૭,૦૦૮ કરોડનો સમાવેશ થાય છે. પાછલા સપ્તાહે પ્રવેશેલા બે મેઇનબોર્ડ અને ત્રણ એસએમઇ આઇપીઓ બંધ થશે. શરૂત બે આઇપીઓ સાથે થશે. વિડિઓ સુરક્ષા અને સર્વેલન્સ પ્રોડક્ટ્સ નિર્માતા આદિત્ય ઇન્ફોટેક અને એમએસએમઇ ધિરાણકર્તા લક્ષ્મી ઇન્ડિયા ફાઇનાન્સની પ્રારંભિક જાહેર ઓફરિંગ મેઇનબોર્ડ સેગમેન્ટમાંથી આ સપ્તાહે ૨૯ જુલાઈના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે.

આ પછી બહુપ્રતિક્ષિત નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી એનએસડીએલ અને રિયલ એસ્ટેટ કંપની શ્રી લોટસ ડેવલપર્સ એન્ડ રિયલ્ટીના જાહેર ઇશ્યૂ, ૩૦ જુલાઈના રોજ અનુક્રમે રૂ. ૭૬૦-૮૦૦ પ્રતિ શેર અને રૂ. ૧૪૦-૧૫૦ પ્રતિ શેરની પ્રાઇસ બેન્ડ સાથે ખુલશે. પ્રી-એન્જિનિયર્ડ બિલ્ડિંગ્સ અને સેલ્ફ સપોર્ટેડ રૂફિંગ સોલ્યુશન્સ પ્રોવાઇડર એમએન્ડબી એન્જિનિયરિંગ પણ ૩૦ જુલાઈના રોજ રૂ. ૬૫૦ કરોડનો આઇપીઓ લાવશે, જેની પ્રાઇસ બેન્ડ રૂ. ૩૬૬-૩૮૫ પ્રતિ શેર છે. એસએમઇ સેગમેન્ટમાં, નવ જાહેર ભરણાં આવશે, જેમાં સ્માર્ટફોન રિટેલર ઉમિયા મોબાઇલ અને લોજિસ્ટિક્સ કંપની રેપોનો ૨૮ જુલાઈએ દલાલ સ્ટ્રીટ પર આવશે.

આ પછી કેઇટેક્સ ફેબ્રિક્સ ૨૯ જુલાઈએ ખુલશે, જ્યારે ૩૦ જુલાઈએ, ત્રણ પ્રથમ જાહેર ઇશ્યૂ પ્રવશ કરશે, જેમાં ટાક્યોન નેટવર્ક્સ, મેહુલ કલર્સ અને બી.ડી. ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશછે. રેનોલ પોલીકેમ અને કેશ યુઆરના આઇપીઓ ૩૧ જુલાઈએ ખુલશે. આવતા સપ્તાહે એસએમઇ સેગમેન્ટમાં છેલ્લો જાહેર ઇશ્યૂ ફ્લાઇબીસ પહેલી ઓગસ્ટે ખુલશે. ■

# રિયલ્ટી, આઇટીના ધોવાણ સાથે એમકેપમાં ₹ ૬.૭૦ લાખ કરોડનો ઘટાડો

મુંબઇઃ બેન્કેક્સ અને હેલ્થકેર ઈન્ડેક્સ સૌથી વધુ સુધારા અને રિયલ્ટી અને આઈટી શેરો સૌથી ઘટાડા વચ્ચે પાછલા સપ્તાહે માર્કેટ કેપમાં રૂ. ૬.૭૦ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. શુક્રવાર તા. ૨૫ જુલાઈ, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સપ્તાહ દરમિયાન સેન્સેક્સ ૨૯૪.૬૪ પોઈન્ટ્સ (૦.૩૬ ટકા) ઘટ્યો હતો. સપ્તાહના અંતમાં સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૭૫૭.૭૩ના બંધ સામે આ શુક્રવારે ૮૧,૪૬૩.૦૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

ગત શુક્રવાર ૧૧ જુલાઈ ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ. ૪૫૮.૩૭ લાખ કરોડ હતું તે ૨૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ રૂ.૬.૭૦ લાખ કરોડ ઘટીને રૂ.૪૫૧.૬૭ લાખ કરોડ થયું હતું. સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ ઘટ્યા હતા, જેમાં, બીએસઈ સ્મોલકેપ (૨.૪૯ ટકા), બીએસઈ મિડકેપ (૧.૭૧ ટકા), બીએસઈ ૧૦૦ (૦.૭૩ ટકા), બીએસઈ ૨૦૦ (૦.૮૯ ટકા), બીએસઈ ૫૦૦ (૧.૧૦ ટકા) ઘટ્યા હતા. સેન્સેક્સના સૌથી વધેલા શેરોમાં એટર્નલ (૧૭.૧૪ ટકા), આઈસીઆઈસીઆઈ બેંક (૩.૩૯ ટકા), એચડીએફસી બેંક (૨.૩૫ ટકા), ભારતી એરટેલ (૧.૮૯ ટકા) અને ટાઇટન (૧.૬૬ ટકા)નો અને ઘટેલા શેરોમાં ટ્રેન્ટ (૬.૫૪ ટકા), રિલાયન્સ (૬.૦૯ ટકા), ટેક મહિન્દ્રા (૫.૯૩ ટકા), ઇન્ફોસિસ (૪.૬૮ ટકા) અને ઇંઈક ટેક (૩.૯૭ ટકા)નો સમાવેશ હતો.

સપ્તાહ દરમિયાન કંપની પરિણામોને આધારે ઘણી શેરલક્ષી કામકાજ જોવા મળ્યા હતા. માઇક્રો ઇરિગેશન સોલ્યુશન્સની અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે સોલાર ઇપીસીમાં વૈવિધ્યીકરણ કર્યું છે, તેને ગુજરાતમાં પીએમકુસુમ યોજનાના ઘટક-બી હેઠળ વિક્રેતા તરીકે પેનલમેન્ટ માટે દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ તરફથી સ્વીકૃતિ પત્ર (એલએઓ) પ્રાપ્ત થયો છે. આ પેનલમેન્ટ કંપનીને ઓફ-ગ્રીડ સ્ટેન્ડઅલોન સોલાર ફોટોવોલ્ટેઇક વોટર પમ્પિંગ સિસ્ટમ્સ સપ્લાય કરવા માટે અધિકૃત કરે છે.

અન્ય કોર્પોરેટ હલચલમાં આદિત્ય બિરલા રિઅલ એસ્ટેટે જૂન ક્વાર્ટરમાં રૂ. ૨૭.૦૮ કરોડની ખોટ નોંધાવી છે. કુલ આવક પણ પાછલા વર્ષના રૂ. ૩૬૫.૨૪ કરોડ સામે ઘટીને રૂ. ૧૫૭.૪૧ કરોડ રહી છે. મારુતિ સુઝુકીએ ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝમાં ટેકનોલોજી આધારિત સોલ્યુશન્સ વિકસાવવા માટે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ સાથે કરાર કર્યા છે. વેસ્ટલાઇફ ફુડવર્લ્ડે પ્રથમ ક્વાર્ટરમાં ૬૩ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. કોલગેટ પામોલીવ ઇન્ડિયાએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૨ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જીઓબ્લેક રોકે મેઇડન આઇપીઓ દ્વારા રૂ. ૧૭,૮૦૦ કરોડ એકત્ર કર્યા છે. આઇસીઆઇસીઆઇ બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧૫.૯ ટકાના વધારા સાથે રૂ. ૧૩,૫૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧.૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬,૨૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બેન્કે ૧:૧ના રેશિયોમાં બોનસ શેર અને શેરદીઠ પાંચ રૂપિયાના સ્પેશિયલ ડિવિડંડની જાહેરાત કરી છે. પેટીએમ બ્રાન્ડની માલિક, વન૯૭ કમ્યુનિકેશને પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૧૨૨.૫૦ કરોડનો નફો નોંધાવ્યો છે. કંપનીએ પહેલી જ વાર નફો નોંધાવ્યો છે. ■

# ભારત-યુકે એફટીએથી ફાર્મા અને વસ્ત્રોદ્યોગને મોટો લાભ

નવી દિલ્હીઃ બ્રિટનના મુક્ત વેપાર કરાર હેઠળ શૂન્ય ડ્યુટી પર સંમત થવાને ભારતની જેનરિક દવાઓ અને એક્સ-રે સિસ્ટમ્સ અને સર્જિકલ સાધનો સહિતના તબીબી ઉપકરણોની નિકાસમાં મોટો વધારો થવાની ધારણા છે.

આ યુકે અને ભારત વચ્ચે ગુરુવારે લંડનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુકેના વડા પ્રધાન કીર સ્ટાર્મરની હાજરીમાં થયેલા મુક્ત વેપાર કરારનો એક ભાગ છે. આ કરારમાં ભારતની અનેક આઇટમોને યુકેની બજારમાં ટેરિફમુક્ત પ્રવેશ મળવાની વિગતોનો સમાવેશ છે. વાણિજ્ય મંત્રાલયના એક અધિકારીના જણાવ્યા અનુસાર, ‘સર્જિકલ સાધનો, ડાયગ્નોસ્ટિક ઉપકરણો, ઇસીજી મશીનો, એક્સ-રે સિસ્ટમ્સ જેવા તબીબી ઉપકરણોના નોંધપાત્ર હિસ્સા પર કોઈ ડ્યુટી લાગશે નહીં.’ ઉક્ત એફટીએથી ભારતના ટેક્સટાઇલ ઉદ્યોગને પણ લાભ મળશે.

સત્તાવાર રીતે કોમ્પ્રીહેન્સીવ ઇકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (સીટા) તરીકે આળખાતા આ કરારને કારણે વસ્ત્રોદ્યોગને પણ લાભ મળશે. એઇપીસી અનુસાર આ કરારને કારણે દેશની એપરેલ પ્રોડક્ટને યુકેમાં સ્પર્ધાત્મક પ્રવેશ મશશે અને ગાર્મેન્ટ ઉદ્યોગમાં વધુ રોજગાર અને ઇન્વેસ્ટમેન્ટ જોવા મળશે.

ભારત અને યુકે વચ્ચેનો મુક્ત વેપાર કરાર દેશની રસાયણ નિકાસ અને સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા માટે મદદ કરશે કારણ કે આ ક્ષેત્રની સંખ્યાબંધ ઉત્પાદન શ્રેણીઓ બ્રિટનમાં ડ્યુટી-મુક્ત પ્રવેશનો લાભ મેળવશે, એમ આ ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગ સંગઠને જણાવ્યું છે. ■

## ગુજરાત

# સુરતમાં ભેળસેળયુક્ત મસાલા વેચતા પાંચ ઝડપાયા

## સુરત પોલીસે ૨૪.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નકલી વસ્તુઓ, નકલી અધિકારીઓ, નકલી કોર્ટ, નકલી કચેરીઓ બાદ હવે સુરતમાંથી ભેળસેળ યુક્ત મસાલાનો પર્દાફાશ કર્યો હતો. સુરત પોલીસ ઝોન ૨ ટીમે મોટી કાર્યવાહી કરીને મસાલાના ઉત્પાદન સાથે સંકળાયેલી મોટી કંપનીઓના નામે વેચાણ કરનારા પાંચ શખ્સોની પોલીસે અટકાયત કરી હતી. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૨૪.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મળતી વિગતો અનુસાર સુરતમાં પોલીસે એક મોટી કાર્યવાહી હાથ ધરી હતી અને મસાલાના ઉત્પાદન સાથે સંકળાયેલી મોટી કંપનીઓના નામ પર ભેળસેળ યુક્ત મસાલાના વેંચાણનો પર્દાફાશ કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે મસાલામાં ભેળસેળ કરનારા ૫ શખ્સોને ઝડપીને કુલ ૨૪.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે મસાલા પેકિંગ કરનારા ૪ વર્કર અને એક માલિક સહિત કુલ પાંચ લોકોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે જે લોકોની ધરપકડ કરી છે તેમાં વિનોદ, કેલુ મુર્મ, વિનોદ પુના દાસ, સુરેન્દ્રકુમાર દાસ અને મલિક સુનિલ સોનીનો સમાવેશ થાય છે. પેકિંગ કરનારા વર્કરો છેલ્લા એક મહિનાથી કામ કરતા હતા. તે સિવાય અન્ય મુખ્ય બે આરોપીઓમાં સુનિલ સોની અને અનિલ ગોહેલના નામનો પણ સમાવેશ થાય છે. તે ઉપરાંત પોલીસે કારખાનાના માલિક અનિલ ગોહેલને વોન્ટેડ જાહેર કર્યો હતો. ■

# ઓપરેશન સિંદૂરની સફળતામાં લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ નિર્ણાયક પરિબળ હતુંઃ રાજનાથ સિંહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે રવિવારે જણાવ્યું હતું કે પહલગામ હુમલા પછી પાકિસ્તાનમાં આતંકવાદી માળખાને નિશાન બનાવતા મે મહિનામાં ભારતીય સશસ્ત્ર દળો દ્વારા શરૂ કરાયેલ ઓપરેશન સિંદૂરની સફળતામાં વિવિધ એજન્સીઓ દ્વારા લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ એક નિર્ણાયક પરિબળ હતું.

રેલવે મંત્રાલય હેઠળ આવતી વડોદરાસ્થિત ગતિ શક્તિ યુનિવર્સિટીના ત્રીજા દીક્ષાંત સમારોહમાં વર્ચ્યુઅલી ઉપસ્થિત રહેલા રાજનાથ સિંહે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને વર્ચ્યુઅલી સંબોધન કરતા આ વાત જણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, દુનિયા જે ગતિએ બદલાઈ રહી છે તે ચોંકાવનારી અને આઘાતજનક બાબત છે. સંરક્ષણ ક્ષેત્ર પણ બદલાઈ રહ્યું છે, અને યુદ્ધની પદ્ધતિઓમાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. આજના યુગમાં, યુદ્ધો ફક્ત બંદૂકો અને ગોળીઓથી જ જીતવામાં આવતા નથી, પરંતુ સમયબદ્ધ રીતે જીતવામાં આવે છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, લોજિસ્ટિક મેનેજમેન્ટ યુદ્ધના મેદાનમાં કોઈ પણ દેશનું ભાગ્ય નક્કી કરે છે. તેમણે કહ્યું હતું કે હાર અને પરાજય લોજિસ્ટિક્સ દ્વારા નક્કી થાય છે, અને ઓપરેશન સિંદૂર દરમિયાન આખી દુનિયાએ આ જોયું પણ છે.

વિવિધ એજન્સીઓ દ્વારા લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ સુધી અપનાવવામાં આવેલા અભિગમ, આપણા સશસ્ત્ર દળોને એકત્રીકરણથી લઈને યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ જરૂરી સામગ્રી પહોંચાડવા સુધી, આ ઓપરેશનની સફળતામાં નિર્ણાયક પરિબળ સાબિત થયું હતું. લોજિસ્ટિક્સને ફક્ત માલ પહોંચાડવાની પ્રક્રિયા તરીકે ન જોવું જોઈએ પરંતુ તેને વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર તરીકે ગણવું જોઈએ. લોજિસ્ટિક્સ એ છે જે યુદ્ધભૂમિને યુદ્ધભૂમિ બનાવે છે. લોજિસ્ટિક્સ વિના, તે મૂંઝવણનું ક્ષેત્ર બની જશે. યુદ્ધ દરમિયાન, જો શસ્ત્રો અને દારૂગોળો યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ ન પહોંચે, તો તેનો કોઈ ફાયદો નથી. આપણું લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ જેટલું મજબૂત હશે, આપણી સરહદો એટલી જ મજબૂત રહેશે.

તેમણે કહ્યું હતું કે, આજે આપણે એવા યુગમાં છીએ જ્યાં શક્તિ ફક્ત શસ્ત્રો દ્વારા જ નહીં પરંતુ સમયસર સંસાધન વ્યવસ્થાપન દ્વારા માપવામાં આવે છે. યુદ્ધ હોય, કુદરતી આપત્તિ હોય કે વૈશ્વિક રોગચાળો હોય, તે સાબિત થયું છે કે જે રાષ્ટ્ર તેની લોજિસ્ટિક્સ શૃંખલાને મજબૂત રાખે છે તે સૌથી સ્થિર, સુરક્ષિત અને સક્ષમ છે. સેના માટે, લોજિસ્ટિક્સનો અર્થ એ છે કે શસ્ત્રો, ઈંધણ, રાશન અને દવાઓ કોઈપણ વિલંબ વિના દૂરના વિસ્તારોમાં પહોંચે તે સુનિશ્ચિત કરવું અને નૌકાદળ માટે સ્પેરપાર્ટ્સ અને અન્ય સાધનો જહાજોને સમયસર ઉપલબ્ધ કરાય છે. ■

# દહેજમાં કેમિકલ કંપનીના રિએક્ટરમાં બ્લાસ્ટ

## બે કામદારનાં મોતઃ એકની હાલત નાજુક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચ જિલ્લાની દહેજ ઔદ્યોગિક વસાહતમાં વધુ એક દુર્ઘટના સર્જાઈ હતી. દહેજ સ્થિત સેઝ-૧ માં આવેલી ૧૧ વર્ષ જૂની શિવા ફાર્મા કેમ કંપનીમાં ગત મધરાતે રિએક્ટર બ્લાસ્ટ થતા બે કામદારોનાં મોત થયા હતા, જ્યારે એક કામદાર ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર અર્થે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

વડોદરામાં હેડક્વાર્ટર ધરાવતી અને ૨૨ દેશોમાં નિકાસ કરતી શિવા ફાર્મા કેમ કંપની એસિડ, આલ્કલાઈ ક્લોરાઈડનું ઉત્પાદન કરે છે. શનિવારે રાતે લગભગ ૨:૪૦ વાગ્યાની આસપાસ એસિડ ક્લોરાઈડ પ્લાન્ટમાં ઉત્પાદન દરમિયાન રીએક્ટરની કોલમમાં ઓવરપ્રેશર થતા દબાણ વધી જતાં રિએક્ટર ફાટી ગયું હતું અને એસિડ તથા ગેસ બહાર નીકળતાં નાઈટ શિફ્ટમાં કામ કરતા ત્રણ કામદારો ગંભીર રીતે ઘવાયા હતા.

આ દુર્ઘટનામાં મનાડ ગામના અર્જુન પટેલ, પાલડી ગામના પ્રવીણ પરમાર અને ત્રાંકલ ગામના શૈલેન્દ્રસિંહ યાદવને તાત્કાલિક સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. જ્યાં અર્જુન પટેલ અને પ્રવીણ પરમારનું મોત નીપજ્યું હતું, જ્યારે શૈલેન્દ્રસિંહની હાલત ગંભીર હોવાનું માલૂમ પડ્યું હતું.

આ ઘટનાની જાણ થતાં દહેજ પોલીસ અને ઇન્ડસ્ટ્રીયલ હેલ્થ એન્ડ સેફ્ટી વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. વિભાગના ડાયરેક્ટર આશુતોષ મેરિયાએ જણાવ્યું હતું કે, ફેક્ટરી એક્ટ હેઠળ કંપની સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને તપાસના અંતે પ્રોહિબિટરી નોટિસ ફટકારવામાં આવશે. ■

# વડોદરામાં ૨૦૦ આંગણવાડીઓ હજુ પણ ભાડાના મકાનમાં ચાલે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)૦

અમદાવાદઃ વડોદરા મહાનગરપાલિકા દ્વારા સંચાલિત આઈસીડીએસ પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત કુલ ૪૩૯ આંગણવાડીઓમાંથી, લગભગ ૨૦૦ જેટલી આંગણવાડીઓ હજુ પણ ભાડાના મકાનોમાં ચાલી રહી છે. આ આંગણવાડીઓમાં ૩થી ૬ વર્ષના લગભગ ૧૦,૦૦૦ ભૂલકાઓ પાયાનું શિક્ષણ મેળવી રહ્યા છે. આ ભાડાનાં મકાનો પાછળ સરકાર દ્વારા પ્રતિ માસ આશરે ૬થી ૭ લાખ અને વર્ષે રૂ. ૧ કરોડ જેટલી માતબર રકમ ભાડા પેટે ચૂકવવામાં આવે છે.

વડોદરા શહેરમાં નાના બાળકોનાં પાયાના શિક્ષણ માટે ચાલતી આંગણવાડીઓ લાંબા સમયથી મકાનની સમસ્યા સામે ઝઝૂમી રહી છે. ભાડાના મકાનોમાં આંગણવાડી ચલાવવી એ કર્મચારીઓ માટે પણ મુશ્કેલ બની રહ્યું છે. ઘણી વખત મકાનમાલિકોને ભાડું સમયસર મળતું નથી, જેના કારણે આંગણવાડીમાં કાર્યરત કર્મચારીઓને પોતાના ખિસ્સામાંથી ભાડા ભરવાની ફરજ પડે છે. અગાઉ એવા કિસ્સાઓ પણ બન્યા છે કે, જ્યારે મકાનમાલિકો કોઈ સંજોગોમાં મકાન ખાલી કરાવે ત્યારે નવી જગ્યા શોધવાની જવાબદારી પણ આંગણવાડીના કર્મચારીઓને જ સોંપવામાં આવે છે. તે સમયે આંગણવાડીઓને યોગ્ય મકાન શોધવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ભાડાના મકાનોમાં ચાલતી આંગણવાડીઓ અંગે કોર્પોરેશનના અધિકારી ડૉ. દેવેશ પટેલે જણાવ્યું હતું કે, સરકારની ગ્રાન્ટ હેઠળ ચાલતી આંગણવાડીઓ માટે એક મકાનનું અંદાજિત સરેરાશ ભાડું રૂ. ૩થી ૪ હજાર ચૂકવવામાં આવે છે. તેમણે સ્વીકાર્યું હતું કે, આંગણવાડીઓ ભાડાના મકાનમાંથી પોતાના માલિકીના મકાનમાં કાર્યરત થાય તેવા પ્રયાસો ચાલી રહ્યા છે.

પાલિકા પણ આ માટે પ્લોટ આપવા તૈયાર છે અને સરકાર મકાન બનાવવા પણ તૈયાર છે. જોકે, ડૉ. પટેલે કેટલાક કારણોસર આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચલાવવી પડે છે તેમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, ક્યારેક બાળકોની સંખ્યાનો પ્રશ્ન તો ક્યારેક સ્લમ વિસ્તારો દૂર કરવાના કારણો પણ આ માટે જવાબદાર હોય છે. તેમ છતાં, તમામ પાસાંઓનો અભ્યાસ કરીને આંગણવાડીઓ માલિકીના મકાનોમાં ચાલે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ■

# અમરેલીના ખાંભાના રેવન્યૂ વિસ્તારમાંથી દીપડાનો મૃતદેહ મળ્યો

## મોત અંગે અનેક તર્કવિતર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના ખાંભા-તુલસીશ્યામ રેંજના ખાંભા શહેરના રેવન્યુ વિસ્તારમાંથી એક દીપડાનો મૃતદેહ મળી આવતા વન વિભાગ હરકતમાં આવ્યું હતું. સ્થાનિક લોકોએ દીપડાના મોતના સમાચાર આપતા જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

મળતી માહિતી મુજબ, ખાંભાથી મીતીયાળા જવાના કાચા રસ્તા પરથી આશરે ૧૪ થી ૧૫ વર્ષના આ દીપડાનો મૃતદેહ મળી આવ્યો હતો. વન વિભાગ દ્વારા દીપડાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખાંભા તુલસીશ્યામ રેન્જ ઓફિસ ખાતે લઈ જવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, દીપડાનું મોત ઉંમર મર્યાદાને કારણે થયું હોવાની શક્યતા છે. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે. આ ઘટનાને પગલે વન્યજીવ પ્રેમીઓએ ચિંતા વ્યક્ત કરી હતી. ■

# વડોદરા ગતિ શક્તિ યુનિ. દીક્ષાંત સમારોહમાં ૧૯૪ વિદ્યાર્થીને ડિગ્રી એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની ગતિ શક્તિ યુનિવર્સિટીમાં ત્રીજો દીક્ષાંત સમારોહ યોજાયો હતો, જેમાં યુનિવર્સિટીના ચાન્સેલર અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતિમાં ૧૯૪ વિદ્યાર્થીઓને બી.ટેક, બીબીએ અને એમબીએ જેવા અભ્યાસક્રમોમાં ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. પંડિત દિનદયાળ ઓડિટોરિયમ ખાતે આયોજિત આ સમારોહમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ પણ વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. આ અવસરે રેલવે પ્રધાનએ યુનિવર્સિટીના મરીન અને શિપિંગ ક્ષેત્ર સાથે પણ જોડાશે એવી જાહેરાત કરી હતી, જે જીએસવીના સમગ્ર પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં દેશના વિકાસમાં યોગદાનને વધુ મજબૂતી આપશે. ભારત સરકારના રેલવે, માહિતી અને પ્રસારણ, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી પ્રધાન અશ્વિની વૈષ્ણવ, જે યુનિવર્સિટીના કુલપતિ પણ છે, જેઓએ સમારોહની અધ્યક્ષતા કરી હતી. વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશી આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે વડોદરાના રાજમાતા શુભાંગીરાજે ગાયકવાડ પણ ઉપસ્થિત રહ્યા હતા. રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સનો મહત્ત્વનો રોલ છે. આ મોટા વિઝન સાથે વડોદરામાં ગતિ શક્તિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, યુનિવર્સિટી લોજિસ્ટિક્સ, ટ્રાન્સપોર્ટેશન અને ટેકનોલોજી જેવા વિષયોમાં વિદ્યાર્થીઓને તૈયાર કરી રહી છે, જેનાથી ભવિષ્યમાં તેમને ઘણો ફાયદો થશે. ગતિ શક્તિ યુનિવર્સિટીએ માત્ર અઢી વર્ષના ટૂંકા ગાળામાં એરબસ, એલસ્ટોમ, એલ એન્ડ ટી, સિમેન્સ જેવી વિશ્વ વિખ્યાત સંસ્થાઓ સાથે સહયોગ સ્થાપ્યો છે. આ ઉપરાંત, યુનિવર્સિટીને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા પણ સન્માન મળ્યું છે અને તે દેશભરમાં એક મોડલ તરીકે પ્રસિદ્ધિ પામી છે.

રવિવારે યોજાયેલા આ સમારોહમાં એક મહત્ત્વનો નિર્ણય પણ જાહેર કરવામાં આવ્યો કે, ગતિ શક્તિ યુનિવર્સિટી હવે મરીન અને શિપિંગ ક્ષેત્ર સાથે પણ જોડાશે, જે યુનિવર્સિટીના વિસ્તરણ અને વૈશ્વિક સ્તરે તેની પહોંચને વધુ મજબૂત કરશે. આ પદવીદાન સમારોહ ગતિ શક્તિ યુનિવર્સિટીની શૈક્ષણિક ઉત્કૃષ્ટતા અને દેશના વિકાસમાં તેના યોગદાનનો એક ઉત્તમ દાખલો છે. ■

નવમાં પાનાનું ચાલુ

## શિંદેના 'ઓપરેશન

ફરજિયાતના મુદ્દે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે સાથે આવતાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. પાલિકાની ચૂંટણીઓ ટૂંક સમયમાં જાહેર થવાની શક્યતા છે અને જો આ બંને ભાઈઓ મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ગઠબંધન કરે છે, તો એવો અંદાજ છે કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાને સૌથી વધુ નુકસાન થઈ શકે છે. હાલમાં, ભલે તે મરાઠીના મુદ્દા પર એક હોય, ઠાકરે ભાઈઓના એકસાથે આવવાથી તેમના કાર્યકરોમાં ઉત્સાહ અને નવચેતના જાગી છે.

એવી પણ ચર્ચા ચાલી રહી છે કે આ રાજકારણનો ફાયદો બંનેને થશે. ઓછામાં ઓછું મુંબઈમાં તો તેનો ફાયદો ચોક્કસ થશે. આના કારણે, ઠાકરેના પક્ષમાંથી શિંદેના પક્ષમાં ગયેલા ભૂતપૂર્વ કોર્પોરેટરોમાં હવે અસ્વસ્થતા વધી ગઈ છે. ઉદ્ધવ ઠાકરેના પક્ષના વરિષ્ઠ નેતાઓ એવો પણ દાવો કરી રહ્યા છે કે શિંદે પાસે ગયેલા ઘણા ભૂતપૂર્વ કોર્પોરેટરો અને વિધાનસભ્યો અમારા સંપર્કમાં છે અને પાછા ફરવા માગે છે. ■

## ૧૯ જૂન પછી કોઈ

દિવસે બેઠકમાં આવેલા કોર્પોરેટરને આકર્ષીને ઉદ્ધવ ઠાકરેને પડકાર ફેંક્યો હતો. જોકે, ત્યાર બાદ મુંબઈના કોઈ ભૂતપૂર્વ કોર્પોરેટર શિંદે સેનામાં જોડાયા નથી.

રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ હિન્દી ફરજિયાત કરવાનો વિરોધ શરૂ કર્યા પછી, બંને ભાઈઓ એક સાથે આવવાની ચર્ચા થઈ હતી. ત્યારે જ રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પાર્ટીના ભૂતપૂર્વ કોર્પોરેટર સંજય તુર્ડે શિંદેની શિવસેનામાં જોડાયા હતા. એવી ચર્ચા હતી કે શિંદેએ તુર્ડેને પાર્ટીમાં જોડીને રાજ ઠાકરેને પડકાર ફેંક્યો હતો. ઠાકરે ભાઈઓ ભેગા થયા પછી, શિંદેની પાર્ટીના પદાધિકારીઓએ પણ વિવિધ રીતે રાજને આકર્ષવાનો પ્રયાસ કર્યો. એક તરફ, રાજ ઠાકરેને આકર્ષવાના પ્રયાસો થઈ રહ્યા હતા, તો બીજી તરફ, શિંદેની બેવડી રણનીતિને કારણે મનસે કાર્યકરોમાં અવિશ્વાસ છે. ■

## આજથી મુંબઈ

મુંબઈમાં ૧૦.૧૮ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૧૭.૧૬ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૧૩.૭૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. રવિવારે સવારના આઠ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં દક્ષિણ મુંબઈમાં ૩.૭૭ મિ.મી. અને પૂર્વ ઉપનગરમાં ૧૨.૧૧ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૭.૮૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો મુંબઈમાં ચોમાસાના સરેરાશ ૪૫.૮ ટકા વરસાદ પડી ચૂક્યો છે, જેમાં સાતાંક્રુઝમાં અત્યાર સુધી ચોમાસાનો સરેરાશ ૧૨૭૩.૫ મિ.મી. વરસાદ પડયો છે, જે સામાન્ય કરતા ૨૫.૧ મિ.મી.વધુ છે. તો કોલાબામાં મોસમનો અત્યાર સુધી ૯૪૧.૪ મિમી. વરસાદ પડી ચૂક્યો છે, જે સરેરાશ કરતા ૨૧૬.૬ મિ.મી. ઓછો છે. રવિવારે દરિયામાં બપોરના ૧.૫૬ વાગ્યાથી મોટી ભરતી હતી આ દરમ્યાન મોજાં ૪.૬૦ મીટરથી ઊંચા ઉછળ્યા હતા. રવિવારની રજાનો દિવસ હોવાથી મોટી સંખ્યામાં પર્યટકો દરિયાકિનારા પર ફરવા જતા હોય છે પણ રવિવારે મોટી ભરતીને ધ્યાનમાં રાખીને પોલીસે તમામ ચોપાટીઓ પર ચુસ્ત બંદોબસ્ત રાખ્યો હતો અને નાગરિકોને દરિયા કિનારાથી દૂર રહેવાની સતત ચેતવણી આપવામાં આવી હતી.

### જળાશયોમાં ૮૯.૭૦ ટકા પાણી જમા

મુંબઈ પાણીપુરવઠો કરનારા સાતેય જળાશયોમાં રવિવારે સવારના ૧૨,૯૮,૨૮૨ મિલ્યન લિટર (૮૯.૭૦ ટકા) પાણી જમા થઈ ગયું હતું. આ પાણી મુંબઈગરાને ૩૨૯ દિવસ ચાલે એટલું છે. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૭૧.૯૫ ટકા અને ૨૦૨૩ની સાલમાં ૬૧.૫૮ ટકા પાણીનો જથ્થો હતો. મુંબઈને આખુ વર્ષ પાણીકાપ વગર પાણી પુરવઠો કરવો હોય તો પહેલી ઑક્ટોબરના સાતેય જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલો પાણીનો સ્ટોક હોવો આવશ્યક છે. અત્યાર સુધી મુંબઈને પાણીપુરવઠો કરનારું મોડક સાગર અને તાનસા છલકાઈ ગયું છે.

### થાણેમાં નાગરિકોને પાણી ઉકાળીને પીવાની સલાહ

છેલ્લા થોડા દિવસથી ભાતસા બંધમાં થઈ રહેલી અતિવૃષ્ટિને કારણે થાણે પાલિકાના પિસે પંપિંગ સ્ટેશન પાસેના નદીના પટમાં મોટા પ્રમાણમાં કાદવ, કચરો અને ઝાડની શાખાઓ જમા થઈ ગઈ છે. તેથી સતત બે દિવસથી પૂર્ણ ક્ષમતાએ પંપિંગ કરવામાં અવરોધ આવી રહ્યા છે. પાણીના શુદ્ધીકરણ પ્રક્રિયા પર અસર થઈ રહી હોવાથી થાણે શહેરના થનારો પાણીપુરવઠો ઓછો થઈ ગયો છે. થાણેમાં હજી બે દિવસ અપૂરતા પ્રમાણમાં પાણીપુરવઠો થશે. આ સમય દરમ્યાન નાગરિકોને પાણી ઉકાળીને અને કરકસરપૂર્વક વાપરવાની થાણે પાલિકાએ અપીલ કરી છે. ■

## ૨૬.૩૪ લાખ

ઓળખવા માટે સરકારના તમામ વિભાગો પાસેથી માહિતી માગી હતી. તે મુજબ, માહિતી અને ટેકનોલોજી વિભાગે માહિતી રજૂ કરી છે કે લગભગ ૨૬.૩૪ લાખ લાભાર્થીઓ અપાત્ર હોવા છતાં લાડકી બહેન યોજનાનો લાભ મેળવી રહ્યા છે.

એવું નોંધાયું છે કે કેટલાક લાભાર્થીઓ એક કરતાં વધુ યોજનાનો લાભ લઈ રહ્યા છે, કેટલાક પરિવારોમાં બેથી વધુ લાભાર્થીઓ છે, અને કેટલીક જગ્યાએ પુરુષોએ અરજી કરી છે. આ બધી માહિતીના આધારે બધું મળીને ૨૬.૩૪ લાખ અરજદારોના લાભો જૂન ૨૦૨૫થી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યા છે, એમ અદિતિ તટકરેએ જણાવ્યું હતું. ■

## લોનાવલામાં મહિલા

મહિલાના દાવાની ચકાસણી કરી રહી છે.મહિલાએ દાવો કર્યો હતો કે ત્રણ અજાણ્યા શખસોએ કારમાં તેનું અપહરણ કર્યું હતું અને બાદમાં બળાત્કાર ગુજાર્યો હતો. જોકે તપાસ દરમિયાન કારમાં એક જ શખસ હાજર હોવાનું અને મહિલાને તે ઓળખતો હોવાનું જાણવા મળ્યું હતું. (પીટીઆઇ) ■

## શહાપુરમાં ખોરાકી

માતા સંધ્યા બેરે (૨૭) વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને પૂછપરછ બાદ મોડી રાતે તેની ધરપકડ કરી હતી.

પૂછપરછમાં એવું જાણવા મળ્યું હતું કે સંધ્યાએ ભોજનમાં જંતુનાશક દવા ભેળવી હતી અને તે તેની ત્રણ પુત્રીને પીરસ્યું હતું. સંધ્યા બેરે ઘરેલું સમસ્યાઓથી ઝઝૂમી રહી હતી અને પતિ સંદીપના દારૂના વ્યસનથી પણ કંટાળી ગઇ હતી. તે પતિથી અલગ થઇ હતી અને ત્રણેય પુત્રીની સંભાળ રાખવા માટે સંઘર્ષ કરી રહી હતી. બાળકીઓનાં મૃત્યુમાં તેની માતા સંધ્યાની સંડોવણી હોવાની શંકા તેના સાસરિયાંને હતી. ■

## એકનાથ ખડસેએ

વધુમાં કહ્યું હતું કે, પોલીસ તંત્રે ખરેખર યોગ્ય રીતે તપાસ કરવી જોઈએ, પરંતુ કેટલીક જગ્યાએ એવું બને છે કે પોલીસ તંત્ર યોગ્ય રીતે તપાસ કરતું નથી. લોકોના મનમાં આવી છબી છે. જો આ બાબતમાં તથ્ય હશે, તો હું ક્યારેય તેમનું સમર્થન નહીં કરું પછી ભલે તે મારો જમાઈ હોય, પરંતુ જો જાણી જોઈને અમને ફસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હશે, તો તે પણ સહન કરવામાં આવશે નહીં.

એકનાથ ખડસેના 'અમારી સામે છટકું ગોઠવવામાં આવશે એવી ભીતી હતી' એવા નિવેદન પછી તેમના રાજકીય વિરોધી અને ભાજપના નેતા ગિરીશ મહાજને આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે, જો ખડસેને ખ્યાલ હતો કે છટકું ગોઠવવામાં આવશે, તો તેમણે જમાઈને પહેલેથી ચેતવણી આપવી જોઈતી હતી. ગિરિશ મહાજને આગળ કહ્યું, મને લાગે છે કે ખડસેનું નિવેદન અર્થહીન છે. જે બન્યું તે સ્વીકારવું જોઈએ. તપાસ પછી, જે દોષી છે તેમને સજા થશે. જ્યારે કંઈક થાય છે, ત્યારે તેઓ કહે છે કે કાવતરું હતું. ■

## પુણેમાં રેવ પાર્ટી

અંગે માહિતી મળ્યા બાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમે રવિવારે મળસકે ૩.૩૦ વાગ્યે ત્યાં રેઇડ પાડી હતી, ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઇમ) નિખિલ પિંગળેએ જણાવ્યું હતું. રેઇડ દરમિયાન પોલીસે ત્યાંથી ૨.૭ ગ્રામ કોકેઇન, ૭૦ ગ્રામ ગાંજો, હુક્કાનો પોટ, વિવિધ હુક્કાની ફ્લેવર, દારૂ અને બિયરની બોટલો જપ્ત કરી હતી.

આ પ્રકરણમાં પાંજલ ખેવલકર, નિખિલ પોપટાની, સમીર સૈયદ, શ્રીપદ યાદવ, સચિન ભોમ્બે, ઇશા સિંહ એ પ્રાચી શર્માની ધરપકડ કરવામાં આવી હતી. તેમની વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

તમામ લોકોને તબીબી તપાસ માટે મોકલવામાં આવ્યા હતા અને તેમના રિપોર્ટની રાહ જોવાઇ રહી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ રેઇડ અંગે પ્રતિક્રિયા આપતાં એકનાથ ખડસેએ જણાવ્યું હતું કે પોલીસની કાર્યવાહી પાછળ કોઇ રાજકીય હેતુ છે કે કેમ તેની તપાસ થવી જોઇએ.

### આ કાર્યવાહી પાછળ રાજકીય હેતુઃ વિદ્યા ચવ્હાણ

પ્રાંજલ ખેવલકરની ધરપકડ બાદ, એનસીપી (એસપી)ના પ્રવક્તા વિદ્યા ચવ્હાણે આ મામલે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી, એનસીપી (એસપી)ના નેતા અને મહિલા આઘાડીના પ્રદેશ પ્રમુખ રોહિણી ખડસે સરકારની આક્રમક ટીકા કરી રહ્યા છે.

અત્યારે રાજ્યમાં એવી સ્થિતિ છે કે જો કોઈ સરકાર વિરુદ્ધ બોલતું જોવા મળે, તો તેને સીધા હેરાન કરવાને બદલે, તેમના પરિવારને સતામણી કરવામાં આવતી હોય છે. ત્રાસ આપવાની એક નવી પદ્ધતિ શરૂ થઈ છે. જે લોકો વિરોધમાં બોલે છે તેમને સીધું કંઈ કરી શકાતું નથી, તેથી પરિવારોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે,' એવો આરોપ વિદ્યા ચવ્હાણે લગાવ્યો હતો.

### પોલીસ કાર્યવાહીમાં કશું ખોટું કરાયું નથીઃ અજિત પવાર

પુણે ક્રાઈમ બ્રાન્ચે પુણેના ખરાડી વિસ્તારમાં એક સોસાયટીમાં રેવ પાર્ટી પર દરોડા પાડીને મોટી કાર્યવાહી કરી છે. આ કથિત રેવ પાર્ટીમાં, એનસીપી (એસપી) પાર્ટીના નેતા રોહિણી ખડસેના પતિ એડવોકેટ પ્રાંજલ ખેવલકરની ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ દરોડામાં કોકેન, ગાંજા અને અન્ય માદક દ્રવ્યો પણ જપ્ત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ કેસમાં પ્રાંજલ ખેવલકર સહિત સાત લોકોની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન, રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને પુણે જિલ્લાના પાલક પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે, 'પોલીસ આ રેવ પાર્ટી કેસમાં યોગ્ય રીતે તપાસ કરી રહી છે. કોઈને પણ અન્યાય કરવા માગતા નથી અને આ કાર્યવાહી પાછળ કોઈ વિશેષ કારણ નથી,' એમ અજિત પવારે કહ્યું હતું.

'પુણેના કમિશનર કાયદા અને નિયમો અનુસાર પુણેમાં રેવ પાર્ટીની ઘટનાની તપાસ કરી રહ્યા છે. તે સ્થળે મળેલા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. કોઈની સાથે ખોટું વર્તન કરવાનો હેતુ નથી અને કોઈ પણ કશું ખોટું કરવા માગતું નથી,' એમ અજિત પવારે કહ્યું હતું. ■

## નેશનલ પાર્કની

૨૦૨૫ ના રોજ શરૂ થયા હતા, અને પાંચમી જુલાઈના રોજ પૂર્ણ ક્ષમતાવાળા સફળ ટ્રાયલ પૂર્ણ થયા હતા. દૈનિક ટેકનિકલ ચકાસણી ૨૫ જુલાઈના રોજ પૂર્ણ થઈ હતી.

લાલ-કાળા રંગની ટ્રેનમાં કાચની છત અને મોટી કાચની બારીઓથી જંગલનો મનોહર નજારો જોવા મળશે, જ્યારે મેટ્રો-શૈલીની બેઠક વ્યવસ્થા પ્રવાસીઓ માટે આરામ દાયક અનુભવ બનશે. સંપૂર્ણપણે ખુલ્લા કોચ ધરાવતી, બારીઓ કે દરવાજા વિનાની અને મુસાફરોને સીધા પ્રકૃતિમાં ડૂબાડવા માટે રચાયેલ બીજી ટ્રેન પણ ટૂંક સમયમાં પાર્કમાં આવવાની અપેક્ષા છે.

દરેક વિસ્ટાડોમ ટ્રેન ૮૦ મુસાફરોની ક્ષમતા ધરાવે છે.આ ટ્રેન ૨.૩ કિમીના નેરો-ગેજ ટ્રેક પર ચાલશે, જે ૫.૫ ચોરસ કિમીના કૃષ્ણગિરિ ઉપવન તરીકે જાણીતા વિસ્તામાં જૈવવિવિધતા સ્થળો, એક મીની પ્રાણી સંગ્રહાલય અને કૃત્રિમ ટનલમાંથી પસાર થશે, જે સવારીમાં સાહસનો રોમાંચ ઉમેરશે.

૧૭ જુલાઈ સુધીમાં, સમગ્ર રૂટ પર ટ્રેક સંપૂર્ણપણે બિછાવી દેવામાં આવ્યા છે . રૂટ પરના બધા ૧૫ પુલ પૂર્ણ થઈ ગયા છે. ટ્રેન પાર્કિંગ અને જાળવણી માટે કૃષ્ણગિરી સ્ટેશન નજીક એક લોકો શેડ બનાવવામાં આવ્યો છે, એમ ભાજપના સાંસદના કાર્યાલયે જણાવ્યું હતું, જેમના મતવિસ્તારમાં આ પાર્ક આવેલો છે. કૃષ્ણગિરી સ્ટેશનને પતંગિયાના આકારમાં ડિઝાઇન કરવામાં આવ્યું છે, જે પરિવર્તન અને પ્રકૃતિનું પ્રતીક છે, અને તેમાં વેઇટિંગ રૂમ, સુલભ રેમ્પ અને અન્ય સુવિધાઓ છે. ■

## મહારાષ્ટ્રની મેડિકલ

આવ્યું છે કે સરકારે મહારાષ્ટ્રમાં ખૂબ સારી તૃતીય સારવાર સુવિધાઓ વિકસાવી છે, પરંતુ પ્રાથમિક આરોગ્ય સેવાઓની વાત આવે ત્યારે આપણે કેટલાક અંશે અછત અનુભવી રહ્યા છીએ. જો આપણે ગુણોત્તર દ્વારા જોઈએ, તો ૬૦ ટકા ભંડોળ પ્રાથમિક આરોગ્ય સેવાઓ અને ૪૦ ટકા તૃતીય સેવાઓ માટે જવું જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

જો પ્રાથમિક આરોગ્ય સેવાઓ મજબૂત બનાવવામાં આવે, તો તે તૃતીય સેવાઓ પરનો ભાર ઓછો કરે છે, કારણ કે ૬૦થી ૭૦ ટકા દર્દીઓ પ્રાથમિક આરોગ્ય ક્ષેત્રમાં તેમના રોગો માટે સારવાર મેળવી શકે છે, એ બાબત પ્રત્યે તેમણે ધ્યાન દોર્યું હતું. 'રાજ્ય સરકારે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં દરેક ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં દરેક વ્યક્તિને પ્રાથમિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે એક યોજના તૈયાર કરી છે. અમે પ્રાથમિક, માધ્યમિક અને તૃતીય આરોગ્ય સેવાઓનું નેટવર્ક વિકસાવી રહ્યા છીએ.

બાહ્ય એજન્સીઓ અને કેન્દ્ર સરકારની મદદથી અમે આગામી ચાર વર્ષમાં મહારાષ્ટ્રમાં દેશમાં શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ સ્થાપિત કરવાનો પ્રયાસ કરીશું,' એમ ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું. કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ સ્વ. ભાનુતાઈ ગડકરી મેમોરિયલ ડાયગ્નોસ્ટિક સેન્ટર ખાતેના કાર્યક્રમને પણ સંબોધિત કર્યો, જેનું નામ તેમની માતાના નામ પરથી રાખવામાં આવ્યું છે.

ગડકરીએ ભારપૂર્વક જણાવ્યું કે તેમણે જીવનમાં જે કંઈ પ્રાપ્ત કર્યું છે અને કરી શક્યા છે તે તેમની માતાના આશીર્વાદ અને ઉપદેશોને કારણે છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ ખાતાના પ્રધાન અને સ્થાનિક સાંસદે જણાવ્યું હતું કે તેમની માતાએ તેમને હંમેશા ગરીબોની સેવા કરવાનું શીખવ્યું છે. ગડકરીએ માહિતી આપી કે આ નિદાન કેન્દ્ર જરૂરિયાતમંદ અને ગરીબોને ખૂબ મદદ કરશે કારણ કે સેવાઓ ખૂબ જ સસ્તા ભાવે ઉપલબ્ધ થશે. ■

## મુંબઇના ભૂતપૂર્વ

ભૂતપૂર્વ એન્કાઉન્ટર સ્પેશિયલિસ્ટ અને થાણે એન્ટિ-એક્સટોર્શન સેલના તત્કાલીન પ્રમુખ પ્રદીપ શર્મા સહિત સાત જણનાં નામ છે.

અગાઉ વેપારી શ્યામ સુંદર અગ્રવાલની ફરિયાદ પરથી ૨૧ જુલાઇષ ૨૦૨૧ના રોજ મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં દાખલ ખંડણીના કેસમાં સીબીઆઇએ ૧૯ મેના રોજ પૂરક આરોપનામું દાખલ કર્યું હતું. અગ્રવાલનો આરોપ હતો કે ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપીને પરમબીર સિંહ તથા અન્ય આરોપીઓએ ફોજદારી કાવતરું ઘડ્યું હતું, ખંડણી વસૂલી હતી.

મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ દાખલ પૂરક આરોપનામામાં સીબીઆઇએ ડીસીપી અકબર પઠાણ અને નિવૃત્ત એસીબી સિદ્ધાર્થ શિંદે સામે કાર્યવાહી કરવા જણાવ્યું છે. જોકે તપાસમાં કોઇ પુરાવા નહીં મળતાં સિંહ અને નિવૃત્ત એસીપી સંજય પાટીલને ક્લીન ચીટ અપાઇ છે. પરમબીર સિંહે જણાવ્યું હતું કે મારી વિરુદ્ધના તમામ પાંચ કેસ ખોટા છે. ભૂતપૂર્વ રાજ્ય પ્રધાન અને ભૂતપૂર્વ આઇપીએસ ઓફિસરના ઇશારે મારી વિરુદ્ધ કેસ દાખલ કરાયા હતા. ■

## બંને ભાઈઓ

આનંદનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓને દયાનમાં રાખીને, રાજ્યના રાજકારણમાં ઘણી ઉથલપાથલ જોવા મળી રહી છે. થોડા દિવસો પહેલાં, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ ફરજિયાત હિન્દી શીખવવાના મુદ્દા પર રેલી કરવા માટે મુંબઈમાં એક થયા હતા. ત્યારે, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ ગઠબંધનનો સંકેત આપ્યો હતો. રવિવારે સવારે રાજ ઠાકરે 'માતોશ્રી' પહોંચ્યા હતા અને બધાને આશ્ચર્યચકિત કરી દીધા.

શિવસેના (ઠાકરે) પાર્ટીના વડા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેનો રવિવારે જન્મદિવસ હતો. આ પ્રસંગે મનસે પ્રમુખ રાજ ઠાકરે માતોશ્રી પહોંચ્યા હતા અને ઉદ્ધવ ઠાકરેને મળ્યા હતા અને જન્મદિવસની શુભેચ્છા આપી હતી. એવું પણ કહેવાય છે કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે વીસ મિનિટથી વધુ ચર્ચા થઈ હતી. તેથી, હવે આગામી સમયમાં મનસે અને શિવસેના ઠાકરે જૂથ વચ્ચે જોડાણ પાક્કું માનવામાં આવી રહ્યું છે.

રાજ ઠાકરેએ માતોશ્રીમાં પગ મૂકતાંની સાથે જ ઉદ્ધવ ઠાકરે ખુશ જોવા મળ્યા. આ વખતે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે બાળાસાહેબના ફોટા સામે માતોશ્રીમાં મળ્યા હતા. બંને ભાઈઓએ એકબીજાને ગળે ભેટ્યા હતા. આ કારણે, એવું કહેવાય છે કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે બે દાયકા બાદ હવે પાક્કું સમાધાન થઈ ગયું છે.

રાજ ઠાકરે માતોશ્રીમાં આવ્યા અને તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવ્યા બાદ, ઉદ્ધવ ઠાકરેએ ફક્ત બે શબ્દોમાં પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, 'આજે હું ખૂબ ખુશ છું.' આ સમયે શિવસેના ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉત, મનસેના નેતા બાળા નાંદગાંવકર અને અન્ય નેતાઓ પણ હાજર હતા.

આ પહેલાં પાંચમી જુલાઈના રોજ મુંબઈમાં આયોજિત સભામાં બોલતા, ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, રાજે તેમના ભાષણની શરૂઆતમાં માનનીય વ્યક્તિ તરીકે મારો ઉલ્લેખ કર્યો હતો.

રાજે તેમના ભાષણમાં મરાઠીના મુદ્દા અને હિન્દીની ફરજિયાતતા વિશે રજૂઆત કરી છે. વ્યક્તિગત રીતે, મને લાગે છે કે અમારા ભાષણ કરતાં અમારું એકસાથે દેખાવું વધુ મહત્વપૂર્ણ છે.

અમે સાથે રહેવા માટે, સાથે આવ્યા છીએ, એમ બોલતાં ઉદ્ધવ ઠાકરેએ બંને પાર્ટી વચ્ચે ગઠબંધનના સંકેત આપ્યા હતા. ■

## ફડણવીસની દિલ્હી

કરી હતી. ભાજપના એક વરિષ્ઠ નેતાએ નામ ન આપવાની શરતે ફડણવીસની દિલ્હી મુલાકાત અંગે મહત્વપૂર્ણ માહિતી આપતાં કહ્યું હતું કે, 'ફડણવીસ વિવાદાસ્પદ પ્રધાનો સામે કાર્યવાહી કરીને અન્ય પ્રધાનો માટે દાખલો બેસાડવા માગે છે. ફડણવીસને લાગે છે કે વિવાદાસ્પદ પ્રધાનોને કારણે સરકારની છબી ખરડાઈ રહી છે. તેમણે આ બાબતે દિલ્હી જવા પહેલાં જ બંને નાયબ મુખ્ય પ્રધાનો સાથે પણ ચર્ચા કરી જ હતી. અત્યારે એવી જાણકારી મળી રહી છે કે ફડણવીસ આગામી અઠવાડિયાની શરૂઆતમાં બંને નાયબ મુખ્ય પ્રધાનો સાથે બેઠક કરીને દિલ્હીમાં થયેલી ચર્ચાનો ખુલાસો કરશે. ભાજપના સિનિયર નેતાએ કાર્યવાહીના સમય અંગે સૂચક ટિપ્પણી કરતાં કહ્યું હતું કે, 'વિવાદાસ્પદ, બિનકાર્યક્ષમ પ્રધાનો સામે તાત્કાલિક કોઈ કાર્યવાહી કરવામાં આવે એવી શક્યતા નહીંવત છે કેમ કે નહીંતર, વિરોધ પક્ષને એવું લાગશે કે તેમના દબાણ સામે સત્તાધારી પાર્ટી ઝૂકી રહી છે. તેઓ આ કાર્યવાહીનું શ્રેય લેવાનો પ્રયાસ કરશે, જે ભાજપ અને મહાયુતિ માટે નુકસાનકારક નીવડી શકે છે.' શિંદે સેનાના સંજય શિરસાટ, સંજય રાઠોડ, ભરત ગોગાવલે, યોગેશ કદમ કેટલાક દિવસોથી વિવાદમાં છે. તેમની હકાલપટ્ટીની શક્યતા છે.

એનસીપીના પ્રધાનો નરહરિ ઝિરવાળ, ભાજપના ગિરીશ મહાજનને પણ પ્રધાનપદ પરથી હટાવી શકાય છે. મહાજન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના ખૂબ નજીકના માનવામાં આવે છે. તેઓ ઉત્તર મહારાષ્ટ્રમાં ભાજપના એક અગ્રણી નેતા છે, આમ છતાં તેમની સામે કાર્યવાહી અટળ માનવામાં આવે છે. ■

## જૈન મરણ

જેતપુર નિવાસી હાલ મલાડ (સુદાનવાળા) તુલસીદાસ અમૃતલાલ મણીયારના પુત્ર કિશોરભાઇ તુલસીદાસ મણીયાર (ઉં. વ. ૮૫) તા. ૨૫ જુલાઇના અરિહંતશરણ પામેલ છે. તે હેમલતાબેન (કાશ્મીરાબેન) ના પતિ. જૈનદાસ ચત્રભુજ વોરા (વેરાવળવાળા)ના, જમાઇ. નીશા વિપુલ સંઘવી, હેમા પરાગ તેજાણી, અનીતા ભાવેશ પારેખ, પારસના પિતાશ્રી. કેનલના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ વિરાર ભરતભાઇ શાંતિલાલ શાહ (ઉં.વ. ૮૧) તે પન્નાબહેનના પતિ શનિવાર તા. ૨૬-૭-૨૫ ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિક્રમભાઇ શાંતિલાલ શાહના ભાઇ તથા સ્વ. ચીમનલાલ ભોગીલાલ શાહના જમાઇ. સ્વ. જીતુભાઇ, વિનોદભાઇ, સ્વ. પુષ્પાબેન, સુહાસબેનના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. બી-૧૦૭, શીતલ નગર બિલ્ડિંગ નંબર-૨, અગાસી રોડ, વિરાર (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધોરાજી નિવાસી હાલ બોરીવલી સ્વ. લાભુબેન સ્વરૂપચંદ અજમેરાના પુત્ર જયંતીલાલ (ઉં. વ. ૯૦) તા. ૨૬-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. તે સ્વ. રતીલાલ કોઠારીના જમાઇ. તે સ્વ. રમેશભાઇ, પ્રફુલભાઇ, બકુલભાઇ, અશોકભાઇ તથા જ્યોતિબેન નિરંજનભાઇ શાહના ભાઇ. તે કિન્નરી રાકેશ સંઘવી, ફાલ્ગુની મનિષ સંઘવી, ભીરા નિલેશ સંઘવીના પિતાશ્રી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ક. દ. ઓ. જૈન**

ગામ સેવક ભરુડિયા હાલ ડોમ્બિવલીના કાંતીલાલ જીવરાજ દંડના ધર્મપત્ની કલ્પના (હેમા) (ઉં. વ. ૬૨) શનિવાર, તા. ૨૬-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ગં. સ્વ. દમયંતી જીવરાજ લખમશી દંડના પુત્રવધૂ. દિપેશ તથા વિધિશાના માતુશ્રી. રેખાબેન અશોક ધરમશી અને અનીલભાઇના ભાભી. ગં. સ્વ. તારાબેન લાલજી ગાલા ગામ કોટડી મહાદેવપુરીના દીકરી. સ્વ. શરદભાઇ, સ્વ. વિજયાબેન, સ્વ. ભૂપેન્દ્રભાઇ, સ્વ. ઠાકરશીભાઇ. અ. સૌ. મૃદુલાબેન, કિરીટભાઇ, સ્વ. શંકુતલાબેન, સ્વ. ધરણીબેન, જયંતભાઇ, સ્વ. પારુલના બેન. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૮-૭-૨૫ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. રોટરી સેવા કેન્દ્ર માનપાડા રોડ, સુવીધીનાથ દેરાસરની ગલી, ડોમ્બિવલી (ઇસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ઉનડોઠ મોટી (દાપોલી)ના કુ. સ્વીટી ગાલા (ઉં.વ.૩૩) ૨૬-૭ના અવસાન પામેલ છે. હાંસબાઇ ભવાનજીના પૌત્રી. વિમળા નવિનના પુત્રી. લોકેશ, દિક્ષા, ઉર્વી, પુજાના બહેન. નરેડી રતનબેન ખીમજી ભોજરાજના દોહીત્રી. પ્રા. શુભ મંગલ કાર્યાલય, ભાજી માર્કેટ, ડોંબીવલી (ઇ). ૩.૩૦ થી ૫.

કપાયાના જીતેન્દ્ર (જીતુભાઈ) શીવજી ખીમજી મામણીયા (ઉં.વ.૬૫) તા.૨૫-૭-૨૫ ના અવસાન પામેલ છે. ભાણબાઈ શીવજી ખીમજીના પુત્ર. રમીલાબેનના પતિ. વિરલ, અક્ષીતના પપ્પા. કાંતિ, વસંત, દીના, ઈંદિરા, હીનાના ભાઈ. પ્રભાબેન લીલાધર લાલજી સાવલાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (સે.રે.). ટા.૩ થી ૪.૩૦.

મોટી ખાખરના વલ્લભજી ભાણજી વોરા (ઉં.વ. ૮૦) તા. ૨૫-૭-૨૫ના અવસાન પામેલ છે. પુરબાઇ ભાણજી પાસુના પુત્ર. હેમલતાના પતિ. જતીન, કલ્પેશ, મિતેશના પિતા. વસનજી, કાંતી, જયંતી, વનિતાના ભાઇ. ભુજપુર લક્ષ્મીબેન શામજી વેરશીના જમાઇ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) પ્રા. ટા. ૨ થી ૩.૩૦. સોમવારે રાખેલ છે.

વડાલાના ઠાકરશી (બચુભાઈ) ગાલા (ઉં.વ.૮૭) ૨૬-૭-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઈ પદમશી નરશીના પુત્ર. વનિતા (વેલબાઈ)ના પતિ. લતા, ભારતી, ચેતનના પિતા. વડાલાના જેઠાલાલ, ઝવેરબેન ઉમરશી, કુસુમ હરીલાલ, ગુંદાલા રૂક્ષ્મણી નેમજી, પત્રી વિમળા જયંતિલાલના ભાઈ. પત્રી પાનબાઈ ઉમરશી ભીમશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ : ચેતન ઠાકરશી ગાલા, ૮૦૨, ગાલા બ્લોસમ, મામલતદાર વાડી, રોડ નં.૧, મલાડ (વે).

**ઘોઘારી વિશા શ્રીમળી જૈન**

દાઠા નિવાસી હાલ મલાડ શ્રી પુનમચંદ ત્રિભોવનદાસ દોશી (ઉં.વ.૮૮), તે સ્વ. મંજુલાબેન ના પતિ. જીન દર્શના શ્રીજી મ.સા, નીતાબેન હિતેશકુમાર સંઘવી, કુમારપાળ, સ્વ. આરતીબેન, હીનાબેન ના પિતાશ્રી. હેતલબેનના સસરા. સ્વ. બાવચંદભાઈ, સ્વ. લલીતાબેન, સ્વ નર્મદાબેન,સ્વ. ભાનુબેનના ભાઈ. સાસરાપક્ષે દેવચંદભાઈ ખોડીદાસ દોશી સાવરકુંડલાના જમાઈ. તે ૨૫/૭/૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર (ભેસાણ) નિવાસી હાલ બોરીવલી માતુશ્રી સ્વ. લીલાવતીબેન તથા સ્વ. વસંતભાઈ વેલજી ભાઈ કોઠારીના સુપુત્ર અશોકભાઈ (ઉં.વ. ૬૯) તે જયશ્રીબેનના પતિ. ચી. હર્ષ ના પિતા. તથા કમલેશભાઈ, જયેશભાઈ, ચેતનભાઈ તથા સ્વ. રશ્મિબેન મહેન્દ્રભાઈ વોરાના ભાઈ તથા સ્વ. પ્રિતીબેનના દીયર. હીનાબેન, નીતાબેનના જેઠ તથા માતુશ્રી. તા .૨૬-૭-૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૯-૭-૨૫ના સાંજે ૩ થી ૫:૩૦ સ્થળઃ સ્વામિનારાયણ હોલ, અજમેરા ગ્લોબલ સ્કુલની સામે, યોગીનગર, બોરીવલી (વેસ્ટ).

**જામનગર વિશા ઓસવાલ જૈન**

સ્વ કાંતિલાલ મોહનલાલ પારેખના પુત્ર દિપકભાઈ (ઉં.વ. ૬૮) તા.૨૬/૦૭/૨૫ અરીહંતશરણ પામેલ છે ભારતીના પતિ. વિનોદભાઈ અને સૈલેષભાઈના ભાઈ. જયશ્રી, રાજેશ્રીના દિયર રાજીવ જીનલ મેઘા અવિનાશ દેવમ દાનિશાના કાકા. સાસરી પક્ષે અનકલાલ ગાંડાલાલ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## હિન્દુ મરણ

**બાલાસિનોર દશાનિમા વણિક**

સ્વ. મણિબેન પૂનમચંદ દોશીના પુત્ર ચંદ્રકાંતભાઇ (ઉં. વ. ૮૪) તે સ્વ. ઇલાબેનના પતિ. સ્વ. તારાબેન નટવરલાલ દેસાઇ (દેડકી)ના જમાઇ. સ્નેહલભાઇ, નિકેતાબેન તથા શૈફાલીબેનના પિતાશ્રી. પ્રીતિબેન, સ્વ. હેમાંગકુમાર તથા રાજેન્દ્રકુમારના સસરા. ક્રિશના દાદા. નિરાલી, નિતાલી, નિહાંશુ, અદિતિના નાના. શનિવાર, તા. ૨૬-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બ્રહ્મક્ષત્રિય**

ગોંડલવાળા હાલ ચેમ્બુર ઉર્મિલા દિનેશ બોસમિયા (ઉં. વ. ૬૮) તે સ્વ. પ્રભુદાસ ગોકલદાસ પડીયાના પુત્રી. સ્વ. શાંતિલાલ બોસમિયા તથા લક્ષ્મીબેન બોસમિયાના પુત્રવધૂ. સ્વ. દિનેશભાઇના પત્ની. ધર્મેશ તથા અમિતના માતા. દિપ્તી તથા રૂપાલીના સાસુ. ઋષભ તથા રીવાના દાદી. જગદીશ, મુકેશ, ચંદ્રકાન્ત, ઉમેશ, કુંદન, માલતી તથા ક્રિષ્ણાના બેન. તા. ૨૬-૭-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સહ્યાદ્રી લોન, વૃંદાવન કોલોની, સહકાર ટોકીઝ પાસે, તિલકનગર, ચેમ્બુર તા. ૨૮-૭-૨૫ સોમવારના બપોરે ૪.૩૦થી ૬.૩૦.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઇલાબેન (ઉં. વ. ૭૬) મૂળ ગામ દિહોર હાલ બોરીવલી તે સ્વ. જયદેવભાઇ ભાઇશંકર દવેના ધર્મપત્ની તા. ૨૫-૭-૨૫ શુક્રવારના કૈલાસવાસી થયેલ છે. તે ચંદ્રિકાબહેન, ઇલાબેન, ભારતીબેનના ભાભી. જ્યોર્તિમય તથા દેવાંગના માતુશ્રી. ઘાંઘળીના સ્વ. નિર્મળાબેન જયંતીલાલ પંડયાના દીકરી. સ્વ. બિપીનભાઇ, જયેશભાઇ, મૂકેશભાઇના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાની છાસઠ નાયી સમાજ**

ગામ ખરવડા હાલ ઘાટકોપર રણછોડલાલ મગનલાલ લિંબાચીયા (ઉં.વ. ૮૯) તા. ૨૫-૭-૨૫ શુક્રવારના અક્ષરવાશી થયા છે. પત્ની - શારદાબેન રણછોડલાલ લિંબાચીયા. તે દીપકભાઈ, હિતેશભાઈ, અજયભાઈ, મમતાબેન, જાગૃતિબેનના પિતાશ્રી. તે મીનાબેન, ચેતનાબેન, સંગીતાબેન સસરા. સાસરી પક્ષ ગામ સમો કાંતિલાલ બબલદાસ લિંબાચીયા, ઈશ્વરલાલ બબલદાસ લિંબાચીયા તેમના બનેવી.

**કચ્છી લોહાણા**

સ્વ. અ.સૌ. ભારતીબેન ઉદયભાઈ પલણ (ઉં.વ.૬૧) ગામ અંજાર હાલ નાશિક ઉદયભાઈ ધરમશી પલણના પત્ની. સ્વ. વ્રજલાલભાઈ વેલજી દૈયા તથા ગં.સ્વ. સીતાબેન વૃજલાલ દૈયાના સુપુત્રી. રાજેશભાઈ વૃજલાલ દૈયાના બેન. રશ્મી રાજેશ દૈયાના નણંદ. રેશમા રાહુલ પલણ, ગ્રીષ્મા વિશાલ ઠક્કર તથા કરિશ્માના માતા. દિવ્યાબેન, નૈનાબેન, ઉષાબેન તથા દીપાબેનના બેન. દર્શી તથા વેદિકાના નાની રામશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮/૭/૨૫ સોમવાર સાંજે ૪ થી ૫. સ્થળઃ જલારામ ભુવન કેવડીવન પંચવટી નાશિકમાં રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

દેવળાવાળા હાલ મુંબઈ પુરુષોત્તમભાઈ નંદલાલ રૂપારેલિયા (ઉં.વ.૭૨) સ્વ. નર્મદાબેનના સુપુત્ર , આશાબેનના પતિ. નિલેશભાઈ શૈલેષભાઇના પિતાશ્રી. ખુશાલીના સસરા,સ્વ.બચુભાઈ વિઠ્ઠલદાસ રાજપોપટના જમાઈ ત્રિશાના દાદા , તા ૨૬-૭-૨૦૨૫ શનિવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.(લૌકિક વ્યવહાર બંધ છે)

**શ્રી માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

સ્વ. ગોપાલદાસ ભગવાનદાસ શાહના ધર્મપત્ની ગં. સ્વ. રમીલાબેન ગોપાલદાસ શાહ (ઉં.વ.૮૬) હાલ બોરીવલી સંજય, વર્ષા અતુલ અવલાણી, હીના હિતેષભાઇ મડિયાના માતુશ્રી. ગુંજનના સાસુ. રસીલાબેન અરવિંદ શેઠ, કનૈયાલાલ, દામોદરભાઈ, પ્રભુદાસભાઈના મોટાભાભી. સ્વ.ચુનીલાલ ગિરધરલાલ શાહના દિકરી. દ્રષ્ટિ, કૃપા, શ્લોક, ક્રિષા, પ્રિયંકાના દાદી. તે તા.૨૬-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૈકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**નવાગામ ભાટિયા**

દિલીપ ગોકળદાસ ઉદ્દેશી નાગપુર નિવાસી (ઉં.વ.૭૮) ભાનુબેનના પતી. કપિલા સુશીલ કુંજુની (પુના) અને કાવેરીના પિતા. આયુષ અનાયશાના નાના એ સ્વ જયાબેન જગજીવન કાપડીઆના જમાઇ. સુધીર અને વિજય કાપડીઆ (મુંબઈ)ના બનેવી નાગપુર મુકામે તા ૨૫/૦૭/૨૫ શુક્રવારે શ્રીજી ચરણ પામેલ છે તેમનુ ઉઠમણું સોમવાર તા ૨૮/૦૭/૨૫ ના રોજ નાગપુર મુકામે રાખેલ છે.

**સોરઠીયા પ્રજાપતિ કુંભાર**

મૂળ ગામ જુનાગઢ, હાલ કલ્યાણના શ્રીમતી નિર્મળાબેન ભૂપેન્દ્રભાઈ ચાવડા (ઉં.વ.૫૭) તા.૨૪.૭.૨૫ને ગુરુવારે શ્રીજી ચરણ પામેલ છે. તે ભૂપેન્દ્રભાઈ ના પત્ની. મેહુલ, હિરેન, જ્યોતિબેનના માતોશ્રી. ગં.સ્વ.શારદાબેન ધરમશીભાઈ ચાવડાના પુત્રવધુ. ગં.સ્વ.નાથીબેન નાથાભાઈ રાઠોડના પુત્રી. રાઠોડ હીરાભાઈ, સ્વ.બાલાભાઈ, ભાનુબેન જીવનભાઈ કુકડિયા,રાજુબેન પ્રવીણભાઈ કોરિયાની બહેન. તેમની પ્રાર્થના સભા તા.૨૮/૭/૨૫ સોમવાર ના સાંજે ૪ થી ૬.૩૦, રાજસ્થાન હોલ,પારનાકા, કલ્યાણ (પશ્ચિમ).

**ઘોઘારી મોઢ વણિક**

ધ્રાંગધ્રા વાલા હાલ અંધેરી નિવાસી વિણાબેન યોગેશભાઈ પારેખના સુપુત્ર ચી. હેતુલ (ઉં.વ.૪૭) તા.૨૬/૦૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પાયલબેન પતિ. નિશિતભાઈ તથા રાજલ સંદિપભાઈ શાહના ભાઈ. માનવ તથા સોનમના પિતાશ્રી. શિપ્રાબેનના દીયર. તથા જાનવીના કાકા, સાસુરપક્ષે સુરેશભાઈ ભગવાનદાસ શાહના જમાઈ. પ્રાર્થનાસભા - તા. ૨૮/૦૭/૨૫ના સમય સાંજે ૫-૭ કલાકે મહેશ્વરી પ્રગતિ મંડળ પ્લોટ નં. આર.૧૪/૧૫, નવો લિંક રોડ, ઓશિવારા પોલીસ સ્ટેશનની બાજુમા, અંધેરી વેસ્ટ, મુંબઈ -૫૩.

## 'સરકારી મશીનરી

પૂરું કરવા માટે બીજા રસ્તાઓ શોધવાની જરૂર છે.

નિવેદનમ ગડકરીએ દુબઈનું ઉદાહરણ આપ્યું, તેમણે કહ્યું દુબઈમાં ખાનગી ઓપરેટર સ્ટેડિયમનું સંચાલન કરે છે. હવે નાગપુરમાં પણ એક પ્રોજેક્ટ દુબઈના સંચાલકને સોંપવામાં આવ્યો છે. સરકાર જમીન, પાણી અને મૂળભૂત માળખાકીય સુવિધાઓ પૂરી પાડશે, પરંતુ સુવિધા ચલાવવા અને જાળવણી કરવાની જવાબદારી તેની રહેશે.

ગડકરીના નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. કેન્દ્ર સરકારમાં વરિષ્ઠ પ્રધાન તરીકે ગડકરીએ સરકારી એજન્સીઓની જ જાહેરમાં ટીકા કરતા ચર્ચાનો માહોલ ગરમ થયો છે. કેટલાક લોકો ગડકરીની પ્રશંસા કરી રહ્યા છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## મનન

# થાવ અધિકારી શિવ-કૃપાના…

હેમંત વાળા
feedback@bombaysamachar.com



અધિકારી થવું એટલે તેને લાયક બનવું, તે પ્રકારની પાત્રતા કેળવવી, જે તે પ્રકારની ઇચ્છિત પરિસ્થિતિ આપમેળે સ્થાપિત થાય તે પ્રકારની સ્થિતિ પ્રાપ્ત કરવી, યોગ્યતા પ્રાપ્ત કરી સ્વીકૃતિ માટે તૈયાર રહેવું. અધિકાર પ્રાપ્ત થાય પછી માગણી કરી શકાય, મેળવવાનો હક પ્રાપ્ત થાય અને જે તે બાબતને સ્વીકારી પણ શકાય. આવો જો કોઈ અધિકાર પ્રાપ્ત કરવાનો હોય તો તે શિવ-કૃપા માટે જ કરવો ઇચ્છનીય છે.

શિવ-કૃપાની પ્રાપ્તિ એમ સરળ નથી. શિવજીની કૃપા માટે અધિકાર પ્રાપ્ત કરવો એ સામાન્ય ઘટના ન હોઈ શકે. જોકે શિવજી ભોલેનાથ હોવાથી કૃપા વરસાવી પણ દે, પરંતુ તે માટે પણ પ્રારંભિક તબક્કાનો પ્રયાસ તો જરૂરી જ છે. કોઈપણ પ્રકારની શરૂઆત વગર અંત પામી ન શકાય. કોઈપણ પ્રકારના ડગલા વગર અંતિમ મુકામ સુધી પહોંચી ન શકાય. કોઈપણ પ્રકારના યજ્ઞ વગેરે ફળની પ્રાપ્તિ સંભવી ન શકે. પ્રયત્ન તો જરૂરી છે, પણ સાથે સાથે સાત્વિક ઈચ્છાશક્તિ અને નીતિ-નિયમોનું પાલન પણ જરૂરી છે. હેતુ શુદ્ધ હોવો જોઈએ, સાધનોમાં પણ શુદ્ધિ હોવી જોઈએ, જે તે ક્રિયા શાસ્ત્રીય ધોરણે સંપન્ન થવી જોઈએ, સ્થાન અને સમય પણ સુયોગ્ય હોવાં જોઈએ અને તે બધા સાથે અધિકારની પ્રાપ્તિ થઈ શકે તે માટે શિવજીની અનુમતિ હોવી જોઈએ.

શિવ-કૃપા માટે અથાક પ્રયત્ન જરૂરી છે. આ માટે બધાં પ્રકારના જ મોહનો ત્યાગ કરવો પડે, નિર્દોષતા અને નિર્મળતા ધારણ કરવી પડે, કોઈપણ પરિસ્થિતિમાં ચલિત થયા વગર, પવન વિનાની સ્થિતિમાં જેમ જ્યોત સ્થિર હોય તેમ ચિત્તને સ્થિર કરવું પડે, સાચા અર્થમાં સ્થિતપ્રજ્ઞ બનીને રહેવું પડે, દરેક પ્રકારના દ્વંદ્વથી મુક્ત થવું પડે, ક્યાંક કોઈ પણ પ્રકારનો ભેદ ન જોતાં સંસારમાં વ્યાપેલ પ્રભુમય સમરાસતા પર જ ધ્યાન હોવું જોઈએ, માન-અપમાન, શુભ-અશુભ, સત્ય-અસત્ય તથા મુક્તિ-બંધન એ બધાથી જ જાતને અલગ કરવી દેવી પડે, મોહ માયા લોભ મોહનો ત્યાગ કરવો પડે, દ્રષ્ટિને અંદરની તરફ વાળવી પડે, ઇન્દ્રિયો પર નિયંત્રણ સ્થાપવું પડે, મનના વ્યભિચારને રોકવો પડે, વિવેક અને સંયમને મહત્વ આપવું પડે, આધ્યાત્મિકતા માટે જરૂરી અભ્યાસ અને વૈરાગ્યનું મહત્ત્વ સમજવું પડે અને આ બધા સાથે દેહભાવ તથા તેમાં વ્યાપેલ અહંકારને બાજુમાં મૂકી માત્ર પરમમય થવું પડે.

એ સમજી લેવું પડે કે નથી કંઈ મેળવવાનું નથી કંઈ પામવાનું નથી કંઈ ઈચ્છવાનું નથી કંઈ ગુમાવવાનું નથી. કંઈ કરવાનું હોય તો તે ચોક્કસ પ્રકારનો પુરુષાર્થ કરવાનો છે. અનિત્ય પ્રત્યેના બંધનથી મુક્ત થઈ નિત્ય સાથે જોડાવાનું છે. જેનો નાશ થવાનો છે તેનાથી વિમુક્ત થઈ અવિનાશીને સમજવાનો છે, પ્રેયની અપેક્ષાએ શ્રેયની સ્વીકૃતિ કરવાની છે અને આ બધા થકી શિવજીની કૃપાના અધિકારી થવાનું છે. પ્રભુ કૃપાના અધિકારી બનવા તેની મરજી પ્રમાણે જીવવાનું, તેના નિયમોમાં રહેવાનું, તેણે જ્યાં જેવી સ્થિતિમાં મૂક્યા હોય ત્યાં તેવી સ્થિતિમાં પણ ધર્મનો નિભાવ કરવાનો, ક્યાંય ફરિયાદ નહીં ક્યાંય નહીં, માત્ર પૂર્ણ સમર્પિતતાથી શિવજીમાં તલ્લીન થઈ જવાનું.

ચંચળતા ત્યાગવી પડે, વર્તમાનમાં જ જીવવું પડે, ભક્તિ અને જ્ઞાન માટે પ્રયત્નો કરવો પડે, સહજતાથી જે મળે તેમાં સંતુષ્ટ રહેવું પડે, પ્રત્યેક કર્મ માટે જાગ્રતતા કેળવવી પડે, સદા જાગ્રત રહેવું પડે, વ્યવહાર માત્ર વિવેકને આધારિત રાખવો પડે, દરેક પરિસ્થિતિમાં સંયમ જાળવી રાખવો પડે, અસ્તિત્વને સાચા અર્થમાં ઓળખી તેમાં રમણ થવું પડે તથા હરખ અને શોખથી દૂર રહી આઠે પહોર આનંદમાં મસ્ત થઈને રહેવાની શરૂઆત કરવી પડે.

દુન્યવી વ્યવહારમાં પણ કૃપા મેળવવા માટે જે તે વ્યક્તિની અપેક્ષા મુજબ પોતાની જાતને સ્થાપિત કરવી પડે. સામેવાળી વ્યક્તિના આદર્શોને અનુસરવા પડે - તેની વિચારધારા પ્રમાણે આપણી વિચારધારા ધીમે ધીમે ગોઠવવી પડે. તે વ્યક્તિ આપણા તરફથી જે કાર્યની અને જે પ્રકારની અપેક્ષા રાખે તે પૂરી કરવાનો પૂરેપૂરો ઈમાનદારીથી પ્રયત્ન આપણાં તરફથી થવો જોઈએ. કોઈપણ વ્યક્તિની કૃપા - તેના આશીર્વાદ ત્યારે જ મળી શકે જ્યારે આપણે આપણી જાતને એ વ્યક્તિના એક ભાગ તરીકે જોતાં અને તે જ રીતના વર્તતાં થઈએ. આ એક કઠિન તથા ઊંચા સ્તરની વાત થઈ. પૂર્ણ કૃપા માટે તો પોતાના અસ્તિત્વનો લોપ કરી સામેવાળી વ્યક્તિ માટે જ આ જીવન આપણે જીવતા હોઈએ તેવું સ્થાપિત કરવું પડે. હવે જો એક માનવીની કૃપા માટે આટલા બધા પ્રયત્નો કરવા પડતા હોય તો શિવજીની કૃપા પામવા માટે તો શું શું ન કરવું પડે. છતાં પણ શિવજી ભોલેનાથ છે તેનો ફાયદો તો મળે જ.

શિવ-કૃપાનો અધિકાર તો રાવણે પણ પ્રાપ્ત કરેલો. એ સિવાય પણ કેટલાક દાનવોએ શિવજીની કૃપા પ્રાપ્ત કરી હતી. પણ તેનું પરિણામ તે વ્યક્તિ/દાનવ માટે, સમાજ માટે અને આધ્યાત્મિક વિશ્વની સંરચના માટે નકારાત્મક રહ્યું. માત્ર કૃપા અગત્યની નથી તેની માટે લાયકાત પણ જરૂરી છે નહીંતર તો પરિણામ વિધ્વંશક પણ આવી શકે. તેમાં ન તો તે વ્યક્તિનો ઉદ્ધાર થાય, ન સમાજને ફાયદો થાય કે ન આધ્યાત્મિક ક્ષેત્ર માટે કોઈ યોગ્ય ઉદાહરણ સ્થાપિત થાય. સંપૂર્ણતામાં આ એક વિઘટનાત્મક ઘટના બની રહે. સામાન્ય વ્યવહાર માટે પણ કહેવાય છે કેઅધિકાર પ્રાપ્ત કરતા પહેલા લાયકાત કેળવવી પડે. અહીં આ લાયકાત કેળવવાની જ વાત છે.

પૌરાણિક ઇતિહાસ જોતાં જણાશે કે શિવ-કૃપાના અધિકારી થવાનું છે ક્યારેક મુશ્કેલ બની રહે તો ક્યારેક તે સરળ પણ લાગે. અગત્યનું એ છે કે આ પ્રયત્ન સાતત્યપૂર્ણ હોવું જોઈએ. પરિણામ મળશે જ એની ખાતરી શિવજી જ આપે છે. ■

# જેઓ નિર્વાણને પોતાનું લક્ષ્ય સમજે છે, તેમણે શિવ આરાધના કરવી જોઈએ

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

**नमामीशमिशान निर्वाणरूपमं।**
**विभुं व्यापकं ब्रह्म वेद स्वरूपं।।**

આ પવિત્ર તીર્થમાં આપ સૌને મારા પ્રણામ. મેં મારા જીવનમાં અનુભવ કર્યો છે કે વ્યક્તિ કોઈ પણ શુભ સંકલ્પ કરે તો અસ્તિત્વને કોઈના પણ દ્વારા એને પૂરો કરવો પડે છે. એવી શુભ સંકલ્પની કથા આજથી ઓમકારેશ્વર ધામમાં શરૂ થવા જઈ રહી છે ત્યારે આપ સૌને મારા પ્રણામ. કુંભના પર્વ પર ઉજ્જૈનમાં ભગવાન મહાકાળ ને હું કથા સંભળાવી રહ્યો હતો, ત્યારે એક શુભ વિચાર ઉઠ્યો હતો કે 'રામચરિતમાનસ' અંતર્ગત 'રુદ્રાષ્ટક'નું ગાન ક્યારેક ભગવાનની ઈચ્છા હશે તો ભગવાન ઓમકારેશ્વર ની સામે કરશું, આજે એક ક્ષણ આવી ગઈ છે. ભગવાન શિવ મને બહુ જ પ્રિય છે. આ આખું જે અસ્તિત્વ છે, એને વારેવારે શુદ્ધ કરવાના અનેક ઉપાય છે. એમાં મારી આત્મ પ્રતીતિ એમ કહે છે કે ભગવાનની કથા એ પણ બહુ જ સફળ પ્રયોગ છે, ઉપાય છે. આખા અસ્તિત્વને કેટલીય ઘટનાઓએ પ્રદૂષિત કરી દીધું છે, એને વારેવારે શુદ્ધ કરવા, કોઈના શુભ વિચાર, કોઈના શુભ ઉચ્ચાર અને કોઈના શુભ આચાર દ્વારા આ વિશ્વ પવિત્ર થાય છે. સમય સમય પર ક્યારેક વાલ્મીકિએ પવિત્ર કર્યું, ક્યારેક તુલસીએ પવિત્ર કર્યું, કદી મીરાએ, કદી નરસિંહે, તો ક્યારેક કોઈ આચાર્યએ. ખબર નહીં આખા વિશ્વમાં કેટલી બધી ચેતનાઓ એવી રહી છે કે જેણે વારેવારે આ અસ્તિત્વને શુદ્ધ કર્યું છે.

ભગવાન શિવ આપણને કેમ આટલા પ્રિય લાગે છે? એનો અર્થ એવો નથી કે રામ કે કૃષ્ણ ઓછા પ્રિય છે. પણ તમે જાણો છો અને 'રામચરિતમાનસ'માં લખ્યું પણ છે કે-'શંકર ભજન બીના નર ભક્તિ ન પાવઈ મોરી'. જે શંકરનું ભજન નહીં કરે એને પ્રભુ ને ભક્તિ પ્રાપ્ત નહીં થાય. હવે ભજન એટલે શું ? ભજન એટલે સૌને પ્રેમ કરવો. ભગવાન શિવના માનસમાં, એમના હૃદયમાં 'રામચરિતમાનસ'નો વિચાર છે.તુલસીદાસજીએ માનસના બાલકાંડમાં આખું શિવ ચરિત્ર લખ્યું છે. એનો અર્થ છે કે ભગવાન શિવનો પૂરો આચાર ઉચ્ચાર અને વિચાર આખા બ્રહ્માંડને શુદ્ધ કરે છે. તેમાં પહેલું નામ ભગવાન શિવનું લઈ શકાય. ગોસ્વામી તુલસીદાસજીને ભગવાન શંકરનું



'શંકર' નામ ખૂબ પ્રિય છે. મૂળ નામ શંકર છે, બાકી બધા બીજા લગભગ વિશેષણો છે. જીવના વિશેષણ પણ ક્યારેક ક્યારેક સંજ્ઞા બની જાય છે. આટલી મોટી પ્રતિજ્ઞા ભીષ્મએ પાળી તો નામ થઈ ગયું ભીષ્મ પ્રતિજ્ઞા. શંકર નામ બહુ અદભુત છે. 'માનસ'ના બધા કાંડમાં જેમ ભરતજીના નામનું સ્મરણ તુલસીદાસજી કરે છે, તેમ 'રામચરિતમાનસ'માં જે મહાન ચરિત્ર છે એ શિવ ચરિત્રનું પણ ગોસ્વામીજી કોઈના કોઈ રૂપમાં સ્મરણ કરે છે.

'માનસ-રુદ્રષ્ટક' આ કથા છે. ભગવાન શિવ અષ્ટમૂર્તિ છે. અને આ જે અષ્ટક છે એના એક એક બંધમાં તુલસી ભગવાન શિવની એક એક મૂર્તિનું દર્શન કરાવે છે. પુરાણોમાં, સહિતાઓમાં શિવની અષ્ટમૂર્તિની ચર્ચા થઈ છે. તેથી અષ્ટકરૂપે મહાકાલના મંદિરમાં ભગવાન શિવની સ્તુતિ કરી છે. કાગભુષંડીજીએ ગુરુનો અપરાધ કર્યો એના નિવારણ માટે ગુરુએ શિવને પ્રસન્ન કરવા રુદ્રાષ્ટક ગાયું છે. અને કોણ ગુરુ અપરાધ નથી કરતું? કાગભુષંડીજી કહે છે કે 'મેં ગુરુ અપરાધ કર્યો. આ અપરાધને કારણે ભગવાન શિવ મારા પર કોપાયમાન થયા. અને મને શ્રાપ આપ્યો. એ ક્રોધમાંથી બચાવવા મારા ગુરુએ રુદ્રાષ્ટક નું ગાન કર્યું.' ગુરુ સમજી ગયા કે ભગવાન શિવના ક્રોધને કારણે મારા શિષ્યની ભયંકર ગતિ થવાની છે. હવે ભગવાન શિવને રિઝવવા માટે ગુરુએ પાંચ વસ્તુ કરી. જુઓ બાપ, જે શિષ્ય માટે આટલું કર્મ તૈયાર છે તે ગુરુના લક્ષણો છે. એક સૌથી પહેલા એમણે ભગવાન શિવને દંડવત કર્યા. પણ એ કેવળ ક્રિયા માત્ર નહોતી કે જે આપણે લોકો કરીએ છીએ. ભાવ શૂન્ય દંડવત નહીં. બીજું એમણે પ્રેમ સભર દંડવત કર્યા. ત્રણ, શિવની સન્મુખ થયા હતા. ચાર, હાથ જોડ્યા છે. પાંચ- ગદગદ સ્વરમાં વિનંતી કરી છે. આ પાંચ પ્રકારે જે પ્રભુને પોકારે તો ઈશ્વરને તેનું સાંભળવું પડે છે. ઈશ્વરને પોતાના નિર્ણયમાં કંઈક પરિવર્તન કરવું પડે છે. ત્યાં તો શ્રાપાનુંગ્રહ કરવો પડે જો પાંચેથી કોઈ પુકાર કરે તો. દંડવતનો અર્થ છે લાકડીની જેમ કોઈના ચરણોમાં પડી જવું. લાકડી, દંડ કોઈના ચરણોમાં પડી જાય પછી તે સ્વતંત્ર નથી રહેતો. કોઈ એને ઉઠાવે, કોઈ ન ઉઠાવે, કોઈ ઉઠાવીને તોડી નાખે, જલાવી નાખે યા કોઈને મારે, કોઈને આધાર આપે. દંડ્વાતનો આવો વ્યાપક અર્થ છે.

ભગવાન શિવ વિશે ઉપનિષદમાં એક પ્રશ્ન ઉઠ્યો છે, કિમ કારણમાં બ્રહ્મઃ કોઈપણ ક્રિયાનું કોઈને કોઈ કારણ હોય છે, જેને કાર્ય કારણ સિદ્ધાંત પણ કહે છે. વિના કારણ કોઈ કાર્ય થઈ શકતું નથી. આ જગત, આ બ્રહ્મ છે, ઈશ્વર છે, આખો સંસાર છે, એનું કારણ શું? મૂળમાં કોણ છે? આ આખા પ્રપંચનું કારણ, આખા જગતનું કારણ, આખા અસ્તિત્વનું કારણ રુદ્ર છે શિવ છે. એવા ભગવાન શિવનું દર્શન રુદ્રાષ્ટકમાં આપણે કરી રહ્યા છીએ. રુદ્રાષ્ટકમાં ભગવાન શિવની આઠ મૂર્તિઓનું દર્શન છે. કોઈએ પૂછ્યું કે આ જગતમાં તો કેટલીય ચીજો છે અમે કયા રૂપમાં, કયા રૂપને બ્રહ્મ સમજીએ? જવાબ છે આખું જગત બ્રહ્મમય છે. સીય રામમય સબ જગ જાનીઆકાશને જોતા આપણને લાગવું જોઈએ કે એ રુદ્ર છે, એ શિવ છે, એ પરમ છે. જલને જોતા લાગવું જોઈએ કે એ બ્રહ્મ છે. પૃથ્વી પર પગ મુકતા લાગવું જોઈએ કે આ પણ બ્રહ્મ છે. અગ્નિનો ઉપયોગ કરતા આપણને એવું મહેસૂસ થવું જોઈએ કે આ રુદ્ર છે, શિવ છે. અને વાયુનો સંસ્પર્શ આપણને બ્રહ્મની અનુભૂતિ કરાવવો જોઈએ. સૂર્યનું દર્શન શિવને યાદ અપાવે. ચંદ્રનું દર્શન પણ આપણને શિવને યાદ અપાવે. પ્રત્યેક જીવાત્માનું દર્શન આપણને શિવને યાદ અપાવે, આ છે શિવની અષ્ટમૂર્તિ. અને આટલું જો કોઈ સમજી જાય તો પછી કોઈ કોઈને નિંદા નહીં કરે, કોઈની ઈર્ષા નહીં કરે.

ભગવાન શિવ નિર્વાણરૂપ પણ છે. જે લોકો નિર્વાણને પોતાનું ચરમલક્ષ સમજે છે, એમણે પણ શિવ આરાધના કરવી જોઈએ. કારણ કે અંતમાં તો શિવ નિર્વાણરૂપ છે. હવે નિર્વાણ કોને કહીએ? નિર્વાણનો મતલબ શું? શાસ્ત્રમાં કેટલાયે પ્રકારના નિર્વાણની ચર્ચા આવી છે. મોક્ષ, મુક્તિ, નિર્વાણ જે કહો તે. શાસ્ત્રોના આધારે અને મારી સમજમાં જે બેઠું છે તે પ્રમાણે મુક્તિ એને કહે છે, મોક્ષ એને કહે છે કે જેમાં વ્યક્તિ અથવા સાધકથી બીજાની નિંદા અને ઈર્ષા છૂટી જાય છે. નિર્માણ બીજું કંઈ નથી બાપ! પર આપવાથી મુક્તિ એ જ નિર્માણ છે ભગવાન શંકર પરાપવાદથી મુક્ત છે. ખુદ એમના સસરા દક્ષ મહારાજે એમની ટીકા કરી, દુર્ગણો ગાયા તો પણ ભગવાન શંકરે એમની નિંદા નથી કરી. એથી ભગવાન શિવ નિર્માણરૂપ છે.

(સંકલનઃ જયદેવ માંકડ)■

## અલૌકિક દર્શન

# દિવસ દરમિયાન ઈડા ને પિંગલાના પ્રવાહો બદલાયા કરતા હોય છે…

ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

પ્રાચીન યૌગિક ગ્રંથોમાં જણાવ્યા મુજબ સમગ્ર શરીરમાં એવો કોઈ ભાગ નથી, જે કોઈને કોઈ નાડીથી જોડાયેલ ન હોય. એટલે નાડીઓની સંખ્યા ખૂબ મોટી માનવામાં આવે છે, એક મત મુજબ આ સંખ્યા ત્રણ લાખ છે.

ગૌરક્ષશતકમાં નાડીઓની સંખ્યા ૭૨,૦૦૦ ગણાવવામાં આવેલ છે. તેમાંથી ૭૨ મુખ્ય છે. તેમાં પણ ૧૦ મહત્ત્વની છે. ગોરક્ષનાથ આ દશે નાડીઓના નામ અને સ્થાન નીચે પ્રમાણે ગણાવે છે.

૧. સુષુમ્ણા - મેરુદંડની મધ્યમાં વહે છે.
૨. ઈડા - સુષુમ્ણાની ડાબી બાજુ વહે છે.
૩. પિંગલા - સુષુમ્ણાની જમણી બાજુ વહે છે.
૪. ગાંધારી - ડાબી આંખ સુધી વહે છે.
૫. હસ્તિ જિહ્વા - જમણી આંખ સુધી વહે છે.
૬. પૂષા - જમણા કાન સુધી વહે છે.
૭. યશસ્વિની - ડાબા કાન સુધી વહે છે.
૮. અલંબુષા - મુખ સુધી વહે છે.
૯. કુહૂ - લિંગ પ્રદેશમાં વહે છે.
૧૦. શંખિની - મૂલસ્થાનમાં વહે છે.

**षट्चक्रनिरुपण**માં માત્ર સાત નાડીઓ ગણાવવામાં આવેલ છેઃ સુષુમ્ણા, ઈડા, પિંગલા, વજ્ર, ચિત્રિણી, બ્રહ્મનાડી, અને શખિની. અહીં એક વિશેષ બાબત જણાવવામાં આવેલ છે, જે નોંધનીય છે. તેમના મતે મેરુદંડમાં વજ્ર નાડી વહે છે. વજ્ર નાડીની અંદર ચિત્રિણી છે. ચિત્રિણીમાં સુષુમ્ણા છે અને સુષુમ્ણામાં બ્રહ્મનાડી છે, જે સૌથી સૂક્ષ્મ છે.

આ બધી નાડીઓમાં ત્રણ નાડીઓ સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે; તેથી વિશેષ ઉલ્લેખને પાત્ર છે.

**૧. સુષુમ્ણાઃ**


આ નાડી મૂલાધારથી મસ્તક સુધી વ્યાપીને રહેલી છે. તે મેરુદંડની મધ્યમાંથી પસાર થાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ સમગ્ર નાડીતંત્રમાં તેનું મૂલ્ય સૌથી વિશેષ છે. સામાન્યતઃ પ્રાણનો પ્રવાહ તેમાંથી વહેતો નથી. તેનું મુખ બંધ રહે છે, જ્યારે કુંડલિની શક્તિ જાગૃત થઈ સુષુમ્ણાના બંધ દ્વારને ખોલીને, સુષુમ્ણા માર્ગે ઊર્ધ્વગામિની બને છે. સાધકના આધ્યાત્મિક વિકાસનો સાચો પ્રારંભ થાય છે.

**૨. ઈડાઃ**

આ નાડી સુષુમ્ણાની ડાબી બાજુ રહે છે. તેનો આરંભ પણ મૂલાધારથી થાય છે અને તે ડાબા નસકોરાં સુધી પહોંચે છે. તેમાં વહેતો પ્રાણ પ્રવાહ શીતળ છે. તેને ચંદ્રનાડી પણ કહેવામાં આવે છે. પ્રતીકાત્મક રીતે તેને 'સ્ત્રી' તત્ત્વવાળી નાડી માનવામાં આવે છે. યોગિક પરિભાષામાં તેને 'હ' સંજ્ઞા આપવામાં આવે છે. તેનો રંગ વાદળી છે, એમ માનવામાં આવે છે.

**૩. પિંગલાઃ**

આ નાડી સુષુમ્ણાની જમણી બાજુ વહે છે. તેનો આરંભ મૂલાધારથી થાય છે અને તે જમણા નસકોરાં સુધી પહોંચે છે. તેમાં વહેતો પ્રાણપ્રવાહ ઉષ્ણ છે. તેને સૂર્યનાડી પણ કહે છે. પ્રતીકાત્મક રીતે તેને 'પુરુષ' તત્ત્વવાળી નાડી માનવામાં આવે છે. યૌગિક પરિભાષામાં તેને 'ઠ' સંજ્ઞા આપવામાં આવે છે. તેનો રંગ લાલ છે, એમ ગણાય છે.



જ્યારે ડાબા નસકોરામાંથી શ્વાસ વધુ પ્રમાણમાં વહેતો હોય ત્યારે ઈડાનાડી ચાલુ છે એમ કહેવાય. જ્યારે જમણા નસકોરામાંથી શ્વાસ વધુ પ્રમાણમાં વહેતો હોય ત્યારે પિંગલા નાડી ચાલુ છે, એમ કહેવાય. જ્યારે બન્ને નસકોરાંમાંથી વહેતા શ્વાસનું પ્રમાણ સમાન હોય ત્યારે સુષુમ્ણા નાડી ચાલુ છે, એમ કહેવાય. યૌગિક દૃષ્ટિએ સુષુમ્ણા નાડી ચાલુ હોય તે ઈષ્ટ છે.

**સામાન્યતઃ** દિવસ દરમિયાન ઈડા અને પિંગલાના પ્રવાહો બદલાયા કરતા હોય છે. જ્યારે યોગીનો સુષુમ્ણા પ્રવાહમાં પ્રવેશ થયો હોય છે. ચંદ્રનાડી- 'હ' અને સૂર્યનાડી 'ઠ'ને સમ બનાવવા તે 'હઠ' યોગને અભિપ્રેત છે. શ્વાસવહનની આ સૂક્ષ્મગતિ વિશે 'સ્વરવિજ્ઞાન' નામનું શાસ્ત્ર રચાયું છે.

નાડીઓના ઉદ્ગમ-સ્થાન અંગે ભિન્નભિન્ન મતો વ્યક્ત થયા છે. છાંદોગ્ય ઉપનિષદમાં નાડીઓનું ઉદ્ગમ-સ્થાન હૃદયને ગણવામાં આવેલ છે.

**शतं चैका च हृदयस्य नाडयस्तासां**
**मूर्धोनमभिनिः सृतैका।**
**तयोर्ध्वमायन्नमृत्वमेति विष्वड्डन्या उत्क्रमणे**
**भवन्त्युक्रमणे भवन्ति।।** ।।૮-૬-૬।।

'હૃદયની એકસો એક નાડીઓ છે. તેમાંની એક મસ્તક તરફ વહે છે તેના દ્વારા ઊર્ધ્વ તરફ ગતિ કરવાથી અમૃતત્ત્વ મળે છે. બીજી નાડીઓ ઉત્ક્રમણનું કારણ બને છે.'

હઠપ્રદીપિકા, ગોરક્ષશતક વગેરે યૌગિક ગ્રંથોમાં જણાવવામાં આવ્યું છે કે નાડીઓનું ઉદ્ગમ-સ્થાન નાભિની નીચે રહેલ કંદમાં છે.

એક અન્ય મતે આ સ્થાન યોનિસ્થાનમાં છે. સામાન્ય રીતે નાભિની નીચે રહેલ અંડાકાર કંદને નાડીઓના ઉદ્ગમ-સ્થાન લેખે સ્વીકારવામાં આવે છે.

જો બધી નાડીઓ કંદમાંથી નીકળી હોય તો સુષુમ્ણા, ઈડા અને પિંગલા યોનિસ્થાનમાંથી નીકળેલી બતાવી છે, તેનો મેળ કેવી રીતે બેસાડવો, એવો સવાલ થાય છે. ખરેખર તો બધી નાડીઓની જેમ આ ત્રણે નાડીઓ પણ કંદમાંથી નીકળે છે, પરંતુ ત્યાંથી તેઓ નીચેની દિશામાં મૂલાધાર સુધી અને ઉપરની દિશામાં મસ્તક તથા નાસિકા સુધી વહે છે એટલે તેઓ મૂલાધારમાંથી નીકળી કંદમાંથી પસાર થઈને ઉપર તરફ વહે છે એમ ગણવામાં કશો વિરોધ રહેતો નથી.

**૩. ચક્રોઃ** માનવદેહને પિંડ કહેવામાં આવે છે. આ પિંડ, બ્રહ્માંડનું લઘુરૂપ છે અને 'પિંડે સો બ્રહ્માંડે' મુજબ પિંડ અને બ્રહ્માંડની રચનામાં રહસ્યપૂર્ણ સામ્ય છે. વેદમાં અનેક સ્થળે ચેતનાના સાત સ્તરોનું પ્રતીકાત્મક વર્ણન જોવા મળે છે. બ્રહ્માંડમાં ચેતનાના સાત સ્તરો છે. **भूः, भुवः, स्वः, महः, जनः तपः-**

આ સાત વ્યાહુતિ અને સાત લોક ગણાય છે. આ વર્ણન બ્રહ્માંડસ્થ ચેતનાના સાત સ્તરો જ સૂચિત કરે છે. જેમ બ્રહ્માંડમાં તેમ પિંડમાં પણ ચેતનાના સાત સ્તરો છે. પિંડસ્થ ચેતનાનું દરેક સ્તર, બ્રહ્માંડસ્થ ચેતનાના જે તે સ્તર સાથે જોડાયેલું છે. કેમ કે, વ્યષ્ટિ એ સમષ્ટિ સાગરનું એક મોજું છે. આવા જોડાણ દેહમાં જે કેન્દ્રો પર થયેલાં છે તે કેન્દ્રોને યૌગિક પરિભાષામાં ચક્ર કે કમલ કહેવામાં આવે છે. આ સાતે ચક્રો દેહમાં વિકસતી જતી ચેતનાનાં કેન્દ્રો છે. તેથી યોગસાધનામાં તેનું વિશેષ મૂલ્ય છે.

સામાન્ય રીતે વ્યક્તિ આ ચક્રો, પિંડસ્થ અને બ્રહ્માંડસ્થ ચેતનાનાં સ્તરો અને તેમની એકતા અંગે સભાન હોતી નથી. કુંડલિની શક્તિનું જાગરણ થાય અને આ શક્તિ જેમ જેમ ચક્રો ભેદતી ભેદતી ઊર્ધ્વગામી બનતી જાય છે તેમ તેમ સાધકમાં આ સભાનતા વિકસતી જાય છે.

નાડીની જેમ ચક્રો પણ સૂક્ષ્મ શરીરમાં છે તેથી તેઓ ઈન્દ્રિયગમ્ય નથી પરંતુ અનુભવગમ્ય છે. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ભારતીય સંસ્કૃતિમાં નાગપૂજન



**નાગપૂજા** કે સર્પપૂજા ભારતીય હિન્દુ ધર્મનું એક અંગ છે. જે વિશ્વના લગભગ તમામ ધર્મોમાં પણ કોઈના કોઈ સ્વરૂપે જોવા મળે છે. કેટલાક રાજવંશોએ તો પોતાના રાજ્યચિહ્નમાં પણ નાગની આકૃતિને સ્થાન આપ્યું છે. કેટલીક જાતિઓ તો નાગને 'અવધ્ય' માને છે. સર્પપૂજનના તહેવારોમાં શ્રાવણ સુદ પાંચમના દિવસે થતા નાગપૂજનને કારણે 'નાગ પંચમી' મુખ્ય ગણાય છે. લગભગ તમામ પ્રાન્તોમાં આ દિવસે નાગનાં સ્થાનકો અને રાફડાઓની પૂજા દૂધ,ફૂલ,તલ તથા ગોળના વાટીને કરેલા મિશ્રણ 'તલવટ'થી કરવામાં આવે છે. અને કેટલાક પરિવારો પોતાના ઘરના પાણિયારા પર ફેણ સહિતના નાગ અને બે નાગણીઓની કુમકુમથી આકૃતિ દોરીને 'તલવટ', પલાળેલાં મગ,ચણા,બાજરી,મઠ વગેરે કઠોળ ધાન્યો, બાજરાના લોટની કુલેર, ઘઉંના લોટની કૂલેર વગેરે ધરીને, રૂ-કપાસમાંથી નાગલા હાર- અને નાગણીઓને ચૂંદડી ઓઢાડી શ્રીફળ વધેરીને ધૂપ-દીપ સાથે એની પૂજા કરે છે. આ નાગપૂજાના સંસ્કારો આર્યોએ અનાર્યો પાસેથી સ્વીકાર્યા હોવાનું મનાય છે.

અથર્વવેદમાં નાગપૂજા અંગે વિસ્તારથી સ્પષ્ટપણે લખાયું છે. અન્ય ત્રણ વેદમાં નાગપૂજાના ઉલ્લેખો નથી. અથર્વવેદમાં નાગદેવતાને ક્ષેત્રપાલ તરીકે સ્વીકારી એની સ્થાપના - પૂજન વિશે માર્ગદર્શન અપાયું છે. અર્વાચીન સમયે તો 'શ્રીમદ્ નાગપુરાણ' (લે. મનુજ યોગી) નામે ગ્રંથ પણ લખાયો છે. શતપથ બ્રાહ્મણ ગ્રંથમાં એક વખત નાગ શબ્દ મહાનાગના અર્થમાં વપરાયો છે. તો બૃહદારણ્યક ઉપનિષદમાં તથા ઐતરેય બ્રાહ્મણમાં સ્પષ્ટ રૂપમાં એનો અર્થ સર્પ થાય છે. સૂત્રગ્રંથોમાં પૌરાણિક નાગનો ઉલ્લેખ થયો છે જેની પૂજા કરવામાં આવતી હતી. કશ્યપ ઋષિ અને દક્ષપુત્રી કદ્રુના એક હજાર પુત્રો નાગ તરીકે પુરાણોમાં ઉલ્લેખ પામ્યા છે.

આસામ પ્રદેશની ઉત્તરે ઉત્તરીય ઈશાન ખૂણામાંનો હિમાલયનો પ્રદેશ ત્યાં વસતી નાગજાતિને કારણે 'નાગાલેન્ડ' તરીકે ઓળખાય છે. ભગવાન શિવના ગળામાં પણ તેનું સ્થાન છે. શેષશાયી વિષ્ણુ, શ્રીકૃષ્ણનું કાલિય દમન, નાગકન્યા ઉલૂપિ સાથેના અર્જુનના વિવાહ અને મહાભારતનો સર્પયજ્ઞ પણ અહીં યાદ આવે. આર્ય અને અનાર્ય જાતિઓ વચ્ચેના કલહ એમાં જોવા મળે. કેટલાક પ્રાચીન વંશોમાં પોતે બ્રાહ્મણ પિતા અને નાગમાતાના સંતાન છે એવી માન્યતાઓ પણ મળે છે.

જૈન તીર્થંકરોની મૂર્તિઓના પરિકરોમાં પણ નાગની આકૃતિઓ મળે. તો બૌદ્ધ મઠોમાં નાગનાં શિલ્પો જોવા મળે. ચીનનું રાષ્ટ્રીય પ્રતીક જ મહાસર્પ-ડ્રેગન છે. કેટલાક રાજવંશોના મુકુટ પર તથા રાષ્ટ્રધ્વજામાં કે રાજ્યનાં પ્રતીકો માં પણ ફેણ ચડાવેલા નાગની આકૃતિ જોવા મળે છે. પતંજલિના યોગદર્શનમાં કુંડલિની શક્તિને સાડા ત્રણ આંટા વળેલી નાગણી તરીકે ઓળખવામાં આવી છે. બત્રીશ મુખ્ય નાગ -શેષનાગ, વાસુકિ, કર્કોટક, શંખ, મહાશંખ, ઐરાવત, કંબલ, ધનંજય, મહાનીલ, પદ્મ,મહાપદ્મ, અશ્વતર, તક્ષક, એલાપત્ર, ધૃતરાષ્ટ્ર, બલાહક, શંખપાલ, પુષ્પદંત, શુભાનન, શંકુસોમા, બહુલ,વામન,પાણિન, કપિલ, દુર્મુખ, પતંજલિ, કૂર્મ,કુલિક,અનંત, આર્યક, લોહિત, પદ્મચિત્ર એ બત્રીશ નાગોને મુખ્ય ગણવામાં આવે છે. તો લોકજીવનમાં નવકુળ નાગ માટે વિધવિધ નામો મળી આવે છે. કાળીનાગ, તીખસ / તક્ષક નાગ, સરસોતી નાગ, ધનંજય નાગ, કમલ (ફુલનાગ), અસર્વનાગ, શંખનાગ, કરકોટક (ગઢીયો) અને ધનમાઢ નાગ અથવા તો કુલીક, મહાશંખ, શ્વેત, શંખચૂડ, કંબલ, અસ્યતર, દેવદત્ત, વાસુકિ અને તક્ષક અથવા તો તંબોળ, અડદિયો, તેલીયો, ગડગડીયો, રાજભારો, શિતલશાખ, કંકરો કે નુગરો અને રાઈકુળ.. એવાં નામોથી નવ નાગ ઓળખાય છે. કોઈપણ નવું ગામ જ્યારે વસાવવાનું હોય ત્યારે ગ્રામદેવતા,સ્થાનદેવતા અને પાકને બચાવનારા રક્ષણહાર - ક્ષેત્રપાલ તરીકે નાગની સ્થાપના કરવામાં આવતી અને જે તે ગામના નામ પરથી તે નાગદેવને નામ અર્પણ કરતા. એ ક્ષેત્રપાલ નાગ દેવતા પછી જે તે ગામના નામ પરથી જ ઓળખાય. દા.ત.ભૂજમાં સ્થાનક થાય તો ભૂજિયાનાગ, ગોંડલમાં સ્થાનક થાય તો ગોંડલા નાગ, જમનાવડ ગામે સ્થાપના થાય તે જમનાવડિયા નાગ વળી પોતાના વંશમાં કોઈનું વીર મૃત્યુ થાય, લડાઈમાં કામ આવે ત્યારે તેની સ્મૃતિમાં જે સ્થાનક થાય તે નાગ સ્વરૂપે પણ હોય એવી માન્યતા પણ ચાલી આવે છે. ગોગા મહારાજ, વીરવચ્છરાજ / વાછડાદાદા.

આપણે ત્યાં લગભગ તમામ ગામે આવેલાં નાગસ્થાનકો જે તે ગામના નામથી જ ઓળખાય છે, અથવા તો ક્ષેત્રપાલ તરીકે ખેતલિયા દાદા અથવા તો ગામના સીમાડે સ્થાપના થતી હોવાને કારણે સીમાડિયા દેવ / સિરમાળિયા / સરમાળિયા કે ચરમાળિયા નાગદેવના નામે પૂજાતા અને ઓળખાતા હોય છે. પાછળથી એ ગામના મૂળ રહેવાશીઓ અન્ય ગામે રહેવા જાય ત્યારે એના કુળદેવ તરીકે જે નાગ પૂજાતા હોય એનું સ્થાનક નવા રહેઠાણે પણ લઈ જાય ને એ મૂળ જૂના ગામના નામથી જ ઓળખાય.

માત્ર ગુજરાતમાં જ નાગના સ્થાનક પરથી ઘોઘાદેવ, ઘોઘાવદર, ઘોઘાવાડા, ઘોઘાસમડી, ઘોઘાવહળ, ઘોઘલા, ઘોઘલી, ઘોઘા, ગોગલા, નાગધરા, નાગવાસણ, નાગધણીબા, નાગેશ્વર, નાગડોળ, નાગકા, નાગદ્રા, નાગનેશ,નાગડકા, જેવાં પચાસથી વધારે ગામોનાં નામ પડયાં હોવાનું જોવા મળે છે. આ સાથે જ આપણને યાદ આવે નાગપુર (મહારાષ્ટ્ર), નાગણેચી સ્થાન (નગાણા-રાજસ્થાન), શેષનાગ સરોવર(કાશ્મીર), નાગતીર્થ (અયોધ્યા) અને નાગાલેન્ડ. તો મનુષ્યોમાં પણ નાગજી નામ જોવા મળે. નાગના સ્વરૂપ, પૂજા અને માનવી સાથેના સંબંધોની અનેક કથાઓ આપણા પ્રશિષ્ટ સંસ્કૃતસાહિત્ય, મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, ચારણી-બારોટીસાહિત્ય અને લોકસાહિત્યથી માંડીને કંઠસ્થ પરંપરાની લોકવાર્તાઓ અને વ્રતકથાઓમાં મળે છે. ક્ષેત્રપાલ નાગદેવતાનાં સ્થાનકોએ તથા જેમણે માતૃભૂમિ,ગાય,બ્રાહ્મણ, કુંવારી કન્યા કે કોઈપણ અબળાનારી કે પોતાને આશરે આવેલા શરણાગત માટે પોતાનું આત્મબલિદાન આપી શહીદ થયા હોય એવા શૂરાપૂરાની ખાંભીએ સિંદૂર,નાળિયેર અને વિવિધ પ્રકારના નિવેદ ધરવામાં આવે છે. ■

---

# ક્રોધની વિનાશકતા...

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com



ગત અંકમાં કામરૂપી નરકના દ્વારથી ચેતવીને હવે ભગવાન કૃષ્ણ ક્રોધની વિનાશકતા ઉજાગર કરી રહ્યા છે.

ધીરેનભાઈ મોબાઈલમાં વાત કરતા કરતા રસ્તો પાર કરી રહ્યા હતા. કેળાની છાલ પર પગ પડ્યો અને તે લપસી પડયા અને બબડ્યા, ઓ બાપ રે.....મરી ગયો. અને એણે ક્રોધના આવેગમાં રસ્તાને લાત મારી. એટલામાં જ એક કાર ચાલકે તેને ટક્કર મારી. અને આ ધીરેનભાઈએ તો કારચાલક જોડે ગાળા-ગાળી ને મારા-મારી ચાલુ કરી અને બન્ને ઘવાયા. બન્નેને દવાખાને લઈ જવામાં આવ્યા. ડોક્ટરે તપાસ કરી પાટો બાંધી આપ્યો. ધીરેનભાઈને પાટો બાંધ્યા પછી ડોક્ટરે પૈસા માગ્યા. પણ બદલામાં ધીરેન ભાઈએ તો ક્રોધમાં ડોક્ટરને સડસડાટ કરતો લાફો ઝીંકી દીધો અને ડોક્ટરના ગાલ પર આંગળીના નિશાન પાડી એક મેમરી આપી દીધી. ડોક્ટરે પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો. પોલીસને બોલાવી. પોલીસે તેને વાનમાં બેસાડવાની કોશિશ કરી. પણ તેણે પોલીસ સાથે પણ ઝપાઝપી કરી. પોલિસે બે દંડા ફટકાર્યા. અને આમ આ ક્રોધનો કોઈ અંત જ ના આવ્યો. આ ધીરેન ભાઈ ધીમે ધીમે ધીરમાંથી અધીર થઈ ગયા.

એટલે જ કહેવામાં આવ્યું છે કે, ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે. સ્મૃતિ નાશે બુદ્ધિ નાશ, પરિણામ વિનાશ.

ક્રોધ એ કળિયુગનું રહેઠાણ છે. કળિયુગ, સૌથી પહેલું કામ માણસની બુદ્ધિને ભ્રષ્ટ કરી વિવેકનો નાશ કરે છે. કડવી વાણી ક્રોધનું મનભાવતું ભોજન છે. અવિનય અને અસહનશીલતા તેના પ્રિય પીણાં છે. બીજાનાં આંસુ ક્રોધના મનોરંજનનું હાથવગું સાધન છે. એટલે જ ચાણક્યે ક્રોધને બીજા યમરાજનું સ્વરૂપ ગણાવ્યો છે. ક્રોધને માણસના મનના સિંહાસન પર વિરાજિત થવું ગમે છે. ક્રોધ એ બુદ્ધિ અને વિવેકને તડીપાર કરે એ પહેલાં એ બન્ને જ દિમાગમાંથી ઉછાળા ભરી વિદાય થાય છે. ક્રોધને પ્રકાશ સાથે બારમો ચંદ્રમા છે. એ માણસના મનમાંથી સંયમની બત્તી બુઝાવીને પોતાની કપટ લીલા શરૂ કરે છે અને અંતે વિનાશ તરફ ધકેલી દે છે.

જેમ આપણે કોઈના ઘરમાં ભાડુઆત તરીકે રહેતા હોઈએ તો તે ઘર આપણું ટેમ્પરરી રહેણાક કહેવાય પણ આપણે તે ઘરના મકાનમાલિક તો નહિ જ ને. પણ ક્રોધ પહેલા તો મનનો 'ટેમ્પરરી' ભાડુઆત બને છે અને પછી ધીમે ધીમે મકાન માલિક બનવાનું શરૂ કરી દે છે અને વેર જન્માવે છે. ઉત્તમ મનુષ્યનો ક્રોધ ક્ષણભરનો હોય છે. મધ્યમ પ્રકારના માણસનો ક્રોધ બે ઘડીનો હોય છે. નીચ માણસનો ક્રોધ એક દિવસ અને રાતભરનો હોય છે, જ્યારે અતિ દુષ્ટ માણસનો ક્રોધ સમગ્ર જીવન સુધી ટકી રહે છે. એટલે રામનરેશ ત્રિપાઠીએ ઉચિત જ કહ્યું છે કે ક્રોધ તુમ્હારા પ્રબલ શત્રુ હૈ,બસા તુમ્હારે ઘર મેં, હો સકતે હો ઉસે જીતકર, વિજયી તુમ જગભર મેં.

તરુણાવસ્થામાં યુવક-યુવતીઓ જે કંઈ કરતા હોય તેમાં દખલગીરી કરવામાં આવે, તેમને રોકટોક કરવામાં આવે કે તેમની ઇચ્છાઓમાં અવરોધો નાખવામાં આવે તો તેઓ ક્રોધથી લાલચોળ થઈ જાય છે. મોટી ઉંમરની વ્યક્તિઓને પોતાની સામાજિક પ્રતિષ્ઠાની વધારે પડી હોય છે અને તેથી તેને આંચ આવે તો તેઓ ગુસ્સે થઈ જાય છે. નાનાં બાળકો ચીસો પાડીને, લાતો મારીને, હાથપગ પછાડીને, તોડફોડ કે ધમાલ અને ધમપછાડા કરીને, પોતાનો ક્રોધ વ્યક્ત કરે છે અને આ ક્રોધને લીધે આકરાં પરિણામો ભોગવવાં પડે છે.

ઘણી વાર ક્રોધનું સ્થાનાંતર થાય છે. કહેવત છે ને 'પાડાના વાંકે પખાલીને ડામ'. તેવી રીતે ઑફિસના બોસ સામેનો ગુસ્સો પત્ની પર ઠલવાય, પત્ની આ ગુસ્સો છોકરાં પર ઠાલવે, છોકરાં તેમનો ગુસ્સો રમકડાં પર ઉતારે એવું બને છે.

સામાજિક દબાણોના કારણે મોટા ભાગની પુખ્ત વયની વ્યક્તિઓને ક્રોધ કે ગુસ્સાના આવેગનું દમન કરવાની ફરજ પડે છે. આ દમનની કિંમત માણસે આડકતરી રીતે ચૂકવવી પડે છે જેમ કે, લોહીનું ઊંચું દબાણ, હાર્ટ એટેક, માનસિક તાણ, વગેરે. પછી દવામાં પૈસાનું પાણી.

રામાયણમાં વાલ્મીકિએ ક્રોધ વિજેતા વ્યક્તિની પ્રશંસા કરતાં કહ્યું છે તે માણસો ધન્યવાદને પાત્ર છે, જેઓ પોતાનામાં ઉત્પન્ન થયેલ ક્રોધને બુદ્ધિ દ્વારા એવી રીતે રોકી દે છે, જેવી રીતે સળગતા અગ્નિને પાણી દ્વારા બુઝાવી દેવામાં આવે છે. ક્રોધનું જન્મસ્થાન અજ્ઞાન છે અને અહંકાર તેને દુગ્ધપાન કરાવે છે.


ભગવાન શ્રીકૃષ્ણએ ક્રોધ પર વિજય મેળવવા માટેનો ખૂબ જ સુંદર માર્ગ આપ્યો છે. જેને વાંગ્મય તપ કહે છે અર્થાત વાણીનું તપ. જે ક્રોધ પર વિજય મેળવવા માટે ખૂબ જ સહાયક છે. ■

---

# વિશ્વમાં અત્ર - તત્ર - સર્વત્ર શિવ હી શિવ!

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com



આપણે સહુ જાણીએ છીએ કે આપણે દેવોના દેવ મહાદેવની પૂજા શિવલિંગ રૂપે કરીએ છીએ. લગભગ બધા જ દેવોને આપણે મૂર્તિ રૂપે પૂજીએ છીએ, પરંતુ મહાદેવને નિરાકાર રૂપમાં પૂજાય છે. જેમ મહાદેવ સર્વવ્યાપી છે, તેમ મહાદેવનું પવિત્ર શિવલિંગ પણ ભારત દેશની સીમાઓ ઓળંગીને અનેક ઠેકાણે જોવા મળે છે. નોંધનીય એ છે કે વિદેશોમાં માત્ર આધુનિક કાળમાં બનેલાં મંદિરો નહીં, પરંતુ પુરાતન ઇતિહાસમાં સનાતનની હાજરીના પુરાવા રૂપ શિવલિંગોનો ઇતિહાસ મળી આવે છે.

સંસ્કૃતિની શરૂઆતમાં, લોકોનું જીવન પ્રાણીઓ અને પ્રકૃતિ પર આધારિત હતું, તેથી તેઓ પ્રાણીઓના રક્ષક દેવતા તરીકે પશુપતિની પૂજા કરતા હતા. સિંધુ ખીણની સંસ્કૃતિમાંથી મળેલી એક સીલ પર ત્રણ ચહેરાવાળા માણસને ઘણા પ્રાણીઓથી ઘેરાયેલો દર્શાવવામાં આવ્યો છે. આને ભગવાન શિવનું પશુપતિ સ્વરૂપ માનવામાં આવે છે.

સુમેરિયાની સંસ્કૃતિઓ ઈસા પૂર્વે ૨૩૦૦-૨૧૫૦ સુધી, બેબીલોનિયા ઈસા પૂર્વે ૨૦૦૦-૪૦૦ સુધી, ઈરાન ઈસા પૂર્વે ૨૦૦૦-૨૫૦ સુધી, ઇજિપ્ત ઈસા પૂર્વે ૨૦૦૦-૧૫૦ સુધી, અસીરિયા ઈસા પૂર્વે ૧૪૫૦-૫૦૦ સુધી, ગ્રીસ ઈસા પૂર્વે ૧૪૫૦-૧૫૦ સુધી અને રોમ ૮૦૦-૫૦૦ સુધી અસ્તિત્વમાં હતી. મહાભારતનું યુદ્ધ આ બધા પહેલાં લડાયું હતું. આનો અર્થ એ થયો કે ભારતમાં અંદાજે ૩૫૦૦ બીસીમાં સંપૂર્ણ વિકસિત સભ્યતા હતી. તેમાં મહાદેવ પૂજાતા હોવાનું વર્ણન આપણા ગ્રંથોમાં છે જ.

*** ઇટાલીમાં મળે છે પ્રમાણ**

એવું માનવાનાં પ્રબળ કારણો છે કે શિવલિંગની પૂજા યુરોપિયન દેશોમાં થતી હતી. ઇટાલિયન શહેર રોમની ગણતરી વિશ્વના પ્રાચીન શહેરોમાં થાય છે. રોમનો દ્વારા શિવલિંગની પૂજા 'પ્રયાપસ'ના રૂપમાં કરવામાં આવતી હતી એવું માનવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે, ગ્રીક પૌરાણિક કથાઓ મુજબ પ્રયાપસ ફળદ્રુપતાના દેવતા ગણવામાં આવે છે, અને તેમની જનનેન્દ્રિય વિશે તેમાં વિશિષ્ટ કથા છે.

રોમના વેટિકન શહેરમાં ખોદકામ દરમિયાન એક શિવલિંગ મળી આવ્યું હતું જે ત્યાંના ગ્રેગોરિયન એટ્રુસ્કન મ્યુઝિયમમાં આજે પણ મોજૂદ છે. વેટિકનની વાત નીકળી છે તો તેનો પણ શિવલિંગ સાથેનો બીજો રસપ્રદ સંબંધ જાણવા જેવો છે. ઇટાલીનો જ હિસ્સો હોવા છતાં, વેટિકન સિટી ખ્રિસ્તી સામ્રાજ્યનો સ્વતંત્ર દેશ ગણાય છે અને ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધર્મગુરુનું તે રહેઠાણ પણ છે. જો તમે વેટિકન સિટીની મુખ્ય ઇમારત અને તેના આગળના વિસ્તાર પર વિહંગમ દ્રષ્ટિ કરશો તો જણાઈ આવે છે કે તેનો સમગ્ર આકાર શિવલિંગના થાળા જેવો છે, જે એક અજાયબી છે. માન્યતા તો એવી પણ છે કે વેટિકન સિટીનું નામ પણ ભારતીય સંસ્કૃતિના શબ્દ 'વાટિકા' પરથી જ પડ્યું છે. આ રીતે ઇટાલીનો ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મ સાથે ઊંડો સંબંધ હોવાનું માનવામાં આવે છે.

*** પુરાતન સંસ્કૃતિઓમાં પણ ભોળાનાથ**

આપણે ત્યાં તો મોહેંજોદડો અને હડપ્પાની વિકસિત સંસ્કૃતિમાં પણ શિવલિંગની પૂજાના પુરાતત્ત્વીય અવશેષો મળી આવ્યા છે, જે કોઈ આશ્ચર્યની વાત નથી. પરંતુ પુરાતત્ત્વીય શોધ મુજબ, મેસોપોટેમિયા અને બેબીલોનના પ્રાચીન શહેરોમાં શિવલિંગની પૂજાના પુરાવા મળી આવ્યા છે.

*** આયર્લેન્ડમાં પણ મહાદેવ**

આયર્લેન્ડના તારા હિલમાં એક લાંબો અંડાકાર આકારનો રહસ્યમય પથ્થર આવેલો છે, જે શિવલિંગ જેવો દેખાય છે. તેને ભાગ્યશાળી પથ્થર (લ્યા ફેઇલ સ્ટોન ઓફ ડેસ્ટિની) કહેવામાં આવે છે. ઈસવીસન ૧૬૩૨-૧૬૩૬ વચ્ચે ફ્રેન્ચ સાધુઓ દ્વારા લખાયેલા એક પ્રાચીન દસ્તાવેજ અનુસાર, આ પથ્થર ૪ અલૌકિક જીવો દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો હતો.

*** આફ્રિકામાં પણ શિવલિંગ**

દક્ષિણ આફ્રિકામાં સુદ્વારા નામની ગુફામાં, પુરાતત્ત્વવિદોને મહાદેવનું ૬,૦૦૦ વર્ષ જૂનું શિવલિંગ મળી આવ્યું છે જે કઠણ ગ્રેનાઈટ પથ્થરથી બનેલું છે. આ શિવલિંગ શોધનારા પુરાતત્ત્વવિદોને આશ્ચર્ય થયું છે કે આ શિવલિંગ અત્યાર સુધી અહીં કેવી રીતે સુરક્ષિત રહ્યું? જોકે, સુદ્વારાના સત્તાવાર સૂત્રો તે શિવલિંગ હોવાનું નકારે છે, અને કહે છે કે નજીકના નેલ્સપ્રુટ નેચર રિઝર્વમાં એક ખડકની રચના છે. સાથે એટલું તો સ્વીકારે છે કે ૧૮૦૦ વર્ષ પહેલાં ભારતીય પ્રવાસીઓ તેની પૂજા કરતા હતા.

વિયેતનામ એક જીવંત વૈદિક સંસ્કૃતિનું ઘર હતું. ઘણાં અદ્ભુત મંદિરો અને શિલ્પો આજે પણ ત્યાં અસ્તિત્વમાં છે. સમગ્ર વિયેતનામમાં હજારો વર્ષ જૂનાં ઘણાં પ્રાચીન શિવલિંગ મળી આવ્યાં છે. આ સમગ્ર વિશ્વમાં વૈદિક સંસ્કૃતિના વિશાળ વિસ્તરણનો વધુ પુરાવો છે.

*** ઇન્ડોનેશિયામાં પણ દેવોના દેવ**

પુરાતત્ત્વવિદોને ઇન્ડોનેશિયાના યોગ્યકાર્તામાં એક પ્રાચીન મંદિર મળી આવ્યું છે, જેના ખંડેરમાંથી હિન્દુ દેવતા શિવને વહન કરતા પવિત્ર બળદ નંદીની પ્રતિમા મળી આવી છે. યોગ્યકાર્તા પ્રાચીન વસ્તુઓ અને અવશેષો સંરક્ષણ એજન્સીના ખોદકામ ટીમના વડાએ જણાવ્યું હતું કે, આ પ્રતિમા ઉત્કૃષ્ટ છે. આ શિલ્પ નંદીની અન્ય પ્રતિમાઓથી અલગ રીતે કોતરવામાં આવ્યું છે. 'ઇન્ડોનેશિયન ઇસ્લામિક યુનિવર્સિટી કેમ્પસ'માં સ્થિત આ સ્થળ પર અગાઉ થયેલી શોધમાં ગણેશજીની પ્રતિમા; અને શિવલિંગ મળી આવ્યાં હતાં.

આપણને એ જાણીએ આશ્ચર્ય પણ થાય, હે શિવભક્ત તરીકે આનંદ પણ થાય, કે વિશ્વમાં અત્ર, તત્ર, સર્વત્ર, શિવ હોવાના પ્રમાણ મળે છે. ■

---

# દસે દિશાઓમાં પ્રભુનો વાસ...

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com



એક સત્ય જે સનાતન છે, કદી પણ મિથ્યા થતું નથી એ છે કે પ્રભુને માનવીમાં જે નિહાળે છે તે કદી કોઈ માનવીને જરાયે હેરાન પરેશાન કરે નહીં. હેરાન કરવાની કલ્પના પણ નહીં કરે કારણ કે એ જાણે છે કે એ માનવીને હેરાન કરવાથી પોતે પ્રભુને હેરાન કરી રહ્યો છે.

- પ્રભુને હેરાન કરવાની કોઈ હિંમત કરે નહીં.

* દરેક માનવીમાં પ્રભુને જ નિહાળનાર ઉચ્ચ કોટિના સંત હશે.

* દરેક માનવીમાં પ્રભુનું દર્શન કરનાર માનવ પ્રભુમય જ બની જાય છે.

- ત્યાર પછી કોઈ માનવીની લાગણી એ કદી દુભાવશે નહીં.

* બીજા કોઈની લાગણીને પોતાનાથી દુઃખ પહોંચે એવું લાગશે ત્યારે તેને ઘણું દુઃખ થશે.

* જીવનમાં ડગલે ડગલે છે પ્રભુ.

* જે વ્યક્તિનું જીવન પ્રભુમય બને છે તેના જીવન તરફ નજર કરતાં જણાશે કે એ જે કાંઈ કરે તે પ્રભુને અર્પણ કરતો હશે.

* એની દરેક પ્રવૃત્તિ પ્રભુમય હશે.

- શહેનશાહ અકબરના દરબારમાં અકબરના મુખે કવિ કહેવડાવે છે કે,

* પૃથ્વીનો પ્રભુ દસે દિશાઓમાં છે.

* પ્રભુ હિંદુઓનો જ નથી, પ્રભુ ઈસ્લામીઓનો જ નથી. પ્રભુ માનવજાતનો છે.

- પ્રભુ કોઈ એક દિશામાં જ નથી. પૂર્વમાં કે પશ્ચિમમાં જ છે કે ઉત્તર કે દક્ષિણમાં જ છે. એવું નથી.

- પ્રભુ દસે દિશાઓમાં છે. તેથી સૂતી વેળા કોઈ દિશામાં જ માથું રાખીને સૂવું, તે દિશા તરફ પગ થાય નહીં, આવી માન્યતાઓનું ખંડન કરતાં કવિ ઉપર કહ્યા મુજબ શહેનશાહ અકબરના મુખે કહે છે કે,

* પ્રભુ તો દસે દિશાઓમાં છે.

* કોઈ એવી દિશા નથી જ્યાં પ્રભુ નહીં હોય.

- એટલે જ કાંઈ કરીએ ત્યારે દિશાને મહત્ત્વ આપવાનો બદલે પ્રભુને સમર્પણ કરીએ.

- એ જે દિશામાં હોય ત્યાં એને આપણું પૂજન, આપણી પ્રાર્થના પહોંચે.

* સાચા દિલનું પૂજન, સાચા દિલની પ્રાર્થના- ઈબાદત એ હંમેશ સ્વીકારે છે.

**બોધઃ**

* પ્રભુ કોઈ એક ધર્મનો નથી. એ સમસ્ત માનવજાતનો છે.

* પ્રભુ મારો જ છે, તમારો નથી એવી માન્યતા રાખીને ખોટા ઝઘડા કરવા જોઈએ નહીં.

- માનવજાતને ઈશ્વરે સર્જી છે. સહુ એનાં સંતાનો છે.

- માતા પિતાને મન બધાં જ સંતાનો સરખા.

- તેમ પ્રભુને મન પણ બધા જ માનવો સરખા.

- કોઈ વચ્ચે એ ભેદ રાખતો નથી.

- માનવી પોતાની જાતે જ ભેદ પાડતો રહે છે અને એ જાતે જ ભેદરેખા પાડે છે અને એમાંથી એ બહાર આવી શકતો નથી.

- પ્રેમપંથની ને પ્રભુ પંથની પહેલી મજલ મૃત્યુ સમોવડી છે, સહુએ એકલા ખેડવાની છે.

-પ્રેમપંથના પ્રવાસીઓ જાણે છે કે એમની પ્રણયયાત્રામાં તેઓ બીજા કોઈને ભાગીદાર બનાવી શકતા નથી. એ પંથ તેમણે એકલાએ જ ખેડવો પડે છે.

- તેવું જ પ્રભુ પંથના પ્રવાસીઓનું છે.

- પ્રભુને પામવા માટે માનવીએ જાતે જ મહેનત કરવી પડે છે. બીજું કોઈ એના માટે પ્રભુને પામવાની મહેનત કરી શકે નહીં.

* બીજા કોઈ એજન્ટ કે વકીલ રોકીને પ્રભુને પામી શકાય નહીં.

- તેમાંય પ્રેમપંથ કે પ્રભુપંથ પરથી મંજિલે પહોંચવાનું કામ ઘણું કપરું હોય છે.

- એમાં કોઈવાર મૃત્યુને પણ ભેટવું પડે છે.

- પ્રેમીઓ પ્રેમ ખાતર પ્રાણ ન્યોછાવર કરતાં પણ ડરતા નથી.

* મીરાંબાઈને રાણાજીએ ઝેરનો પ્યાલો મોકલ્યો એ પીવાથી મૃત્યુ થશે એવું જાણવા છતાં મીરાંબાઈ ઝેર ગટગટાવી જાય છે.

- મૃત્યુની તકલીફ દેહની બદલી કરવાની તકલીફ છે. પરંતુ જો આ સાચી સમજ પ્રાપ્ત થઈ હોય તેને તકલીફ પણ તકલીફ નહીં લાગે.

- આ પ્રથમ પળ પસાર થઈ જાય પછી મન મસ્ત બની જાય છે.

* ફકીરી પોતે અમીરી બની જાય છે.

* વિરાટને પામવા તડપતું જીવન ભવ્ય બની જાય છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# કૈલાસને જીતવાની ઈચ્છા!



હમણાં સાંભળ્યું કે ભૂતકાળમાં કેટલાક પર્વતારોહકોએ શિવજીના નિવાસસ્થાન કૈલાસ પર્વતને સર કરવાનો પ્રયત્ન કરેલો. આ પ્રયત્ન દરમિયાન જેમ જેમ તેઓ ઉપર ચડતા ગયા તેમ તેમ તેમના નખ અને વાળ અકલ્પનીય માત્રામાં વધતા ગયા. સાથે સાથે તેમના શરીરમાં વિકારો પણ પ્રવેશતા ગયા. મારી સમજ પ્રમાણે આ એક વિશેષ પ્રકારના સમયખંડની અસર ગણાય. મારી બુદ્ધિ પ્રમાણે હું એમ કહી શકું કે આ પર્વતારોહકોનું આયુષ્ય એકદમ વધતું ગયું હશે. પૃથ્વીના અન્ય ક્ષેત્રમાં નખની જે લંબાઈ વધતા મહિનો લાગે તે ત્યાં એક દિવસમાં વધી જતા હશે. અર્થાત્ પૃથ્વીનો એક મહિનો તેમની માટે એક દિવસ સમાન બની ગયો. આને પરિણામે વૃદ્ધત્વ પણ તેમને જલદી પ્રાપ્ત થયું હશે. પૃથ્વી પરના સમયના માપદંડ પ્રમાણે પર્વતારોહકોના શરીરમાં થતા ફેરફાર વિકાર લાગે પરંતુ હકીકતમાં તે તેમના વૃદ્ધત્વ તરફનું તેમનું આ અતિ ઝડપી પ્રયાણ હશે. કૈલાસ ને ચડવાની મહેચ્છા પડતી મૂકી બધા પાછા આવેલા અને ટૂંકા સમયગાળામાં મૃત્યુ પામેલા. અર્થાત્ તેમનું આયુષ્ય ઝડપથી પૂર્ણ થયેલું.

એમ કહેવાય છે કે, ચીનની સરકારે હેલિકોપ્ટર દ્વારા કૈલાસના શિખરને સર કરવાનો પ્રયત્ન કરેલો. તેમાં પણ નિષ્ફળતા મળેલી. પછી તો આ પ્રયત્નો છોડી દેવાયા અને હવે આ માટે કોઈને મંજૂરી પણ નથી અપાતી. કોઈક શક્તિ તો છે જ કે જે કૈલાસ શિખર સુધી પહોંચવાની મંજૂરી નથી આપતી. કોઈ એવી ચોક્કસ વ્યવસ્થા છે કે જેનાથી કાળા માથાનો માનવી ત્યાં પહોંચી શકતો નથી. સ્વાભાવિક છે કે આવી વ્યવસ્થા માનવીય ન હોઈ શકે. આવી વ્યવસ્થા સ્થાપિત યાંત્રિક કે વૈજ્ઞાનિક પણ ન હોઈ શકે. આ વ્યવસ્થા અતિ માનવીય ગણાય - દૈવી ગણાય.

પર્વતારોહકો અને ચીની સરકારના નિષ્ફળ પ્રયત્નો બાદ, કૈલાસ પર્વત ઉપર કોઈ દૈવી અસ્તિત્વની હયાતી હોવાની સંભાવના હવે વિજ્ઞાને પણ સ્વીકારી છે. માનવીય ક્ષમતાની બહારનું આ ક્ષેત્ર છે. માનવીય બુદ્ધિની પહોંચની બહારનો આ વિષય છે. સ્થૂળ માનવીય અસ્તિત્વનું આ ક્ષેત્ર નથી. માનવીય અશુદ્ધિનું અહીં સ્થાન નથી. આ ક્ષેત્રમાં પહોંચવા માટે તે પ્રકારની ક્ષમતા ધારણ કરવી પડે. શક્ય છે કે અહીં એટલી ઊર્જા હશે કે માનવી તેને સહી ન શકે. માનવીના ભલા માટે જ તેને રોકી રખાતો હશે.

આ માત્ર સાધનાનો વિસ્તાર છે. આ યોગની ભૂમિ છે. કૈલાસ શિખર નિર્દોષ રહેવા સર્જાયું છે. અહીં માત્ર પવિત્રતાનો પ્રભાવ છે. અહીં માત્ર આધ્યાત્મિકતા જ પાંગરી શકે. આ પરમ શુદ્ધતાનો વિસ્તાર છે. અહીં સ્વાર્થ કે અહંકાર ને કોઈ સ્થાન ન હોય. અહીં કશું પણ પ્રાપ્ત કરવા માટેના પ્રયત્ન ન હોય. માત્ર પોતાની સ્થિતિ પામી તેમાં સ્થિર રહેવા માટેનું આ સ્થાન છે. અહીં સતનું અસ્તિત્વ હોય, શુદ્ધ ચિત્તનો પ્રભાવ હોય અને આત્મસ્થ આનંદની અનુભૂતિ હોય. આ કોઈ વિજય મેળવવાનું સ્થાન નથી.

અહીં શિવજીએ માતા પાર્વતીને સૃષ્ટિના ઇતિહાસમાં સર્વપ્રથમ જ્ઞાનની અનુભૂતિ કરાવેલી. અહીં જ આરંભિક સપ્તર્ષિઓને કોઈ એક યોગીક ક્ષેત્રમાં - ક્રિયામાં પારંગતતા પ્રદાન કરાઈ હતી. અહીં જ સતી અને શિવજીનો પ્રેમ સ્થાપિત થયો હતો અને અહીંનું પ્રત્યેક કણ તે પ્રેમનું સાક્ષી હશે. દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં સતીના દેહની આહુતિ બાદ અહીં જ વીરભદ્રને અવતારિત કરાયો હતો. આવી અનેક દિવ્ય ઘટનાના સાક્ષી એવા કૈલાસ પર્વત પર - કૈલાસ શિખર પર નિમ્ન કક્ષાનું અસ્તિત્વ સંભવી જ ન શકે. આનાથી ભૌગોલિક રીતે ઊંચા શિખરો પર માનવીએ પોતાનો ઝંડો લહેરાવ્યો છે, પરંતુ આધ્યાત્મિક રીતે સૌથી ઉચ્ચ ગણી શકાય તેવા શિખર પર સંપૂર્ણ શુદ્ધતા વગર પહોંચી ન શકાય. અગત્યની વાત એ છે કે અહીં પહોંચવાનું નથી હોતું, પહોંચી જવાતું હોય છે.

એમ જણાય છે કે શિવજીને રાવણનો અનુભવ હશે. જો કોઈ કાળા માથાના માનવીને, તેની પ્રત્યેના પ્રેમને કારણે, તેની ભક્તિને કારણે જો કૈલાસ શિખર પર પ્રવેશ આપવામાં આવે તો શું સંભવી શકે તે રાવણે પ્રસ્થાપિત કરેલું છે. રાવણે સમગ્ર કૈલાસ ઊંચકીને પોતાની લંકામાં લઈ જવાનો પ્રયત્ન કરેલો. શિવજીએ તો માત્ર પોતાના અંગૂઠાથી થોડું દબાણ આપીને તેને તેના આ કાર્ય માટે દંડિત પણ કરેલો. પછી શિવજી સમજી ગયા હશે કે હવે આ પ્રમાણે પ્રવેશની છૂટ ન અપાય. દૈવી શક્તિએ પછી કૈલાસ ઉપર માનવીના પ્રવેશની સંભાવના બંધ કરી દીધી હશે.


મને અહીં મારા ગુરુદેવની એક વાત કહેવાનું મન થાય છે. એકવાર તેઓ ઘરમાં બપોરના સમયે સૂતા હશે ત્યારે કોઈ એક સાધુ-મહાત્મા તેમના ઘરની આગળ આંટા ફેરા કરી તેમના વારંવાર દર્શન કરતા. ગુરુ માતાએ પૂછતાં તેમણે જણાવ્યું કે આ મહાપુરુષ ગઈકાલે રાતે કૈલાસ પર્વત પર શિવજીની સાથે હતા અને આજે અત્યારે અહીં આરામથી સામાન્ય માનવીની જેમ આરામ ફરમાવે છે. તે સાધુ-મહાત્મા મારા ગુરુદેવની આ લીલા જોતા હતા. અહીં એમ સમજી શકાય કે કૈલાસ પહોંચી શકાય, પણ સૂક્ષ્મતા ધારણ કરીને.

હું એમ સમજી શક્યો છું કે, કૈલાસ પર પહોંચી શકાય છે. પરંતુ આ શરીર સાથે નહીં. ત્યાં પહોંચવા માટે સૂક્ષ્મ અસ્તિત્વ જ અનુકૂળ રહે. આ અસ્તિત્વ પવિત્ર, નિર્મળ, શુદ્ધ અને સાત્વિક હોવું પણ જરૂરી છે. કૈલાસ શિખર પર તેમની હયાતી શિવજીને પણ માન્ય હોવી જોઈએ. અને એ વાત તો જગજાહેર છે કે શિવજીને શિવત્વ સિવાય કશું માન્ય નથી. ચિદાનંદ રૂપઃ શિવોહમ્ શિવોહમ્ સંપૂર્ણતામાં જ્યારે ચરિતાર્થ થાય ત્યારે જ કૈલાસ શિખર ઉપર સૂક્ષ્મ પ્રવેશ શક્ય બને. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# જીવાત્મા ને પરમાત્માનો નાતો અત્યંત સૂક્ષ્મ સ્નેહતત્ત્વથી જોડાયેલો છે...



પુરોગામી નંદસંત કવિઓથી પ્રેમાનંદ, આગવું ભાવવિશ્વ અને વર્ણનવિશ્વ આલેખે છે. પ્રત્યક્ષ સેવાભાવનું સહજ રીતનું સામીપ્ય એમના જેટલું વિશેષમાત્રામાં અને સાતત્ય કોઈને સાંપડ્યું ન હતું. શ્રીહરિનું નિતાંત ભાવે એકનજરે પ્રત્યક્ષ નીકટપૂર્વકનું દર્શન, લયાન્વિત પદાવલિ દ્વારા પદમાં પ્રગટતું અવલોકવા મળે છે. જીવાત્મા અને પરમાત્માનો નાતો અત્યંત સૂક્ષ્મ-નાજુક એવા સ્નેહતત્ત્વથી જોડાયેલો હોય છે. પ્રેમાનંદ સ્વામી પ્રેમસખી બનીને પરબ્રહ્મ સ્વરૂપ સહજાનંદ સાથે તદાકાર-તાદાત્મ્ય સાધીને કામનાઓનું ભાવનિરૂપણ કરતા જણાય છે. ભક્તિશૃંગારનો આ વિચક્ષણ અને વિલક્ષણ ભક્તિરસ, રાધાકૃષ્ણના સંયોગશૃંગારથી ઓછો મધુર કે કમનીય નથી. અઢી અક્ષરનો પ્રેમ પ્રેમસખી પ્રેમાનંદની પ્રત્યક્ષાનુભૂતિથી સંપન્ન ભક્તિ શૃંગારનો વાહક બનીને પ્રગટ્યો જણાય છે, એટલે ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાલાના એક નિરીક્ષણ સાથે સહમત થવાતું નથી. સંનિકટત્વ, શ્રદ્ધેય સમક્ષ સમર્પણભાવમાંથી પ્રગટતું સ્વાર્પણ, પ્રેમાનંદ-પ્રેમસખીનાં પ્રેમભક્તિમાર્ગી પદો, કીર્તનો અને ગરબીઓમાં નિહિત છે.

॥ જ્ઞાનમાર્ગી પદકવિતા ॥

પ્રેમસખી પ્રેમાનંદ શ્રીહરિની સતત સમીપ રહેતા હોઈને સંપ્રદાયના અધ્યાત્મલક્ષી સિદ્ધાંતો, સાધનાધારા અને તાત્ત્વિકપીઠિકા - જ્ઞાનમાર્ગથી પોતાની રીતે પરિચિત થયેલા. સંપ્રદાયની સ્થાપનાના દોઢેક દાયકા દરમિયાન ઘણું સાહિત્ય પણ રચાઈ ગયેલું. એના શ્રવણપાન અને સત્સંગથી પણ ઘણું સમજતા થયેલા અને પામી ગયેલા. 'વચનામૃત' કથન, સત્સંગ પ્રબોધન અને વિચરણનાં નિત્યસહવાસ તથા અંગત સેવા-શુશ્રૂષાથી ઘણું દત્તચિત્તે શ્રવણપાન, ચિંતન-મનનને કારણે એમણે રચેલા પદ્યસાહિત્યમાં જ્ઞાનમાર્ગી ગણી શકાય એવું સાહિત્ય પ્રેમલક્ષણામૂલક પદસાહિત્યથી મને આગવું અને અનોખું જણાયું છે. મને એમની પદરાશિનો અભ્યાસ કરતાં એમાં ત્રીધારા દૃષ્ટિગોચર થઈ છે. અંગત ભાવાનુભૂતિ, પ્રેમ ભક્તિમાર્ગી ભાવાનુભૂતિ અને જ્ઞાનમાર્ગી ભાવાનુભૂતિ એમ ત્રણ ધારા અવલોકવા મળે છે.

મનુષ્યમાત્રને કર્મફળ અનુસાર સ્થિતિને ભોગવવાની જ રહે. પણ પરમાત્મા એનામાં દૃઢભાવથી આશ્રિત થઈને રહેતા શ્રદ્ધાવાન હરિભક્તના કર્મફળ શ્રીહરિ પોતે હરણ કરી પોતાને માથે રાખે છે. સંપ્રદાયની આવી વિગતો શ્રીહરિ મુખે વચનામૃત ગઢડા મધ્ય ૨૧ અને ૨૯માં અવલોકવા મળે છે. પ્રેમાનંદજીએ એક પદમાં આ જ્ઞાનભક્તિમાર્ગને ગુંથી લીધેલ છે તેનો અંતિમ અંશ આસ્વાદીએ.

*'હરિ પ્રકટ્યા ધરી એની ટેક રે, મારી કર્મની રેખ પર મેખ રે;*
*ઝાઝું શું કહી વર્ણવું વિશેક રે, પ્રેમાનંદના સ્વામી એવા એક રે.*

પ્રેમાનંદે સંપ્રદાયની સિદ્ધાન્તમાર્ગી જ્ઞાનધારાને ભગવાન સ્વામિનારાયણના 'વચનામૃત' કથનને અનુસંગે ગરબીમાં ચોસર પદમાળા રૂપે અભિવ્યક્તિ અર્પી છે.

વચનામૃત ગઢડા મધ્ય-૧૩ અનુસાર 'મારા હૃદયને વિશે જે આકાશ છે, તેમાં એકલું તેજ વ્યાપી રહ્યું છે. અને તે તેજને વિશે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. અને જે તેજને વિશે એક મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.' તથા ગઢડા મધ્યઅંત્ય-૩૨ મુજબ 'ગુણાતીત એવું જે અક્ષરધામ, તેને વિશે જે મૂર્તિ છે. તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે એ બેમાં ફેર નથી.' આમ ભગવાન સ્વામિનારાયણ જ સ્વયં પોતાના સ્વરૂપ અને અક્ષરધામ વિશે કેટલીક ગૂઢ અધ્યાત્મિક વિગતો કહી તે 'વચનામૃત'માં છે. પણ બૃહદ વ્યાપક જનસમુદાય કે હરિભક્તોને માટે તેઓ ચાર ગરબીની ચોસરમાં નિરૂપે છે, એ એમની જ્ઞાનમાર્ગી અભિવ્યક્તિનું મને સુંદર ઉદાહરણ જણાયું છે. નીજસ્વરૂપની વિગતો પ્રેમસખી પ્રેમાનંદે શ્રીહરિના મુખે જ કથી છે એટલે મને તો એ રચનાઓ 'વચનામૃત'નું પદ્યાત્મક રૂપ જણાઈ છે. મૂળે તો વચનામૃત ઉપરાંત શ્રીહરિએ અક્ષરધામ વિશેની રહસ્યાત્મક વાતો હરિભક્ત-અનુયાયીઓ સમક્ષ કહેલી એના શ્રોતા પ્રેમસખી પ્રેમાનંદ પણ હતા. એટલે આ ભાવવિશ્વની સામગ્રીના રચયિતા પ્રેમસખી છે. પણ ગરબીમાં કથક તો શ્રીહરિ છે. કથનકળાના સ્વરૂપની દૃષ્ટિએ પણ આ ચારેય ગરબીઓ તત્ત્વજ્ઞાનમૂલક સૈદ્ધાન્તિક ધારાનો સંપુટ છે.

પ્રેમસખી પ્રેમાનંદ જ્ઞાનમાર્ગી છે એનાથી પૂરા પરિચિત છે પણ એ અખાની જેમ ઉપહાસ કરતા નથી. તત્ત્વનો-જ્ઞાનનો મહિમા ઓછો નથી આંકતા, પણ માત્ર એની ઉપાસના નહીં, સાથે સાથે એમાં ભક્તિભાવને પણ અનિવાર્ય ગણે છે.

*'પઢે વેદ ખટ અંગ જુત, વારી વાંચે કથા પુરાન,*
*શ્યામ તુમારી ભક્તિ વિના, વારી કેવળ કલેશ નિદાન.*
*ગાવે છંદ પ્રબંધ પુનિ, વારી લે ઉંચી તાન,*
*શ્યામ તુમારી ભક્તિવિના, વારી ગણિકા ભાંડ સમાન.'*
*અષ્ટ સિદ્ધિ નવનિધિ સબ, પુનિ મુક્તિ ચાર વિભાગ,*
*શ્યામ તુમારી ભક્તિ વિના, વારી લાગો સબમેં આગ..'* (૪૨૩)

તત્ત્વનું (ટૂંપણું ચૂંથવું) એમ ન કહેતા કહે છે કે વેદ, છ દર્શન અને પુરાણનું પઠન અવશ્ય ભલે કરે પણ હે શ્રીહરિ-શ્યામ તમારી ભક્તિ વગર આ બધું કલેશકર બની રહે. વળી એમ પણ કહે છે કે છંદ, પ્રબંધ અને રાગ-ઢાળથી રસિક-શૃંગારસંપન્ન કીર્તનો ભક્તિભાવ શ્રીહરિ પરત્વે ન પ્રગટાવતા હોય તો એ ભાંડ-ભવાયા અને ગણિકા દ્વારા પ્રસ્તુત થતી ગાન સામગ્રી સમાન છે. અષ્ટસિદ્ધિ કે નવનિધિ હોય પણ એમાં ભક્તિવિહિનતાને કારણે એમાં આગ લાગે, બળી જાય એમ પ્રેમસખીને અભિપ્રેત છે.

જ્ઞાનનો ઉપહાસ નહીં અસ્વીકાર પણ નહીં રાગ-તાલયુક્ત ભાવગાનની પણ ઠેકડી, તો ઉડાડે કે જો તેમાં ભક્તિભાવ ન હોય તો, આમ પ્રેમસખીનો જ્ઞાનમાર્ગ ભક્તિભાવથી સંપન્ન જણાયો છે. જ્ઞાનમાર્ગનો ઉપાસક, ભાવક પણ અંતે તો એ ગાઈ ઊઠે છે કે,

*'નીત સેવા, નીત કિરતન ભક્તિ*
*લક્ષ્મીનારાયણ મુખ ગાઈએ રે...'* ૨૫૨

આ બધું છતાં 'તું દેહ નહીં, તું આત્મા છે, બ્રહ્મરૂપ છે.' આવા વેદ-વેદાંતના અધ્યાત્મ સંદેશને તેઓ પ્રસરાવતા-ગાતા અવલોકવા મળે છે. આ દેહના સગાસંબંધીઓ પરત્વે મમત્વભાવ નહીં, પરંતુ આત્મતત્ત્વના ઉપાસક સાધુ સંતો પરત્વે મમત્વભાવ પ્રગટે તો એમાં આત્મબુદ્ધિના પ્રાગટ્યનું ઘટક તેમને જણાયું લાગે છે. આવા દેહધારી ભક્તો માયાને તરી જાય છે. આવા મનોભાવને તેમણે પદમાં બહુ સ્પષ્ટ રીતે વણી લીધો છે.

*'હે નાથ દેહના સંબંધી જનમાં, મમતા થાઓમાં કોઈ કાળ રે*
*નાથ અહં ને મમતા થાઓ સંતમાં, જે તમને વહાલા દયાળ રે...'*
૭૯૧

સ્વામિનારાયણીય તાત્ત્વિક પીઠિકાના અનુસરણ દ્વારા પ્રગટેલી નીજ અનુભૂતિને, આત્મલક્ષી ભાવથી જ્ઞાનમાર્ગને પ્રગટાવતા તેમનાં પદો આવા કારણે ખરા અર્થમાં પ્રેમસખીછાપ પ્રગટાવતા જણાયા છે. કહો કે એમની ઓળખ બની ગયા છે.

પ્રેમાનંદસ્વામીના જીવનવિશેની વિવિધ પ્રકારની પ્રચલિત સામગ્રીનું એકત્રીકરણ કરીને એ બધી વિગતોનો એક સાથે પરિચય કરાવીને પરંપરિત સામગ્રીને આધારે એમના સંતજીવન ચરિત્રનો પૂરો આલેખ અહીં આપવાનું બન્યું એનો પરમ આનંદ છે. એમના વિપુલ સાહિત્યને અવલોકતા એમની પદમાળા-પદશૃંખલાઓ સ્વતંત્ર ગ્રંથનું રૂપ ધારણ કરતી હોય એવું જણાયું છે. પ્રેમાનંદે પદરાશિમાં જ આવા વિવિધ વિષયસામગ્રીના ભાવવિશ્વને આલેખ્યું છે. મેં એ ભાવવિશ્વને પૂર્વકાલીન-પૌરાણિક અર્થાત્ પ્રાચીન સનાતની અને તત્કાલીન અર્થાત સાંપ્રત સહજાનંદકાલીન એમ કાળ અને વિષયાનુસાર વર્ગીકૃત અભિગમને અનુસંગે એમના સાહિત્યની મહત્તાનો પરિચય કરાવ્યો. વિપુલ પદરાશિમાંની કૃષ્ણભક્તિ, પ્રેમલક્ષણાભક્તિ અને જ્ઞાનમાર્ગીધારા એમ ત્રિવિધ રીતે મૂલવીને એમણે પ્રગટાવેલા સૂર અને સ્વરને ઓળખાવવાનું બન્યું એનો આનંદ છે. મૂળે તો પ્રેમસખી શ્રીહરિમાં જ સેવારત. આ દરમ્યાન, જોયું, અનુભવ્યું અને સત્સંગમાં સાંભળ્યું એના સ્વર અને સૂરગંગાના પાવનકારી પ્રવાહનું પૂર તેમણે વર્ણવ્યું-વહાવ્યું એમાંથી ચાંગળૂક, અંજલિરૂપે પ્રસ્તુત કરી શકાયાની પ્રસન્નતા સાથે જય શ્રી સ્વામિનારાયણ. (સમાપ્ત)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# દેવર્ષિ હું વરદાની છું મને સમજાવવાની કોશિશ ના કરો, પિતાની હત્યાનો બદલો અવશ્ય લઈશ!

(ગતાંકથી ચાલુ)

**માતા પાર્વતીઃ** સ્વામી હવે બીજી જ્યોતિર્લિંગ વિશે જણાવો. એજ સમયે આકાશ માર્ગે સ્વર્ગલોકની અપ્સરાઓ જવા માંડી. માતા પાર્વતીના પૂછવા પર ભગવાન શિવે જણાવ્યું કે આ અપ્સરાઓ દેવરાજ ઇન્દ્રના આદેશથી ગજાસુરની આરાધના તોડવા જઈ રહી છે. સ્વર્ગલોકની અપ્સરાઓ ગજાસુર પાસે પહોંચી અને નૃત્ય કરવા લાગી. અપ્સરાઓના નૃત્યથી ગજાસુરની આરાધનામાં વિક્ષેપ થતા તેને ક્રોધ આવ્યો. ક્રોધાવશ ગજાસુરે અપ્સરાઓને ઉંચકીને સમુદ્રમાં ફેંકી દીધી. ચિંતીત દેવગણોને બ્રહ્માજીએ સાંત્વન આપતા કહ્યું કે, 'તમે ચિંતા ન કરો હું દેવતાઓને અન્યાય થાય તેવું વરદાન નહીં આપું.' થોડા જ સમયમાં ગજાસુરની આરાધનાનો સ્વર બ્રહ્મલોક સુધી પહોંચવા લાગતાં બ્રહ્માજીએ ગજાસુરને વરદાન માગવા કહ્યું. ગજાસુરે અમર થવાનું વરદાન માગતા બ્રહ્માજીએ કહ્યું, 'અમર થવાનું વરદાન આપવું મારા હાથમાં નથી, પણ તમને એવું વરદાન આપું છું કે તમારો વધ ફક્ત એ જ કરી શકે જેણે કામને વશ કર્યો હોય. ' ગજાસુરની સંમતિ મળતાં બ્રહ્માજી વરદાન આપી વિદાય થયા.

ગજાસુર વરદાન મેળવી અસુરગુરુ શુક્રાચાર્ય પાસે પહોંચીને જણાવ્યું કે, 'ગુરુદેવ મેં બ્રહ્મદેવ પાસે અમર થવાનું વરદાન માગ્યું હતું, તેમણે વરદાન આપતા કહ્યું કે કામદેવને વશ કરનાર વ્યક્તિ જ તમારો વધ કરી શકશે.' આટલું સાંભળતાં જ અસુરગુરુ શુક્રાચાર્ય નારાજ થતાં બોલ્યાં, અસુર શિરોમણી તમે પણ છેલ્લે બ્રહ્મદેવની કૂટનીતિમાં ફસાઈ જ ગયા. બ્રહ્મદેવની કૂટનીતિથી તમારા પિતાનો વધ ત્રિદેવીઓની શક્તિ મેળવનાર જગદંબાએ કર્યો હતો. ક્રોધિત ગજાસુરે કહ્યું હું મારા પિતાની હત્યાનો બદલો ત્રણે દેવીઓથી લઈશ. એટલું કહી ગજાસૂર ત્યાંથી અદૃશ્ય થઈ જાય છે. પ્રથમ ગજાસુર પોતાના પિતાના વધનો બદલો લેવા બ્રહ્મલોક પહોંચે છે. બ્રહ્મદેવની બાજુમાં માતા સરસ્વતીને બેઠેલા જોઈ કહે છે, હવે તમારો વધ નિશ્ચિત છે દેવી સરસ્વતી. તમે મારા પિતાજીના વધમાં સામેલ હતા, તેનો દંડ હું તમને અવશ્ય આપીશ. આટલું બોલી ગજાસુર માતા સરસ્વતી પર હુમલો કરે છે. આ જોઈ માતા સરસ્વતી ક્રોધિત થાય છે અને તેમણે હાથમાં રહેલું કમળનું ફૂલ ગજાસુર પર ફેંકતા ગજાસુર બ્રહ્મલોકથી પછડાઈને પૃથ્વીલોક પર પડે છે.


* * *

પૃથ્વીલોક પર પડતાં જ ગજાસૂર વધુ ક્રોધિત થાય છે અને માતા લક્ષ્મીને હાનિ પહોંચાડવાની તૈયારી કરે છે. એ સમયે આકાશમાર્ગથી જઈ રહેલા દેવર્ષિ ગજાસુર પાસે પહોંચે છે.

દેવર્ષિ નારદઃ ગજાસુર આ શું કરી રહ્યા છો.

ગજાસુરઃ મારા પિતાની હત્યા કરનારા દેવી લક્ષ્મીને પાઠ ભણાવવાની તૈયારી કરું છું.

દેવર્ષિ નારદઃ ગજાસુર તમે દેવી સરસ્વતીને પાઠ ભણાવવાની કોશિષ તો કરી જોઈ ત્યાર બાદ પરિણામ શું આવ્યું તે મને ખબર છે. હવે તમારે સમજી જવું જોઈએ અને અસુર પરિવારના ઉત્થાન માટે કામ કરવું જોઇએ.



ગજાસુરઃ દેવર્ષિ હું વરદાની છું મને સમજાવવાની કોશિષ ના કરો. હું મારા પિતાજીની હત્યાનો બદલો અવશ્ય લઈશ.

* * *

દેવર્ષિ નારદ ત્યાંથી વિદાય લઈ કૈલાસ પહોંચે છે.

દેવર્ષિ નારદઃ નારાયણ... નારાયણ... દેવાધિ દેવને પ્રણામ.

ભગવાન શિવઃ દેવર્ષિ નારદ, અહીં પધારવાનું પ્રાયોજન જણાવો.

દેવર્ષિ નારદઃ પ્રભુ હું હાલમાં જ ગજાસુરને મળીને આવ્યો છું, એ માતા સરસ્વતીના હાથે પછડાયો હોવા છતાંય માતા લક્ષ્મીને દંડ કરવાની તૈયારી કરી રહ્યો છે.

ભગવાન શિવઃ દેવર્ષિ, ફિકર કરશો નહીં તમે ફક્ત કાશીના બ્રાહ્મણોને યજ્ઞ કરવાની સલાહ આપતા રહો, જેથી ત્યાંના બ્રાહ્મણો અવિરત યજ્ઞ સેવા કરતા રહે. ગજાસુરનો વધ નિશ્ચિત છે.

દેવર્ષિ નારદ વિદાય થતાં ભગવાન શિવ ભગવાન ગણેશને આદેશ આપે છે કે તમે હંમેશાં માતા સાથે રહેજો વરદાની ગજાસુર અવશ્ય આક્રમણ કરશે.

* * *

ભગવાન શિવની આજ્ઞા થતાં જ દેવર્ષિ નારદ કાશી પહોંચે છે.

વિનોદરાયઃ દેવર્ષિ નારદને પ્રણામ.

દેવર્ષિ નારદઃ કાશી નગરીમાં અવિરત યજ્ઞ સેવા ચાલુ રહે તેવી શિવઇચ્છા છે, હે બ્રાહ્મણશ્રેષ્ઠ વિનોદરાય, તમને હું કાશી નગરીમાં અવિરત યજ્ઞ સેવા ચાલુ રહે તેની જવાબદારી સોંપું છું.

વિનોદરાયઃ જેવી શિવ ઇચ્છા, દેવર્ષિ.

વિનોદરાય દ્વારા કાશીના બ્રાહ્મણોને શિવઇચ્છાની જાણ કરાતાં તેઓ નાના નાના સમૂહમાં અસંખ્ય યજ્ઞની શરૂઆત કરે છે.

* * *

બીજી તરફ ગજાસુર ક્ષીરસાગર તરફ પ્રયાણ કરે છે. ફરી દેવર્ષિ તેનો રસ્તો રોકે છે

દેવર્ષિ નારદઃ ગજાસુર હજી પણ તમને સમજાવું છું, ક્ષીરસાગર નહીં જાવ, માતા લક્ષ્મી અને શ્રીહરિ વિષ્ણુ તમને અવશ્ય પાઠ ભણાવશે.

ક્રોધિત ગજાસુર દેવર્ષિ નારદ પર આક્રમણ કરવા જતા દેવર્ષિ નારદ અદૃશ્ય થઈ જાય છે.

* * *

ગજાસુર ક્ષીરસાગર પહોંચે છે. જુએ છે કે અગાધ મહાસાગરમાં ભગવાન શ્રીહરિ વિષ્ણુ શેષશૈયા પર નિદ્રાધીન છે. તેમની પાસે માતા લક્ષ્મી વિરાજમાન છે.

ગજાસૂરઃ ઓહ, તો તમે દેવી લક્ષ્મી છો, હવે તમને કોઈ બચાવી નહીં શકે.

આટલું બોલી ગજાસૂર માતા લક્ષ્મી પર ફરસીથી હુમલો કરે છે. માતા લક્ષ્મી પણ પોતાના અસ્ત્રથી ગજાસૂર પર હુમલો કરે છે. માતા લક્ષ્મીનું અસ્ત્ર ગજાસુરના હાથ, પગ અને માથું શરીરથી છૂટું કરી નાંખે છે, પણ બ્રહ્મદેવનું વરદાન એના અંગો જોડી દેતાં ફરી એ અટ્ટહાસ્ય કરે છે. આ સ્થિતિમાં માતા લક્ષ્મી ક્રોધિત થાય છે અને ફૂંક મારતાં જ ગજાસુર ફરી પૃથ્વી પર પટકાય છે.

* * *

પટકાયેલો ગજાસુર ફરી ઊભો થાય છે અને કૈલાસ તરફ પ્રયાણ કરે છે. લપાતો છુપાતો ગજાસુર કૈલાસ પર્વત પર પહોંચે છે. જુએ છે માતા પાર્વતી રસોઈમાં વ્યસ્ત છે. કંઈ જ ન બોલતાં એ માતા પાર્વતી પાસે જવાની કોશિશ કરે છે. એ જોઈ ભગવાન ગણેશ પોતાની સૂંઢથી ઉંચકીને ઉછાળે છે. ઉછળેલો ગજાસુર ફરી પૃથ્વી પર પટકાય છે. આ વખતે વધુ ગતિથી પટકાતાં ગજાસુરના શરીરના હાડકાંનો ભૂક્કો બોલાઈ જાય છે.

* * *

પટકાયેલો ગજાસુર પોતાના શરીરનો ભાર પણ ઊંચકી ન શકતાં અસુર સૈનિકો તેને અસુરગુરુ શુક્રાચાર્ય પાસે લઈ જાય છે.

શુક્રાચાર્યઃ ગજાસુર મેં પહેલા પણ કહ્યું હતું કે, તમે દેવી સરસ્વતી, દેવી લક્ષ્મી કે દેવી પાર્વતીને નુકસાન નહીં પહોંચાડી શકશો.

ગજાસુરઃ ગુરુદેવ મારી આ અવસ્થા દેવી પાર્વતીએ નથી કરી, કોઈ ગજમુખધારી દેવતાએ કરી છે. (ક્રમશઃ)■

# ફાઈટર જાડેજા બ્રિટિશરોને બરાબરનો નડ્યો










# કોહલી, દ્રવિડ, ગાંગુલી ન કરી શક્યા એ કામ શુભમન ગિલે કરી દેખાડ્યું!

## વિદેશમાં એક સિરીઝમાં ૭૦૦ રન કરનાર પ્રથમ ભારતીય કૅપ્ટન બન્યો



મૅન્ચેસ્ટરઃ ભારત વતી પહેલી જ વાર ટેસ્ટમાં કૅપ્ટન્સી સંભાળી રહેલા શુભમન ગિલે રવિવારે ટેસ્ટ કરીઅરની નવમી અને વર્તમાન સિરીઝની ડબલ સેન્ચુરી સહિતની કુલ ચોથી સદી ફટકારવાની સાથે ભારતીય ક્રિકેટમાં બહુ મોટી સિદ્ધિ મેળવી હતી. વિદેશી ધરતી પર એક ટેસ્ટ શ્રેણીમાં ૭૦૦થી વધુ રન કરનાર તે ભારતનો પ્રથમ કૅપ્ટન બન્યો છે. શાનદાર કારકિર્દી દરમ્યાન જે કામ રાહુલ દ્રવિડ, સૌરવ ગાંગુલી કે વિરાટ કોહલી નહોતા કરી શક્યા એ ગિલે કરી દેખાડ્યું છે. વિદેશી ટેસ્ટ શ્રેણીમાં ૭૦૦થી વધુ રન કરનારાઓમાં તેણે સર ડૉન બ્રેડમૅન, સર ગૅરી સોબર્સ, ગ્રેગ ચૅપલ, ડેવિડ ગોવર, ગ્રેહામ ગૂચ અને ગ્રેમ સ્મિથની બરાબરી કરી છે. વિદેશમાં એક ટેસ્ટ શ્રેણીમાં ૭૦૦ કે ૭૦૦થી વધુ રન કરનાર ભારતીય ખેલાડીઓની યાદીમાં પણ સામેલ થયો છે. વર્તમાન સિરીઝમાં ગિલે ચાર ટેસ્ટમાં કુલ ૭૨૨ રન કર્યા છે અને સિરીઝના તમામ ખેલાડીઓમાં મોખરે છે.

ગિલે કોહલીનો ૬૯૨ રનનો (ઇંગ્લૅન્ડના પ્રવાસમાં) ભારતીય વિક્રમ રવિવારે પાર કર્યો હતો.

### ભારત વતી એક ટેસ્ટ શ્રેણીમાં ૭૦૦-પ્લસ રન કરનાર બૅટ્સમેનો

(૧) સુનીલ ગાવસકર, ૧૯૭૧માં વેસ્ટ ઇન્ડિઝ સામે કૅરિબિયન ધરતી પર ૭૭૪ રન

(૨) સુનીલ ગાવસકર, ૧૯૭૮માં વેસ્ટ ઇન્ડિઝ સામે ઘરઆંગણે ૭૩૨ રન

(૩) યશસ્વી જયસ્વાલ, ૨૦૨૪માં ઇંગ્લૅન્ડ સામે ઘરઆંગણે ૭૧૨ રન

(૪) શુભમન ગિલ, ૨૦૨૫માં ઇંગ્લૅન્ડ સામે બ્રિટિશરોની ધરતી પર ૭૨૨ રન ■

# જાડેજાની મહાન ઑલરાઉન્ડર સોબર્સ જેવી અપ્રતિમ સિદ્ધિ




મૅન્ચેસ્ટરઃ રવીન્દ્ર જાડેજાએ ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન ટેસ્ટ સિરીઝમાં બોલિંગ કરતાં બૅટિંગમાં ચડિયાતું યોગદાન આપ્યું છે. તેણે અસાધારણ બૅટિંગ પર્ફોર્મન્સ સાથે ક્રિકેટ-લેજન્ડની રેકૉર્ડ-બુકમાં સ્થાન મેળવ્યું છે. વિદેશમાં કોઈ એક દેશની ધરતી પર કોઈ ક્રિકેટરે કુલ ૧,૦૦૦થી વધુ રન કર્યા હોય તેમ જ ૩૦થી વધુ વિકેટ પણ લીધી હોય એવું અગાઉ ફક્ત બે ખેલાડીઓના કિસ્સામાં બન્યું હતું અને જાડેજા તેમની હરોળમાં આવી ગયો છે. ફાઇટિંગ સ્પિરિટવાળા આ ઑલરાઉન્ડર જાડેજાએ ઇંગ્લૅન્ડની ધરતી પર ૧,૦૦૦-પ્લસ રન કર્યા છે તેમ જ ૩૪ વિકેટ પણ લીધી છે. કોઈ એક દેશની ધરતી પર કોઈ ખેલાડીએ ૧,૦૦૦-પ્લસ રન કરવા ઉપરાંત ૩૦-પ્લસ વિકેટ પણ લીધી હોય એમાં જાડેજાના પહેલાં બે મહાન ખેલાડીઓનો સમાવેશ છે. વેસ્ટ ઇન્ડિઝના સર ગૅરી સોબર્સે ઇંગ્લૅન્ડની ધરતી પર કરીઅર દરમ્યાન કુલ ૧,૮૨૦ રન કર્યા હતા અને ૬૨ વિકેટ લીધી હતી. તેમની ટેસ્ટ કારકિર્દી ૧૯૫૪થી ૧૯૭૪ સુધીની હતી. ઇંગ્લૅન્ડના વિલ્ફ્રેડ રહોડ્સે ઑસ્ટ્રેલિયાની ધરતી પર કુલ ૧,૦૩૨ રન કર્યા હતા તેમ જ ૪૨ વિકેટ લીધી હતી. વિલ્ફ્રેડની ટેસ્ટ કરીઅર ૧૮૯૯થી ૧૯૩૦ સુધીની હતી. ■

# શુભમન ગિલને પ્લેઇંગ-ઇલેવનમાં કદાચ શાર્દુલ નહીં, કુલદીપ જ જોઈતો હતોઃ ગાવસકર




મૅન્ચેસ્ટરઃ બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરનું એવું માનવું છે કે 'ઇંગ્લૅન્ડ સામેની ઑલ્ડ ટ્રેફર્ડની ચોથી ટેસ્ટ માટેની પ્લેઇંગ-ઇલેવનમાં કૅપ્ટન શુભમન ગિલને શાર્દુલ ઠાકુર કદાચ નહોતો જોઈતો, કારણકે તેણે (શુભમને) કુલદીપને જ ઇલેવનમાં સમાવવાની આશા રાખી હતી.'

ગાવસકરનું એવું પણ માનવું છે કે 'બની શકે કે પ્લેઇંગ-ઇલેવન સિલેક્ટ કરવાની બાબતમાં અંતિમ સત્તા કદાચ ગિલ પાસે નથી. હું દૃઢપણે માનું છું કે કૅપ્ટન જે નિર્ણય જણાવે એ મુજબ થવું જોઈએ અને અંતિમ ઇલેવન સિલેક્ટ કરવાની બાબતમાં હેડ-કોચ સહિત બીજા કોઈના મંતવ્યને ધ્યાનમાં ન લેવું જોઈએ. આખરે, પ્લેઇંગ-ઇલેવન એટલે કૅપ્ટનની જ ટીમ હોવી જોઈએ.'

કુલદીપ યાદવ વિકેટ-ટેકિંગ બોલર તરીકે જાણીતો છે. ઇંગ્લૅન્ડમાં સતત ચોથી ટેસ્ટમાં તેનો પ્લેઇંગ-ઇલેવનમાં સમાવેશ ન કરાતાં મોટો વિવાદ થયો છે. ખાસ કરીને મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટમાં જો રૂટે રેકૉર્ડ-બ્રેકિંગ સેન્ચુરી ફટકારી એને પગલે કુલદીપની ગેરહાજરી વધુ વર્તાઈ રહી છે. રૂટના નામે હવે ૧૩,૪૦૯ ટેસ્ટ રન છે અને તેણે રિકી પૉન્ટિંગને ઓળંગીને સૌથી વધુ રન કરનારાઓમાં બીજું સ્થાન મેળવ્યું છે. હવે માત્ર સચિન તેન્ડુલકર (૧૫,૯૨૧ રન) રૂટથી આગળ છે.

૨૦૧૮ની સાલમાં મૅન્ચેસ્ટર અને લૉર્ડ્સમાં મર્યાદિત ઓવરની બે મૅચમાં કુલદીપે રૂટને બે વખત ત્રણ બૉલમાં આઉટ કરી દીધો હતો. રૂટ જેવા સૌથી ખતરારૂપ બૅટ્સમૅનને કુલદીપના લેફ્ટ-આર્મ સ્પિન સામે રમવું ન ફાવતું હોવા છતાં કુલદીપને વર્તમાન સિરીઝમાં અવગણવામાં આવ્યો એ બદલ ટીમ મૅનેજમેન્ટની સોશિયલ મીડિયામાં ટીકા થઈ રહી છે. સાત વર્ષ પહેલાંની એ બે મૅચમાં ચાઇનામૅન બોલર કુલદીપના સ્પિનને રૂટ સમજે એ પહેલાં આઉટ થઈ ગયો હતો.

ટીમ મૅનેજમેન્ટમાં કૅપ્ટન, હેડ-કોચ તેમ જ સિનિયર ખેલાડીઓનો સમાવેશ હોય છે. સામાન્ય માન્યતા એવી છે કે હેડ-કોચ ગૌતમ ગંભીર ટીમમાં એવા કેટલાક બોલર ઇચ્છે છે જે બૅટિંગમાં પણ સારું યોગદાન આપી શકે.

ગાવસકરે કહ્યું કે 'ગિલને ઇલેવનમાં કુલદીપ મળવો જ જોઈતો હતો. તે કૅપ્ટન છે. લોકો તો એમ જ કહેશે કે કૅપ્ટને જ તેને નહીં રમાડ્યો હોય. સામાન્ય રીતે ડ્રેસિંગ-રૂમમાં બધું બરાબર ચાલી રહ્યું છે એ દુનિયાને બતાવવા ટીમ મૅનેજમેન્ટમાંના મતભેદોને અને સિલેક્શનને લગતા બખેડાંને છુપાવી દેવામાં આવતા હોય છે.' ■

# દિવ્યાનાં બૅક-ટુ-બૅક ચેક, હમ્પી ફરી ડ્રૉ માટે સંમત



બૅટુમી (જ્યૉર્જિયા)ઃ અહીં આંધ્રની ૩૮ વર્ષીય કૉનેરુ હમ્પી અને નાગપુરની ૧૯ વર્ષીય દિવ્યા દેશમુખ વચ્ચેની બીજી ગેમ પણ ડ્રૉમાં જતાં તેમનો મુકાબલો આજની ટાઇ-બ્રેકર પર ગયો તો છે, પરંતુ બૅક-ટુ-બૅક ચેક આપીને હમ્પીને સતત બીજી ડ્રૉ માટે મજબૂર કરનાર દિવ્યા માટે જીતવું મુશ્કેલ છે, કારણકે આજની ટાઇ-બ્રેકરની રૅપિડ ચેસમાં હમ્પી વર્લ્ડ ચૅમ્પિયન છે અને તેને હરાવશે તો દિવ્યા માટે એ અનેરી સિદ્ધિ કહેવાશે. વર્લ્ડ ચૅમ્પિયન મહિલા પ્લેયરને ઇનામમાં ૪૩ લાખ રૂપિયા અને રનર-અપને ૩૦ લાખ રૂપિયા મળશે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| આદર | ઉદય |
| આસાન | તિરસ્કાર |
| અવાજ | આરંભ |
| અસ્ત | નીરવતા |
| આખર | મુશ્કેલ |

### ઓળખાણ પડી?



સીતા મૈયાએ સ્થાપના કરેલી અંબા માતાની મૂર્તિ તેમજ ગરમ પાણીના ઝરા માટે પ્રખ્યાત ઉનાઈ મંદિર કયા શહેરની નજીક છે?

અ) નવસારી  બ) અંજાર  ક) જેતપુર  ડ) નડિયાદ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | સ | ન્ન | ૨ તા | | ૩ ગુ | રુ | ૪ વં | ૫ દ | ૬ ના |
| કા | | | ૭ ર | મ | ણી | | ૮ ચ | ર | મ |
| ૯ શ | રુ | ૧૦ આ | ત | | ૧૧ જ | ના | ના | | સ્મ |
| મા | | ૧૨ સા | મ્ય | | ન | | | ૧૩ ઠા | ર |
| ૧૪ ન | ૧૫ ય | ન | | ૧૬ બા | | ૧૭ વ | ૧૭-અ તી | | ણ |
| | થા | | ૧૮ ચ | કી | | ૧૯ સુ | લ | ભ | |
| ૨૦ સા | મ | યિ | ક | | ૨૧ સા | લ | | | ૨૨ ક |
| ૨૩ મ | તિ | | ૨૪ મ | ૨૫ સા | જ | | ૨૬ અ | ૨૭ ક | થ |
| ગા | | ૨૮ ચા | ક | ર | | | ૨૯ ભ | મ | રો |
| ૩૦ ન | ર | ક | | ૩૧ પ | રિ | પ્રે | ક્ષ્ય | | ટ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | | ૮ | | | | | |
| ૯ | | | ૧૦ | | | ૧૧ | | | |
| ૧૨ | | ૧૩ | | | | | | ૧૪ | |
| | ૧૫ | | | ૧૬ | ૧૭ | | | ૧૮ | |
| ૧૯ | | ૨૦ | ૨૧ | | | | ૨૨ | | |
| ૨૩ | ૨૪ | | ૨૫ | ૨૬ | | | | | |
| ૨૭ | | ૨૮ | | | | ૨૯ | | ૩૦ | ૩૧ |
| | | | | ૩૨ | ૩૩ | | | ૩૪ | |
| ૩૫ | | | | | | | ૩૬ | | |

**આડી ચાવી**

૧. ભાષા શીખવા --- જાણવું પડે (૪)
૪. કૌન બનેગા --- (૫)
૭. સમજણ ધરાવતો (૩)
૮. રોમ, રુંવાટી (૨)
૯. મુસ્લિમ સંત (૨)
૧૦. અમૂઝણ, કંટાળો, ચીડ (૫)
૧૨. વડીલ છે તો --- આપે (૩)
૧૪. 'જમવું'નું આજ્ઞાર્થ (૨)
૧૫. મોટું તપેલું, લશ્કરી ટોપી (૨)
૧૬. ઇચ્છા પ્રમાણે (૩)
૧૮. --- જેવો એટલે મૂરખ, રાભો (૨)
૨૦. સૌંદર્ય (૨)
૨૨. ભરોસો, આબરૂ, વિશ્વાસ (૩)
૨૩. આજીજી (૨)
૨૫. દરિયા કિનારે રેતીમાં હોય (૩)
૨૭. રંગબેરંગી (૩)
૨૯. દુર્ઘટના (૪)
૩૨. વિશ્વાસ, શ્રદ્ધા (૩)
૩૪. શ્રેષ્ઠ (૨)
૩૫. નગરની સેવા માટે ચૂંટાયેલી વ્યક્તિ (૬)
૩૬. એકધારું, અહોર્નિશ (૩)

**ઊભી ચાવી**

૧. વક્તાનું ઊંચું આસન (૪)
૨. એને કેડ પર બાંધો (૫)
૩. --- કરવું એટલે પ્રસ્તુત કરવું (૨)
૪. લક્ષ્મી (૩)
૫. ગંદા પાણીના નિકાલ માટે હોય (૩)
૬. નિયમોમાંથી છટકી જનાર (૫)
૮. લોકોને ગમતું (૪)
૧૧. મહેચ્છાવાળું (૩)
૧૩. નાળિયેરમાંથી નીકળે (૩)
૧૪. જગત, દુનિયા, લોકો (૩)
૧૭. --- ને છુંદો - ગુજરાતીઓનું પ્રિય ભાથું (૩)
૧૯. મનને આનંદ આપનારું (૫)
૨૧. હમણાં નહીં (૨)
૨૨. સોયના નાકામાંથી ઊંટ --- થાય (૩)
૨૪. બિમાર (૨)
૨૬. હાર, પરાજય (૪)
૨૮. શહેર (૩)
૨૯. રહેવું તે (૨)
૩૦. પાર્ટી, ખાણીપીણી (૩)
૩૧. અબ્બીહાલ (૩)
૩૩. અટકાવ (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતનો કયો પ્રદેશ ભરતકામ તેમજ ઘુડખર માટે પ્રખ્યાત છે એ જાણો છો? વિદેશીઓ ભરતકામ જોવા આવે છે.

અ) તળાજા  બ) લીમડી  ક) બન્ની  ડ) કેશોદ

### માતૃભાષાની મહેક

માનવ સ્વભાવનું પ્રતિબિંબ દુહો છે કે નિત નિત નાહવા જાય, પણ મન ચોખ્ખું મળે નહીં, એ ચોખ્ખો ન કહેવાય, સાચું સોરઠિયો ભણે. ગંદકી બે પ્રકારની હોયઃ શરીરની અને મનની. દિવસ દરમિયાન વારંવાર નહીં કે પાણી રેડી શરીર પરની ગંદકી તો સહેલાઈથી દૂર કરી શકાય છે, પણ મનના મેલનું શું?

### સુડોકુ-૯૦૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | ૪ | | | | |
| | ૪ | ૯ | | | | ૧ | | |
| | | ૨ | | ૭ | ૬ | ૯ | | |
| ૯ | | | ૬ | | | | | ૫ |
| | ૨ | ૮ | | | | ૬ | ૩ | |
| ૪ | | | | | ૫ | | | ૭ |
| | | ૭ | ૨ | ૯ | | ૩ | | |
| | | ૩ | | | | ૭ | ૪ | |
| | | | | ૮ | | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૪ | ૨ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ |
| ૭ | ૨ | ૯ | ૩ | ૫ | ૮ | ૧ | ૬ | ૪ |
| ૬ | ૫ | ૧ | ૪ | ૭ | ૯ | ૮ | ૨ | ૩ |
| ૪ | ૧ | ૨ | ૯ | ૩ | ૭ | ૬ | ૫ | ૮ |
| ૯ | ૩ | ૫ | ૮ | ૧ | ૬ | ૭ | ૪ | ૨ |
| ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૨ | ૩ | ૧ | ૯ |
| ૫ | ૬ | ૩ | ૭ | ૯ | ૪ | ૨ | ૮ | ૧ |
| ૧ | ૪ | ૮ | ૬ | ૨ | ૩ | ૫ | ૯ | ૭ |
| ૨ | ૯ | ૭ | ૧ | ૮ | ૫ | ૪ | ૩ | ૬ |

### ઈર્શાદ

મને ત્યારે ન જાણે આંસુઓ પર લાગણી થઈ ગઈ !
જગતને જ્યાં કદી રડનાર પર આવી ગયું હસવું !
--- શેખાદમ આબુવાલા

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'પૌષ્ટિક ઘાસનો સોથ વાળી નાખ્યો છે' વાક્યમાં સોથ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) સૂકા  બ) ખોરાક  ક) સુંવાળા  ડ) નાશ

### માઈન્ડ ગેમ

પોતાની વિશિષ્ટ બોલી પરથી નામકરણ થયેલા તેમજ નર - માદા સરખો રંગ ધરાવતા હોલા - કબૂતર જેવા પંખીનું નામ શું?

અ) તેતર  બ) કોયલ
ક) બપૈયો  ડ) સારસ

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| આસ્થા | FAITH |
| આશિષ | BLESSING |
| આરતી | PRAYER SONG |
| આસન | SEAT |
| આહલેક | CALL |

ઓળખાણ પડી? એકતારો

માઈન્ડ ગેમ: બિહાર

ગુજરાત મોરી મોરી રે: શામળાજી

ચતુર આપો જવાબ / અર્થ જણાવો: લાલસા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નુતન વિપીન શાહ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) ભાવના કર્વે (૩૩) અંજુ ટોલિયા (૩૪) કિશોર સંઘરાજકા (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ડાયના સંતોકે (૩૮) પુષ્પા ખોના (૩૯) નિતિન જયંતીલાલ બજરિયા (૪૦) અરવિંદ કામદાર (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટિકિયા (૪૬) ધીરેન ઉદેશી (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી

# શિંદેના ‘ઓપરેશન ટાઈગર’ને ઠંડું પાડતા રાજ-ઉદ્ધવ

## ઉદ્ધવ જૂથને છોડનારા હવે ફેરવિચાર કરી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેલ્લા કેટલાક દિવસોથી એવી ચર્ચા છે કે દર આઠથી પંદર દિવસે યોજાતી શિવસેના (શિંદે) પાર્ટીમાં પ્રવેશ બંધ થઈ ગયો છે. ખાસ કરીને મુંબઈમાં ભૂતપૂર્વ કોર્પોરેટરોનો શિંદે સેનામાં પ્રવેશ બંધ થઈ ગયો છે. ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેના સાથે આવવાની શક્યતાને કારણે મુંબઈમાં ઉદ્ધવની પાર્ટી છોડીને જનારા હવે ફેરવિચાર કરી રહ્યા છે. હિન્દી

(જુઓ પાનું ૪) ▸▸

### ૧૯ જૂન પછી કોઈ ભૂતપૂર્વ કોર્પોરેટર પાર્ટીમાં જોડાયો નથી

બીજી તરફ, ઠાકરેના જૂથના ભૂતપૂર્વ કોર્પોરેટરોનો પાર્ટી પ્રવેશ, જે દર આઠ-દસ દિવસે થતો હતો, તે સાવ બંધ થઈ ગયો હોય તેવું લાગે છે. એવી ચર્ચા છે કે ઠાકરેથી શિંદે તરફનો પ્રવાહ બંધ થઈ ગયો છે. ઉદ્ધવ ઠાકરેએ ભૂતપૂર્વ કોર્પોરેટરોની બેઠક યોજ્યાના બીજા જ દિવસે, ચાંદિવલીના ભૂતપૂર્વ કોર્પોરેટર વિજેન્દ્ર શિંદે અને વિભાગ વડા અજિત ભંડારી નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પાર્ટીમાં જોડાયા હતા, શિંદેએ આગલા

(જુઓ પાનું ૪) ▸▸

### બંને ભાઈઓ ફરી ભેટ્યા



મુંબઈ મહાનગરપાલિકા સહિત રાજ્યની વિવિધ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ ગમે ત્યારે થવાની શક્યતા છે એવા સમયે બંને ઠાકરે એકસાથે આવશે એવી ગયા મે મહિનાથી ચાલી રહેલી અટકળોમાં રવિવારે નવું છોગું ઉમેરાયું હતું. મનસે અધ્યક્ષ રાજ ઠાકરે ઉદ્ધવ ઠાકરેને મળવા માટે તેમના નિવાસસ્થાન માતોશ્રી પર પહોંચ્યા હતા અને બંને ભેટ્યા બાદ બંને પાર્ટીના ટેકેદારોમાં

(જુઓ પાનું ૪) ▸▸

# ફડણવીસની દિલ્હી મુલાકાતમાં શું નક્કી થયું?

## વિવાદાસ્પદ પ્રધાનો સામે કાર્યવાહી થશે, ટાઈમિંગ પર અટક્યું

**ફડણવીસ-અમિત શાહની મુલાકાતમાં લેવાયો વિવાદાસ્પદ ચહેરાઓને દૂર કરવાનો નિર્ણય**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યની મહાયુતિ સરકાર ફરીથી સત્તામાં આવ્યાને છ મહિના વીતી ગયા છે. આટલા સમયમાં સરકારના ઘણા પ્રધાનો વિવાદોમાં ફસાયા છે. વિવાદાસ્પદ નિવેદનો અને આરોપોને કારણે ટીકાનો ભોગ બની રહ્યા છે, જેને કારણે સરકારની છબીને ખરડાઈ રહી છે. સરકારની યોજનાઓ અને પ્રોજેક્ટ્સ કરતાં પ્રધાનો અને વિધાનસભ્યોના વર્તન અને તેમના વિવાદાસ્પદ નિવેદનો અંગે વધુ ચર્ચા થઈ રહી છે. આ પૃષ્ઠભૂમિમાં, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દિલ્હી ગયા હતા અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ ગમે ત્યારે જાહેર થઈ શકે છે. તે પહેલાં જ ફડણવીસ કેબિનેટમાંથી વિવાદાસ્પદ ચહેરાઓને દૂર કરવા માગે છે. દિલ્હીની તેમની બે દિવસની મુલાકાત દરમિયાન ફડણવીસે પાર્ટીના નેતૃત્વ સાથે આ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા સાથે આ અંગે ચર્ચા

(જુઓ પાનું ૪) ▸▸

# પુણેમાં રેવ પાર્ટી પર પોલીસની રેઈડ: ખડસેના જમાઈ સહિત સાતની ધરપકડ

પુણે: પુણેના એક એપાર્ટમેન્ટમાં પોલીસે રવિવારે મળસકે રેઇડ પાડીને રેવ પાર્ટીનો પર્દાફાશ કર્યો હતો અને ત્યાંથી નશીલો પદાર્થ, હુક્કા સેટ અપ્સ તથા દારૂ જપ્ત કર્યો હતો.

પોલીસે આ પ્રકરણે ધરપકડ કરેલા સાત જણમાં રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન એકનાથ ખડસેની દીકરી રોહિણી ખડસેના પતિ પાંજલ ખેવલકરનો સમાવેશ હતો. સાતેય જણને બાદમાં કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૨૯ જુલાઇ સુધીની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

એનસીપી (એસપી)ના નેતા એકનાથ ખડસેએ જણાવ્યું હતું કે પોલીસની કાર્યવાહી પાછળ કોઇ રાજકીય હેતુ છે કે કેમ તે જાણવા તપાસ થવી જોઇએ. રોહિણી ખડસે એનસીબી (એસપી)ની મહિલા પાંખના અધ્યક્ષ છે.

પુણેના ખરાડી વિસ્તારમાં રેડિસન હોટેલની પાછળના ભાગે સ્ટુડિયો એપાર્ટમેન્ટમાં ચાલતી રેવ પાર્ટી

(જુઓ પાનું ૪) ▸▸

### એકનાથ ખડસેએ શું કહ્યું?

એકનાથ ખડસેએ કહ્યું હતું કે, ‘છેલ્લા કેટલાક દિવસોમાં જે વાતાવરણ ચાલી રહ્યું હતું તેનાથી હું અનુમાન કરી રહ્યો હતો કે આવું કંઈક થઈ શકે છે. મેં ચેનલ દ્વારા પુણેમાં બનેલી ઘટના જોઈ. મેં તેમની (પ્રાંજલ ખેવલકર) સાથે વાત કરી નથી. તેઓ હજુ પણ પોલીસ કસ્ટડીમાં છે. જો પુણેમાં બનેલી ઘટના ખરેખર રેવ પાર્ટી હોત અને મારો જમાઈ તેમાં હોત, તો હું ક્યારેય તેનું સમર્થન નહીં કરું.’ એકનાથ ખડસેએ

(જુઓ પાનું ૪) ▸▸

### પ્રાંજલ ખેવલકર કોણ છે?

પ્રાંજલ ખેવલકર એનસીપીના વરિષ્ઠ નેતા એકનાથ ખડસેના જમાઈ છે. તેઓ એનસીપીની મહિલા આઘાડીના પ્રદેશ પ્રમુખ રોહિણી ખડસેના બીજા પતિ છે. પહેલા પતિથી છૂટાછેડા લીધા પછી, રોહિણીએ તેના બાળપણના મિત્ર પ્રાંજલ ખેવલકર સાથે લગ્ન કર્યા હતા. ખેવલકર અને ખડસે બંને પરિવારો હાલમાં જળગાંવના મુક્તાઈનગરમાં રહે છે. પ્રાંજલ ખેવલકર જમીનની ખરીદ-વેચાણનો વ્યવસાય કરે છે. ખેવલકર પરિવારનો મુખ્ય વ્યવસાય બાંધકામ ક્ષેત્ર, ઇવેન્ટ મેનેજમેન્ટ છે. ખેવલકર ખાંડ ઉદ્યોગ અને ઉર્જા ક્ષેત્રમાં પણ સક્રિય છે. ■

# ૨૬.૩૪ લાખ લાડકી બહેનોને પૈસા મળવાનું બંધ

## જૂન મહિનાનો હપ્તો ફક્ત ૨.૨૫ કરોડ મહિલાના ખાતામાં જ જમા થયો: અદિતિ તટકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાયુતિ સરકાર દ્વારા શરૂ કરાયેલ ‘મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના’માં છેલ્લા કેટલાક દિવસમાં અનેક વિસંગતીઓ અને ભ્રષ્ટાચાર થયો હોવાનું સામે આવ્યા બાદ વહીવટીતંત્રે આકરો નિર્ણય લીધો છે. આ યોજના હેઠળ નાણાંનું વિતરણ કરનારા મહિલા અને બાળકલ્યાણ ખાતાના પ્રધાન અદિતી તટકરેએ રવિવારે એવી માહિતી આપી હતી કે રાજ્યમાં લાડકી બહેનોને જૂન મહિનામાં જે હપ્તો આપવામાં આવ્યો હતો, તેમાં ૨૬.૩૪ લાખ લાડકી બહેનોના હપ્તા જમા કરવામાં આવ્યા નથી. હપ્તો ફક્ત ૨.૨૫ કરોડ મહિલાના ખાતામાં જ જમા કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારની આ યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા મળે છે, પરંતુ તાજેતરમાં હાથ ધરવામાં આવેલા ઓડિટમાં ૧૪,૨૯૮ પુરુષોએ પણ લાડકી બહેન યોજનાનો લાભ લીધો હોવાનું સામે આવ્યું હતું અને પછી, વિપક્ષે પણ આની જોરદાર ટીકા કરી હતી અને યોજનામાં ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો હતો. આ પુરુષોને તો હવે યોજનામાંથી બાકાત રાખવામાં આવ્યા છે, પરંતુ તે ઉપરાંત ૨૬.૩૪ લાખ મહિલાઓ પણ આ યોજના માટે અપાત્ર રહેશે. મહિલા અને બાળ વિકાસ ખાતાના પ્રધાન અદિતિ તટકરેએ પોતે આ માહિતી આપી હતી.

અદિતિ તટકરેએ કહ્યું હતું કે, મહિલા અને બાળકલ્યાણ વિભાગે લાડકી બહેન યોજના હેઠળ તમામ પાત્ર અરજીઓ

(જુઓ પાનું ૪) ▸▸

# શહાપુરમાં ખોરાકી ઝેર નહીં, માતાએ જ ઝેર આપી ત્રણેય બાળકીને મારી નાખી

## પુત્રીઓની સંભાળ અને ઘરેલું સમસ્યાઓથી ત્રાસીને ગુનો આચર્યો

થાણે: શહાપુર તાલુકાના અસ્નોલીમાં ખોરાકી ઝેરની અસરથી ત્રણ બાળકીના મૃત્યુ થયા હોવાની ઘટના સોમવારે બની હતી. જોકે ખોરાકી ઝેર નહીં, પણ બાળકીઓને તેની માતાએ જ ઝેર આપી મારી નાખી હોવાનું સામે આવ્યા બાદ પોલીસે માતાની ધરપકડ કરી હતી. દીકરીઓની સંભાળ અને ઘરેલું સમસ્યાઓથી ત્રાસીને માતાએ ગુનો આચર્યો હતો.

શહાપુરના અસ્નોલી ગામમાં તલેપાડા વિસ્તારમાં રહેતી સંધ્યા સંદીપ બેરે ત્રણ પુત્રી કાવ્યા (૧૦), દિવ્યા (૮) અને પાંચ વર્ષની ગાર્ગીને સોમવારે જમ્યા બાદ પેટમાં દુખાવો તથા ઊલટી થવા લાગી હતી. ત્રણેય જણને ખોરાકી ઝેરની અસર થઇ હોવાનું જણાતાં માતા તેમને ડોક્ટર પાસે લઇ ગઇ હતી અને બાદમાં શહાપુરની હોસ્પિટલમાં તેમને દાખલ કરાઇ હતી. જોકે ત્રણેય બાળકીની હાલત ગંભીર હોવાથી એક બાળકીને ઘોટીની હોસ્પિટલમાં, જ્યારે બે જણને મુંબઈની નાયર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

સારવાર દરમિયાન કાવ્યા અને ગાર્ગીનાં ગુરુવારે, જ્યારે દિવ્યાનું શુક્રવારે સવારે મૃત્યુ થયું હતું. ત્રણેયનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલાયા બાદ કિન્હવલી પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી.

દરમિયાન શનિવારે રાતે આવેલા પોસ્ટમોર્ટમના અહેવાલમાં બાળકીઓના શરીરમાં ઝેર હોવાનું સામે આવ્યું હતું. આથી પોલીસે બાળકીઓની

(જુઓ પાનું ૪) ▸▸

# આજથી મુંબઈ સહિત રાજ્યમાં વરસાદનું જોર ઘટશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લગભગ આખો મહિનો છૂટોછવાયો પડ્યા બાદ જુલાઈ મહિનો પૂરો થવાની તૈયારીમાં છે ત્યારે મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં મુશળધાર વરસાદ પડ્યો છે. જોકે હવે સોમવાર, ૨૮ જુલાઈથી વરસાદનું જોર ઘટવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ દરમ્યાન રવિવારે મુંબઈમાં છૂટોછવાયો તો રાજ્યના અમુક જિલ્લામાં મુશળધાર વરસાદ રહ્યો હતો.

છેલ્લાં ત્રણ દિવસથી મુંબઈમાં તેમ જ રાજ્યના અન્ય જિલ્લામાં ભારે વરસાદ રહ્યો હતો. કોંકણ તેમ જ વિદર્ભમાં વરસાદનું જોર વધુ હતું. ઉત્તર બંગાળના ઉપસાગરમાં નિર્માણ થયેલા લો પ્રેશરની તીવ્રતા ધીમે ધીમે ઓછી થઈ રહી છે. તેથી મુંબઈ સહિત રાજ્યમાં સોમવારથી વરસાદનું જોર ઘટશે. જોકે હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદના ઝાપટાં પડવાનું ચાલુ રહેશે પણ મુશળધાળ વરસાદ નહીં પડે.

આ દરમ્યાન મુંબઈમાં રવિવારે આખો દિવસ હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદના ઝાપટાં પડયા હતા. શનિવાર સવારના ૮.૩૦ વાગ્યાથી રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીમાં દક્ષિણ

(જુઓ પાનું ૪) ▸▸

# લોનાવલામાં મહિલા પર બળાત્કાર ગુજારી રસ્તાને કિનારે ફેંકી દીધી: એકની ધરપકડ

મુંબઈ: ૨૩ વર્ષની મહિલાનું કારમાં અપહરણ કર્યા બાદ તેના પર બળાત્કાર ગુજારીને તેને રસ્તાને કિનારે ફેંકી દેવામાં આવી હોવાની હિચકારી ઘટના પુણે જિલ્લાના લોનાવલા ખાતે બની હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

લોકપ્રિય પર્યટક સ્થળ લોનાવલાના માવળ વિસ્તારમાં તુંગાર્લી ખાતે શુક્રવારે મોડી રાતે બનેલી આ ઘટના બાદ લોનાવલા શહેર પોલીસે ગુનો નોંધીને તુંગાર્લી વિસ્તારમાં રહેનારા ૩૫ વર્ષના શખસની ધરપકડ કરી હતી.

મહિલાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર તે આ જ વિસ્તારમાં રહે છે અને શુક્રવારે રાતે તે પગપાળા ઘરે જઇ રહી હતી. એ સમયે કાર તેની નજીક આવીને થોભી ગઇ હતી અને કારમાં હાજર શખસોએ જબરજસ્તી તેને અંદર ખેંચી હતી.

કારમાં મહિલાનું અપહરણ કર્યા બાદ આરોપી તેને નિર્જન સ્થળે લઇ ગયા હતા, જ્યાં મહિલા પર કારમાં બળાત્કાર ગુજારાયો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે મહિલાને તુંગાર્લીમાં અલગ અલગ સ્થળે લઇ જવાઇ હતી અને ફરી બળાત્કાર ગુજાર્યા બાદ શનિવારે વહેલી સવારે તેને રસ્તાને કિનારે ફેંકી દેવાઇ હતી. મહિલા ત્યાર બાદ લોનાવલા શહેર પોલીસ સ્ટેશનમાં પહોંચી હતી અને પોલીસને તમામ હકીકત જણાવ્યા બાદ ફરિયાદ નોંધાવી હતી.

મહિલાની ફરિયાદને આધારે પોલીસે બળાત્કાર અને અપહરણનો ગુનો દાખલ કરીને આરોપીને તાબામાં લીધો હતો. પોલીસ

(જુઓ પાનું ૪) ▸▸

# નેશનલ પાર્કની ઐતિહાસિક ‘વનરાણી’ ટ્રેનમાં હવે વિસ્ટાડોમ કોચ



મુંબઈ: કોન્ક્રીટના જંગલ ગણાતા મુંબઈ માટે શહેરના હાર્દમાં આવેલું જંગલ, જેને સંજય ગાંધી નેશનલ પાર્ક તરીકે ઓળખવામાં આવે છે, તે ફેફસાંનું કાર્ય કરે છે. જંગલમાં મુખ્ય આકર્ષણ એટલે, ૧૯૭૪થી અહીં ચાલતી ટોય ટ્રેન જે જંગલના એક ભાગની મુસાફરી કરાવીને ત્યાંના સૌંદર્યનું દર્શન કરાવે છે.

મૂળ વન રાણી રમકડાની ટ્રેન ૧૯૭૪ માં શરૂ કરવામાં આવી હતી. ટાટા ગ્રુપ દ્વારા પ્રાયોજિત, તે નેરો-ગેજ રેલ્વે લાઇન (૭૬૨ મીમી) પર ચાલતી એક લોકપ્રિય સવારી હતી અને મુંબઈકરોની પેઢીઓ માટે તેનું ઊંડું યાદગાર મૂલ્ય હતું. ૨૦૨૪ માં તેના વારસાના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર આ ટ્રેન ચાર વર્ષ પહેલા સ્થગિત કરાઈ હતી. આ ટ્રેન ટૂંક સમયમાં મુલાકાતીઓ માટે ફરીથી અને તે પણ નવા અવતાર સાથે શરૂ કરવામાં આવનાર છે. મે ૨૦૨૧ માં ચક્રવાતે ટ્રેક અને આસપાસની વનસ્પતિને વ્યાપક નુકસાન પહોંચાડ્યા બાદ તેની કામગીરી બંધ કરી દેવામાં આવી હતી.

કાચની છત અને પહોળી બારીઓ સાથે પાર્કમાં પ્રથમ વિસ્ટાડોમ ટોય ટ્રેનના ટ્રાયલ રન ૩૦ જૂન,

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબ્રામાં ટ્રેકિંગ કરવા ગયેલા પાંચ યુવક રસ્તો ભૂલી ગયા, બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે જિલ્લાના મુંબ્રાના ગાવદેવીમાં ડુંગર પર શનિવારે ટ્રેકિંગ કરવા ગયેલા અને અંધારું થતા રસ્તો ભૂલી જતા પાંચ યુવકો ફસાઈ ગયા હતા. ફાયરબ્રિગેડ અને સ્થાનિક રહેવાસીઓ દ્વારા શનિવારે મોડી રાતના તેમને શોધી કાઢવામાં આવ્યા હતા અને પોલીસને સોંપ્યા હતા.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ શનિવારે બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ મુંબ્રામાં રહેતા ૧૮ વર્ષના પાંચ યુવકો મુંબ્રા બાયપાસ પર આવેલા ગાવદેવીમાં આદિવાસી પાડામાં ઉપર ડુંગર પર બપોરના ટ્રેકિંગ માટે ગયા હતા. જોકે અંધારું થઈ જતા પાછા ફરવા સમયે તેઓ રસ્તો ભૂલી ગયા હતા. પાછો આવવા માટે રસ્તો નહીં મળતા તેમણે ભારે જહેમત બાદ ફાયરબ્રિગેડ સાથે સંપર્ક કરીને મદદ માગી હતી.

ફાયરબ્રિગેડે દ્વારા સ્થાનિક રહેવાસીઓની મદદથી રાતના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ડુંગર પર ફસાઈ ગયેલા પાંચેને બચાવી લીધા હતા. પાંચેય યુવકો મુંબ્રામાં રહેતા, જેમાં સૈયદ અયુબ, શૌએબ ખાન, અમૂર ખાન, અરહાન ખાન અને મુદદશીર ગુફારેનો સમાવેશ થાય છે. ■

# ‘સરકારી મશીનરી નકામી’

## ગડકરીના નિવેદનથી રાજકીય માહોલ ગરમાયો

નાગપુર: સ્પષ્ટ વક્તા તરીકે જાણીતા કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે પ્રધાન નીતિન ગડકરીએ નાગપુરમાં એક કાર્યક્રમમાં આપેલું નિવેદન હાલ ચર્ચામાં છે. એક નિવેદનમાં ગડકરીએ સરકારી પ્રણાલીઓને ‘નકામી’ ગણાવી હતી, આ નિવેદનને કારણે રાજકીય અટકળો શરૂ થઇ છે.

નાગપુરમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધન કરતા નીતિન ગડકરીએ નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન અને એનઆઈટી જેવી નાગરિક અને વહીવટી સંસ્થાઓ પર પ્રહારો કરતા કહ્યું કે તેઓ માત્ર ચાલતા વાહનને પંચર કરવાનું કામ કરી રહ્યા છે.

વિદર્ભ એડવેન્ચર એસોસિએશન દ્વારા આયોજિત ‘સ્પોર્ટ્સ એઝ અ કરિયર’ સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહેલા નીતિન ગડકરીએ કહ્યું હતું કે નાગપુરમાં સ્પોર્ટ્સ માટે ૩૦૦ સ્ટેડિયમ બનાવવાની મારી ખૂબ ઇચ્છા છે. પરંતુ ચાર વર્ષના અનુભવ પછી, મને સમજાયું કે સરકારી મશીનરી ખૂબ જ ‘નકામી’ હોય છે, જો આપણે કોર્પોરેશનો અને એનઆઈટી પર આધાર રાખીને કોઈ કામ થઈ શકે નહીં.

ગડકરીએ સ્થાનિક વહીવટી તંત્ર પર પ્રહાર કરતા કહ્યું હતું તેમની પાસે ચાલતા વાહનમાં પંચર કરવાની કુશળતા છે. એટલા માટે આપણે કામ

(જુઓ પાનું ૪) ▸▸


## અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું ‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૨૨ વર્ષ ૨૧૨



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.


# મહારાષ્ટ્રની મેડિકલ વ્યવસ્થાને શ્રેષ્ઠ બનાવવા પર કામ થઈ રહ્યું છે: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે જણાવ્યું હતું કે, આગામી ચાર વર્ષમાં મહારાષ્ટ્રમાં દેશની શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ સ્થાપિત કરવા માટે એક વ્યાપક યોજના બનાવવામાં આવી છે, જે હેઠળ દરેક ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં દરેક વ્યક્તિને પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. નાગપુરમાં સ્વ. ભાનુતાઈ ગડકરી મેમોરિયલ ડાયગ્નોસ્ટિક સેન્ટરનું ઉદઘાટન કર્યા પછી એક સભાને સંબોધતા, ફડણવીસે કહ્યું હતું કે ટેકનોલોજીમાં પ્રગતિ સાથે સારવારનો ખર્ચ પણ વધી રહ્યો છે, જેને કારણે સરકારી આરોગ્ય વ્યવસ્થા હેઠળ વધુ લોકોને સસ્તી અને સબસિડીવાળી સારસંભાળ આપવાની જરૂરિયાત ઊભી કરી છે.

મહારાષ્ટ્ર સરકાર અને કેન્દ્ર સરકાર આ પાસાં પર કામ કરી રહ્યાં છે, એમ ફડણવીસે જણાવ્યું હતું.

આરોગ્ય સેવાઓના અભ્યાસમાં દર્શાવવામાં

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહને બે કેસમાં આપી ક્લીન ચીટ

મુંબઈ: મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહને સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશને (સીબીઆઇ) ખંડણીના બે કેસમાં ક્લીન ચીટ આપી હતી, જે મહાવિકાસ આઘાડી (એમવીએ) સત્તામાં હતી ત્યારે તેમની સામે દાખલ કરાયા હતા. એમવીએના શાસન દરમિયાન નિવૃત્ત અધિકારી

પરમબીર સિંહ સામે દાખલ પાંચમાંથી બે ક્રિમિનલ કેસમાં અગાઉ તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

૨૪ માર્ચ, ૨૦૨૨ના સુપ્રીમ કોર્ટના આદેશથી તમામ પાંચ કેસ મહારાષ્ટ્ર પોલીસ પાસેથી સીબીઆઇએ લઇ લીધા હતા. સિંહે જ તે માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.

૨૦૨૧માં વેપારી કેતન તન્નાની ફરિયાદને આધારે દાખલ ખંડણીના કેસમાં ૮ જુલાઇએ થાણેની કોર્ટમાં સીબીઆઇએ ચાર્જશીટ દાખલ કરી હતી.

૨૦૧૫-૧૮ દરમિયાન થાણેના પણ પોલીસ કમિશનર રહેતા સિંહ વિરુદ્ધ કોઇ પુરાવા મળ્યા નથી, એવું સીબીઆઇએ ચાર્જશીટમાં જણાવ્યું હતું, જેમાં

(જુઓ પાનું ૪) ▸▸

### ઘાટકોપરમાં બહુમાળીય ઈમારતમાં આગ: કોઈ જાનહાનિ નહીં

મુંબઈ: ઘાટકોપર (પૂર્વ)માં રવિવારે બપોરના ગ્રાઉન્ડ પ્લસ છ માળની રહેણાંક બિલ્ડિંગના ત્રીજા માળે અચાનક આગ ફાટી નીકળી હતી. આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ પંતનગરના નાયડુ કોલોનીમાં બિલ્ડિંગ નંબર ૩૩૦માં આગની દુર્ઘટના બની હતી. બપોરના ૨.૧૧ વાગ્યાની આસપાસ ત્રીજા માળા પર આવેલા ફ્લેટમાં આગ લાગી હતી. મુંબઈ ફાયરબ્રિગેડ, સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. લગભગ અડધો કલાકમાં એટલે કે ૨.૪૩ વાગ્યે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. મુંબઈ ફાયરબ્રિગેડ, સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. લગભગ અડધો કલાકમાં એટલે કે ૨.૪૩ વાગ્યે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. ■



શ્રાવણ શુક્લ તૃતીયાના પાવન અવસરે આદિ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને વિશેષ અર્કપુષ્પ શૃંગાર અર્પિત કરવામાં આવ્યો હતો. (તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

# નવ વર્ષ જૂના લાંચ લેવાના કેસમાં ગાંધીધામ એ ડિવિઝન પોલીસના તત્કાલીન હેડ કોન્સ્ટેબલ સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ગાંધીધામમાં વર્ષ ૨૦૧૬માં અરજદાર પાસેથી લાંચ માગવાના પ્રકરણમાં એ ડિવિઝન પોલીસ મથકના તત્કાલીન હેડ કોન્સ્ટેબલ ફિરોજખાન જુસબખાન પઠાણ વિરુદ્ધ ગુનો દાખલ થતાં પોલીસ બેડાંમાં ચકચાર પ્રસરી હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભારતનગરમાં રહેતા મગનરામ સોઢીયાએ તેમના ઘર પાસે પાર્ક કરેલી કાર ઉપર ગત તા.૨૭મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ જીવંત વીજ તાર પડતાં લાગેલી આગમાં કાર બળીને રાખ બની જતાં એ ડિવિઝન પોલીસ અને અગ્નિશમન દળને જાણકારી આપી હતી અને આ બનાવ અંગેની તપાસ તત્કાલીન હેડ કોન્સ્ટેબલ ફિરોજખાનને સોંપાઈ હતી.

બનાવ બાદ એફએસએલ અધિકારીએ સ્થળ પર આવીને તપાસ કરી હતી. ત્યારબાદ આરોપી કોન્સ્ટેબલે મગનભાઈને ફોન કરીને એફએસએલ અધિકારીને સેમ્પલ લેવાના બદલે શોર્ટ સર્કિટથી ગાડીમાં આગ લાગી હતી તેવો અભિપ્રાય લખી આપવા વિનંતી કરી હોવાનું અને તે બદલ તેમણે દસ હજાર રૂપિયા માગ્યા હોવાનું જણાવ્યું હતું.

એટલું જ નહીં, આ તો એમના છે મારા પણ પાંચેક હજાર રૂપિયા જેવું થશે તેમ કહ્યું હતું. કોન્સ્ટેબલે કરેલી લાંચની માગણીની વાતચીતનું મગનભાઈએ તેમના મોબાઈલ ફોનમાં રેકોર્ડીંગ કર્યું હતું અને સીડી બનાવીને લાંચ રુશવત વિરોધી શાખાને સુપરત કરી હતી. આ પુરાવાના આધારે ગાંધીધામ એસીબીને તપાસ કરવા હુકમ થયો હતો. એસીબીએ એફએસએલ અધિકારી શૈલેષ ઠાકરનું નિવેદન લેતા તેમણે પોતે કોઈ લાંચની રકમ માગી હોવાનો ઈન્કાર કર્યો હતો. એસીબીએ વાતચીતમાં અરજદાર અને આરોપીનો જ અવાજ છે કે કેમ તે ખરાઈ કરવા બંનેનો વોઈસ સ્પેક્ટોગ્રાફી ટેસ્ટ કરાવવા નક્કી કરેલું પરંતુ કોન્સ્ટેબલે લેખિતમાં આ ટેસ્ટ આપવાની અસહમતિ દર્શાવી હતી. સીડીમાં કોઈ ચેડાં થયા ના હોવાનું એફએસએલ રિપોર્ટમાં સ્પષ્ટ થયાં બાદ ગાંધીધામ એસી.બી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ લાલજીભાઈ શામળભાઈ ચૌધરીએ ફરિયાદ દાખલ કરી હતી.

લાંચની માગણી અંગે નવ વર્ષથી ચાલતી ગહન તપાસ બાદ ગાંધીધામ એસીબી પોલીસ મથકમાં લાંચની માગણીનો ગુનો દાખલ થયો છે. આરોપી હેડ કોન્સ્ટેબલ હાલ પંચમહાલ ગોધરા પોલીસ હેડ ક્વાર્ટરમાં તહેનાત હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભાવનગરમાં દર મહિને કેન્સરના ૧૦૦ નવા દર્દીઓ સરકારી હૉસ્પિટલમાં નોંધાય છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં સર. ટી.હૉસ્પિટલ કેમ્પસ કેન્સર હૉસ્પિટલ કાર્યરત છે. છેલ્લા પાંચ વર્ષમાં હૉસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૬ માસના આંકડા અનુસાર કેન્સર હૉસ્પિટલમાં ૬૬૦ નવા દર્દીઓ નોંધાયા છે. જ્યારે ૬ હજારથી વધારે રેગ્યુલર દર્દીઓએ સારવાર મેળવી છે. ઉપરાંત ૪૦૦થી વધારે કેન્સરની સર્જરી થઈ છે. સરકારી ઉપરાંત ખાનગી હૉસ્પિટલોમાં પણ કેન્સરના દર્દીઓ સતત વધી રહ્યા છે.

ભાવનગરમાં કેન્સરના દર્દીઓ માટે જુલાઈ-૨૦૨૧માં જીસીઆરઆઈ સંચાલિત બીસીસીઆરઆઈ કેન્સર હૉસ્પિટલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભાવનગર ઉપરાંત અમરેલી, ગીર સોમનાથ, બોટાદના કેન્સરના દર્દીઓને નજીકના સેન્ટરમાં સારવાર મળી રહે તે માટે શરૂ થયેલી કેન્સર હૉસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષમાં કેન્સરના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. કેન્સર હૉસ્પિટલમાં ચાલુ વર્ષે જાન્યુઆરીથી જૂન દરમિયાન કેન્સરના નવા ૬૬૦ દર્દીઓ મળી કુલ ૬૭૧૧ દર્દીઓઓ સારવાર મેળવી છે. વર્ષ-૨૦૨૪ના વર્ષ દરમિયાન કુલ ૯૩૩૧ કેન્સરના દર્દીઓએ સારવાર મેળવી હતી. જેની સરખામણીએ ચાલુ વર્ષના ૬ માસમાં જ ૬૭૧૧ દર્દીઓએ સારવાર મેળવી ચુક્યા છે ત્યારે ચાલુ વર્ષે કેન્સરના દર્દીઓનો આંકડો વધશે તેવી શક્યતા છે. ભાવનગરની કેન્સર હૉસ્પિટલમાં છેલ્લા ૬ માસમાં ૨૪૩ દર્દીઓને રેડિયોથેરાપી, ૧૨૦૦ દર્દીઓને કિમોથેરાપીની સારવાર આપવામાં આવી છે. ઉપરાંત હૉસ્પિટલમાં ૬૩ મેજર અને ૩૨૪ માઈનોર કેન્સર સર્જરી કરવામાં આવી છે. લોકોમાં કેન્સરનું વધી રહેલું પ્રમાણ ચિંતાજનક બાબત છે, આંકડાઓ પ્રમાણે ભાવનગરની કેન્સર હૉસ્પિટલમાં દર મહિને ૧૦૦ નવા દર્દીઓ સારવાર મેળવવા આવે છે. આ ઉપરાંત જુલાઈ માસની વાત કરવામાં આવે તે ૧૫ જુલાઈ સુધીની સ્થિતિએ કેન્સર હૉસ્પિટલમાં ૩૫ નવા દર્દી, ૫૫૬ દર્દીઓએ ફોલોઅપ માટે આવી સારવાર મેળવી છે. તેમજ ૧૫ દર્દીઓને રેડિયોથેરાપી તથા ૭૦ દર્દીઓને કિમોથેરાપીની સારવાર આપવામાં આવી છે. ■

# પુરાતન શહેર ધોળાવીરા પાસે વહેલી પરોઢે 3.0ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આગામી શ્રાવણી તહેવારોની ઉજવણી માટે રણપ્રદેશ કચ્છમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે એ વચ્ચે નવી ફોલ્ટલાઇનના સક્રિય થયા બાદ, સતત આ રણપ્રદેશની અશાંત ધરાને ધ્રુજાવી રહેલા ધરતીકંપના નાના-મોટા આંચકાઓની વણથંભી વણઝાર યથાવત્ રહેતી હોય તેમ પુરાતન શહેર ધોળાવીરા નજીક રવિવારની વહેલી પરોઢે ૩.૦ની તીવ્રતાના ડરામણા અવાજ સાથે આવેલા ધરતીકંપના આંચકાથી લોકોમાં ભયનું લખલખું પ્રસરી ઉઠ્યું હતું.

આ અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી વિભાગ પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર, રવિવારે પરોઢના બ્રહ્મમુહૂર્તનાં ૪ અને ૩૭ મિનિટના હડપ્પન નગરી ધોળાવીરાથી ૩૧ કિલોમીટર દૂર ઉત્તર-દક્ષિણ-ઉત્તર દિશામાં કેન્દ્રબિંદુ ધરાવતો આ ભૂકંપનો આંચકો ઉદ્ભવ્યો હતો.

આ ભૂકંપની અસર કેન્દ્રબિંદુ આસપાસના અમરાપર, ગણેશપુર, બાંભણકા, વેરસર, લોદ્રાણી,બાલાસર સહિતના ગામોમાં જણાઇ હતી. નોંધનીય છે કે,ધરતીકંપ માટે અતિ સંવેદનશીલ વિસ્તારમાં આવતા કચ્છમાં આફટરશોકનુ પ્રમાણ અચાનક વધ્યું છે, ખાસ કરીને વાગડ ફોલ્ટ લાઈન પર તેની સંખ્યા વિશેષ રહેવા પામી છે. કચ્છમાં અવિરત આવી રહેલા આંચકાઓને લઈને કચ્છ સહીત બૃહદ કચ્છમાં વસતા કચ્છી પરિવારો ભારે ચિંતામાં મુકાયા છે. ■

# નાડાપા ગામમાં ઘેટાં-બકરાના ધણને ચરાવતી વેળાએ પગ લપસતાં નદીમાં ખાબકેલા માલધારીનું ડૂબી જતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાલુકાના નાડાપા ગામ ખાતે ઘેટાં-બકરાનાં ધણને ચરાવતી વેળાએ વહેતી નદીમાં પગ લપસવાથી ડૂબી જતાં ૪૫ વર્ષીય બેચરાભાઈ લખમીરભાઈ રબારી નામના માલધારીનું મૃત્યુ નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. જયારે અંજારમાં બનેલા હિટ એન્ડ રનના બનાવમાં એક ૪૫ વર્ષીય અજ્ઞાત પુરુષનું મૃત્યુ થયું હતી, તો ગાંધીધામમાં અગાઉ પગથિયાં પરથી પડી જવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત નેપાલી ભાનુસિંહ ઠાકુર (ઉ.વ. ૫૮)નું હૉસ્પિટલના બિછાને મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, નાડાપા ગામના બેચરાભાઈ તેમના પુત્ર, મોટાભાઈ તથા ભત્રીજા સાથે ઘેટાં-બકરાનાં ધણને નદી આસપાસના વિસ્તારમાં ચરાવા માટે ગયા હતા. આ નદીની કોતરોમાં ઘેટાં-બકરાંને નવડાવી બેચરાભાઈ પોતાના હાથ-પગ ધોવા જતાં નદી કિનારે ચીકણી માટીમાં તેનો પગ લપસી જતાં તેઓ નદીનાં ઊંડાં પાણીમાં અકસ્માતે પડી ગયા હતા. બેચરાભાઈ પાણીમાં પડતા સાથે પરિજનો બેબાકળા બની ગયા હતા અને મદદ માટે ભુજની ફાયર ટુકડીને જાણકારી આપી હતી. ઘટનાસ્થળે દોડી ગયેલી ભુજ ફાયરની ટુકડીએ લગભગ દોઢેક કલાકની જહેમત બાદ વોટર રેસ્ક્યૂનાં સાધનોની મદદથી ડૂબેલા બેચરાભાઈનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ■

# તળાજા નજીક તળાજી નદી પરનો પુલ જર્જરિત, રાહદારીઓ-વાહનો માટે જોખમી બન્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: તળાજા નજીક ભાવનગર સોમનાથ નેશનલ હાઇવે સાથે તળાજાને અનેક ગામડાઓથી જોડતો તળાજી નદી પરનો પુલ પસાર થતા વાહનો માટે જોખમી બન્યો છે. પુલ નીચે નજર કરતા મોટા ગાબડાંઓ પડી રહ્યા છે. જે લોખંડ વાપરવામાં આવ્યું છે તે પણ કટાઈ ને બહાર આવી ગયું છે. તે પણ તૂટી ને નીચે પડી રહ્યું છે. તાજેતરમાં રાજ્યભરમાં નબળા પુલનો સર્વે ચાલી રહ્યો છે ત્યારે આ પુલનો સર્વેમાં સમાવેશ કરવામાં આવ્યો છે કે કેમ? તેવા સવાલો સામાન્ય લોકોમાં ઊઠી રહ્યાં છે.

આ પુલ પરથી વર્ષો સુધી મહારાજ સાહેબે શરૂ કરેલ બાપુગાડી 'રેલ' પણ ચાલી હતી. છતાંય આજે પણ અડીખમ છે. તેની સામે આઝાદી બાદ લગભગ ૨૫ વર્ષ પહેલાં ભાવનગર સોમનાથ નેશનલ હાઇવે સહિત અનેક ગામડાઓને જોડતો નવો પુલ બનાવવામાં આવ્યો હતો, જે હવે જર્જરિત થયો છે. અહીંથી પસાર થતા વાહનો માટે જોખમી બન્યો છે. પુલ નીચે નજર કરતા અહીંથી મોટા ગાબડાઓ પડી રહ્યા છે. લોખંડની ઝાળીઓ ચણતર સાથે તૂટી રહી છે. જેના કારણે લોકો પુલની મરામત થાય તેવી માંગ કરી રહ્યા છે. ■

# કેશોદમાં ૬૭ લાખના ખર્ચે નવનિર્મિત પશુ દવાખાનાનું ખાતમુહૂર્ત કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેશોદ પાલિકા વિસ્તારના વોર્ડ નં. ૮, રાજમહેલ ખાતે આવેલા તાલુકા મથકના અતિ જર્જરિત પશુ દવાખાનાનું નવ નિર્માણ થવા જઈ રહ્યું છે. ધારાસભ્ય દેવાભાઈ માલમના હસ્તે આ પશુ દવાખાનાના નવા બાંધકામ માટેના ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાંબા સમયથી આ પશુ દવાખાનાના નવા બાંધકામ માટે રજૂઆતો કરવામાં આવી રહી હતી. જે તે સમયે આ પશુ દવાખાનાના નિર્માણ માટે રૂપિયા ૬૭ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. જોકે, જગ્યા ફાળવવામાં વિલંબ થવાને કારણે બાંધકામની કામગીરી શરૂ થઈ શકી ન હતી. હવે જગ્યા ફાળવવામાં આવતા ધારાસભ્ય દેવાભાઈ માલમના હસ્તે વિધિવત રીતે બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ નવા પશુ દવાખાનાના નિર્માણથી પશુપાલકોની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે. પશુચિકિત્સક માટે યોગ્ય બેઠક વ્યવસ્થા, જરૂરી દવાઓ અને મેડિકલ સાધનસામગ્રી રાખવા માટેની સુવિધાઓ, તેમજ પશુપાલકો માટેની બેઠક વ્યવસ્થા જેવી આધુનિક સગવડો ઉપલબ્ધ બનશે. ■





મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજકોટ તાલુકાના કણકોટ ગામ નજીક અંદાજે રૂ. ૧૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારા 'સરદારધામ'નું શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિપૂજન કરાયું હતું. (તસવીર- પ્રવિણ સેદાણી)

# ભાવનગરમાં સગીર વાહનચાલકોના વાલીઓ સામે પોલીસ કાનૂની કાર્યવાહી કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની શાળા અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીઓ પોતાની પાસે લર્નિંગ લાઇસન્સ પણ ન હોય તેમ છતાં મોપેડ, સ્કૂટર કે બાઈક લઈને શાળા અથવા કોલેજે આવતા હોય છે. જે મોટર વ્હિકલ એક્ટ મુજબ ગુનો બને છે.

ભાવનગરમાં શાળામાં અભ્યાસ કરતા સગીર વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીઓ વગર લાયસન્સે મોપેડ, સ્કૂટર કે બાઈક લઈને અવરજવર કરતા હોવાનું ધ્યાન પર આવ્યું છે. જેથી તેઓના વાલીઓને આ ગંભીર ગુના બાબતની સમજ આપવી અન્યથા વાહન ચેકિંગ દરમિયાન શાળા કે કોલેજમાં અભ્યાસ કરતા સગીર વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓના વગર લાઇસન્સ ટુ-વ્હિલરના વાહન સાથે પકડાશે તો મોટર વ્હિકલ એક્ટ મુજબ સગીર બાળકના વાલી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ પણ તાકીદ કરવામાં આવી છે.

આ ખૂબ જ ગંભીર બાબત છે આથી ભાવનગરની શાળા અને કોલેજમાં મેનેજમેન્ટ વતી વિદ્યાર્થીઓના વાલીઓને જરૂરી સૂચનાઓ આપવા માટે શાળાઓમાં વર્ગોમાં વોટસએપ ગ્રૂપ કાર્યરત હોય છે જેથી વાલીઓના વોટસએપ ગ્રૂપમાં આ પરિપત્રની પ્રસિદ્ધિ કરવા ખાસ સૂચના ભાવનગર ટ્રાફિક શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર કે. એસ. પટેલે આપી હતી.આ પરિપત્ર મુજબ શાળા અને કોલેજોમાં યોગ્ય કાર્યવાહી કરવા જણાવી તેમજ શાળામાં અભ્યાસ કરતા સગીર વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીઓને મોપેડ, સ્કૂટર કે બાઈક લઈને અવરજવર કરતા હોવાનું ધ્યાન પર આવતા આ તાકીદ કરાઇ છે. ■

# ચોટીલામાં ગેરકાયદેસર ખનન સામે મોટી કાર્યવાહી કરી રૂ. ૩૫ લાખના વાહનો જપ્ત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ચોટીલાના નાયબ કલેક્ટર અને તેમની ટીમે ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી હતી. ચોટીલા-થાનગઢ રોડ પર આવેલા જામવાળી ગામ નજીક અગાઉથી થયેલા ગેરકાયદેસર સેન્ડ સ્ટોનના ખોદકામને ભરવાની કામગીરી દરમિયાન એક લોડર અને એક ડમ્પર જપ્ત કરવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા વાહનોમાં એક લોડર અને ડમ્પર સામેલ છે, જેમની કુલ અંદાજિત કિંમત રૂપિયા ૩૫ લાખ આંકવામાં આવી છે. આ બંને વાહનોને મામલતદાર કચેરી, ચોટીલા ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં વાહનોના માલિક, જેમાભાઈ ભોપાભાઈ જેજરિયા (રહે. અભેપર), સામે ''ધ ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઇલિગલ માઇનિંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ, ૨૦૧૭ અંતર્ગત નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ■

# કચ્છના સીમાડાઓમાં હિંસક દીપડાઓની સતત વધતી જતી હાજરીથી માલધારીઓ ભયભીત



(તસવીર-ઉત્સવ વૈદ્ય, ભૂજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં આ વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ નોંધપાત્ર વરસાદ થતાં સીમાડાઓએ જાણે લીલી ચાદર ઓઢી હોય તેમ હરિયાળી છવાઈ જતા માલધારીઓ તેમના પશુધનને ઘાસચારો ચરાવા માટે નિર્જન સીમાડાઓમાં જઈ રહ્યા છે અને આક્રમક શિકારી પશુના હુમલા થવાની ઘટનાઓ પણ સતત વધી રહી છે. નખત્રાણા તાલુકાના વ્યાર અને જાડાઈના સીમ વિસ્તારમાં આવી ચડેલા ચારથી પાંચ જેટલા દીપડાઓની હાજરીથી માલધારીઓ ભયમાં મુકાયા છે અને આ ખૂનખાર દીપડાઓ લગભગ દરરોજ તેમના મહામુલા પશુઓનું મારણ કરી રહ્યા હોવાનું માલધારીઓ જણાવ્યું હતું.

આ હિંસક જાનવરનું ઝુંડ તાજેતરમાં માનવ વસ્તી વચ્ચે આવેલા એક માલધારીના વાડામાં ત્રાટક્યું હતું અને એક વાછરડી અને બકરાનો શિકાર કર્યો હતો. આ અંગે ગામના સરપંચ ભીમજી જાડેજા અને અન્ય અગ્રણીઓએ નખત્રાણા પ્રાંત અધિકારી તેમજ વન વિભાગને લેખિત રજૂઆત કરી હતી. અગાઉ પણ આ બાબતે નખત્રાણા વન વિભાગને રજૂઆત કરવામાં આવી હોવા છતાં પણ હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. વન વિભાગ દ્વારા વહેલી તકે દિપડાનું રેસ્ક્યૂ કરી પાંજરે પુરવામાં આવે તેવી માગ ઉઠી છે. ■

# ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ બોર્ડના આર્થિક સહયોગથી ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૦૦ દર્દીઓની આરોગ્ય તપાસ કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં નાની વયે હાર્ટ અને કિડનીના વધતી ફરિયાદો ઉપરાંત તમાકુ અને અયોગ્ય નશામાં ફસાતા યુવકોની સ્થિતિને લક્ષમાં રાખી શિશુવિહાર સંસ્થા તથા સિદ્ધિ વિનાયક મેડિકલ સેન્ટરના ઉપક્રમે ૨૪૦૦ દર્દીઓની સ્થળ તપાસ યોજવામાં આવશે.

ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ બોર્ડ (જેટકો) ના આર્થિક સહયોગથી યોજાતા બિનચેપી રોગોના નિદાન અને સારવાર તેમજ અટકાવ માટેના ૨૪ કેમ્પ દ્વારા ૧૨૦૦ દર્દીઓને ભાવનગર લાવી તેમની હાર્ટ કિડની તેમજ જરૂરિયાત મુજબ જાડા, પેશાબ અને લોહી તપાસ બાદ જરૂરી પ્રાથમિક સારવાર આપવામાં આવશે. ભાવનગરના જાણીતા ફિઝિશિયન ડો. રાજીવ ઓઝા તેમજ સહજાનંદ કોલેજ ઓફ નર્સિંગની મદદથી યોજાનાર શિબિરનો પ્રારંભ માલણકા ગામથી થશે. ખોટી જીવનશૈલી અને વ્યસનના કારણે યુવાન વયે જોવા મળતા હૃદય રોગ અને હાઈબ્લડપ્રેશર, સુગર, મોઢાનું કેન્સર, થાઈરોઈડના પૂર્વ નિદાન અને સારવાર માટેનો પ્રથમ શિબિર તારીખ ૫ ઓગસ્ટ ૨૦૨૫ ને મંગળવારે ડો. મુકેશભાઈ બારૈયા તેમજ ભરતભાઈ બાંભણિયાની સ્થાનિક વ્યવસ્થામાં અવળકંધી મા ધામ, ( માલણકા ) ની જગ્યામાં સવારે ૯:૦૦ થી ૧:૦૦ યોજાશે. ■

# નિવૃત્ત ડીવાયએસપી સુખદેવસિંહ ઝાલાનું નિધન, અંતિમ ઈચ્છા મુજબ દેહદાન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પોલીસના એક બાહોશ અધિકારી કે જેના નામથી અપરાધીઓમાં ફફડાટ વ્યાપેલો રહેતો અને બાદમાં સાધુ જીવન ગાળનારા ગુજરાત પોલીસના નિવૃત્ત ડીવાયએસપી સુખદેવસિંહ ઝાલાનું નિધન થયું હતું. પોલીસ વિભાગના એક બાહોશ અધિકારીના નિધનથી પોલીસ બેડામાં શોકની લાગણી વ્યાપી હતી. તેમની અંતિમ ઈચ્છા અનુસાર તેમનું દેહદાન કર્યા બાદ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

મળતી વિગતો અનુસાર સૌરાષ્ટ્રના એક એવા પોલીસ અધિકારી કે જેની કહાની કોઈ કોઈ બોલિવૂડ ફિલ્મ જેવી લાગે. ગુજરાત પોલીસ વિભાગના એક એવા અધિકારી કે જેના નામથી અપરાધીઓમાં ફફડાટ વ્યાપેલો રહેતો તેવા બાહોશ અધિકારી હતા સુખદેવસિંહ ઝાલા. પોલીસ વિભાગમાં તેમની છાપ પ્રમાણિક અને કર્તવ્ય અધિકારીની હતી અને તેમને પોતાના મૃત્યુ બાદ દેહદાન કરવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. ફરજ નિવૃતી બાદ તેઓ ગાયત્રી માતાજીની ઉપાસના અને તેમના વતન સુરેન્દ્રનગર જિલ્લાના ઝમર ખાતે અસંખ્ય વૃક્ષનો ઉછેર કરવાની લોક ઉપયોગી પ્રવૃત્તિ પોતાનો જીવન મંત્ર બનાવ્યો હતો.

તેમની છાપ એક નીડર અધિકારીની હતી, તેમના અનેક કિસ્સાઓ આપણી સામે છે. જ્યારે તેમની ફરજ ખંભાળિયામાં હતી. આ દરમિયાન તેમને એવું એલાન કર્યું હતું કે જેમની પાસે પરવાના વગરનું હથિયાર હોય તેમને ૨૪ કલાકમાં પોલીસ કચેરીએ જમા કરાવવું નહીતર બાદમાં મળી આવશે તો કાર્યવાહી કરવામાં આવશે. તેમના એલાન બાદ આખા તાલુકામાંથી એક જ દિવસમાં ૭૦૦ જેટલા હથિયારોનો ઢગલો થઇ પડ્યો હતો. દાણચોરી માટે કુખ્યાત પોરબંદર અને જામ ખંભાળિયા પંથકમાં પણ તેમની બદલીથી ફફડાટ ફેલાય જતો હતો. ■